નવેમ્બર–ડિસેમ્બર, ૨૦૧૯/પૃષ્ઠ ૫૨/કિંમત ₹ ૧૦

# લોકરાજ્ય



એક જ
ધ્યેય
મહારાષ્ટ્ર
ધર્મ



## પહાવા વિઠ્ઠલ

મુખ્ય પ્રધાનપદના શપથ લીધા બાદ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેને શુભેચ્છા આવતું વારકરી દંપત્તી

# અનુક્રમ





## આ એ ઘડી... ૬

અનેક ઐતિહાસિક ક્ષણોના સાક્ષીદાર બનનાર શિવાજી પાર્ક મેદાનના ઈતિહાસમાં ૨૮ નવેમ્બરની સાંજનું એક વિશેષ સાંજ તરીકે ગૌરવ થશે. સ્વ. બાળાસાહેબ ઠાકરે અને શ્રી. ઉદ્ધવ ઠાકરેની સભાઓમા આ મેદાનમાં જનસાગર ઉમટતો. ૨૮ નવેમ્બરે આ મેદાનમાં શ્રી ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાનપદના શપથ લીધા ત્યારે આખું મેદાન રોમાંચિત થઈ ગયું હતું અને ત્યાં ઉપસ્થિત દરેકના ચહેરા પર આનંદના ભાવ હતા.

## જ્ઞાનસુર્ય ૩૬

વિશ્વમાં અમુક મહાન હસ્તીઓનો પુસ્તકપ્રેમ પ્રસિદ્ધ છે. પુસ્તકો માટે સર્વસ્વ બલિદાન કરવા તૈયાર થનારા સિસરો હતા. 'છેલ્લી ઘડીએ કબાટમાંથી પુસ્તકોનો વિયોગ થશે' એટલે વોલ્ટર સ્કોટ ધ્રુસકે ધ્રુસકે રડયાહતા. એજ પરંપરામાં 'પુસ્તકોને લીધે જીવનને અર્થ મળે છે.' એમ ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકર પણ કહેતા.

## લોકનાયક ૧૦

સામાજિક કામના માધ્યમથી શિવસેનાને ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળે એવું ઉદ્ધવ ઠાકરેએ જ કર્યું. એટલે શિવસેનાના પ્રમુખ જેમ લોકમાન્ય બન્યા તેમ ઉદ્ધવ ઠાકરે પણ પોતાના કામથી વિશ્વવિક્રમી લોકનાયક બન્યા છે.

## નવા મહારાષ્ટ્રનો રોડમેપ ૧૭


મહારાષ્ટ્રના ગતિશીલ વિકાસ અને સમૃદ્ધી માટે લઘુત્તમ સમાન કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. આ લઘુત્તમ સમાન કાર્યક્રમ મહારાષ્ટ્રને નવી ઊંચાઈ પર લઈ જવા સક્ષમ એવો રોડમેપ બનવાનો છે.

## આપણા લોકપ્રતિનિધિ ૧૮

મહારાષ્ટ્ર વિધાનસભા-૨૦૧૯ની ચૂંટણીમાં ૨૮૮ વિધાનસભા મતદારસંઘમાં વિજયી ઉમેદવારોનો ટૂંકમાં પરિચય.

## સતનામ ૪૯

ગુરુ નાનકનો ઉલ્લેખ શીખ બાંધવ એકદમ આદરથી શ્રી ગુરુનાનક દેવજી એમકરે છે. ગુરુ નાનકજીને સમજવાનો પ્રયાસ વિદ્વાન અને ઇતિહાસકારો સતત કરતા આવ્યા છે. ગુરુ નાનકનો માર્ગ સીધો પરમેશ્વરના મિલનનો માર્ગ છે. ગુરુ નાનકની ૫૫૦મી જન્મ જયંતી અવસરે આ વિશેષ લેખ.




| | |
|---|---|
| જ્ઞાનસુર્ય | ૩૬ |
| નિષ્ણાંત | ૩૯ |
| બાબાસાહેબનાં અસ્થિસ્થળો | ૪૨ |
| મૂકનાયકની શતાબ્દી | ૪૬ |
| સતનામ | ૪૯ |

વર્ષ-૩ | અંક-૪ | નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૯

માહિતી અને જનસંપર્ક
મહાસંચાલનાલય મહારાષ્ટ્ર સરકાર

# લોકરાજ્ય

**સંપાદન**

- મુખ્ય સંપાદક — બ્રિજેશ સિંહ
- સંપાદક મંડળ — અજય અંબેકર, સુરેશ વાંદિલે
- સંપાદક — અનિલ આલૂરકર
- સહ સંપાદક — મનીષા પિંગળે
- ઉપ સંપાદક — ગજાનન પાટીલ, રાજારામ દેવકર

**વિતરણ અને ડિઝાઈન**

- વિતરણ — મંગેશ વરકડ, અશ્વિની પૂજારી
- સહાય — ભારતી વાઘ
- મુખપૃષ્ઠ — સીમા રનાળકર, સુશીમ કાંબળે
- મુદ્રક — વૃષાલી પ્રિન્ટર્સ, જ્યોતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નૂરીબાબા દરગાહ રોડ, થાણે (પ.) 400601

**ગુલ બુટે ટીમ**

સંપાદક — ફારુક સય્યદ
સહાયક સંપાદક — રમેશ કુમાર મિશ્ર

**સરનામું**

માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય,
ન્યુ ઍડ્મિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગ, ૧૭મા માળે, મંત્રાલયની
સામે, હુતાત્મા રાજગુરુ ચોક, મુંબઈ - ૪૦૦૦૩૨.
email:lokrajya.dgipr@maharashtra.gov.in

**લવાજમ અને ફરિયાદ**

લવાજમદાર અને ફરિયાદ નિવારણઃ ૯૩૭૨૨૩૦૩૨૦
(સવારે ૧૦.૩૦થી ૫.૩૦ ઑફિસ ટાઇમ દરમિયાન)

www.twitter.com/MahaDGIPR
www.facebook.com/dgipr
Youtube/MaharashtraDGIPR
Visit us on ww.mahanews.gov.in
Blog/maharashtradgpr

Please visit the website
http://dgipr.maharashtra.gov.in
Directorate General of Information and
Public Relations A Government of
Maharashtra Production.

આ અંકમાં વ્યક્ત કરવામાં આવેલા મત સાથે સરકાર સહમત હોય એવું નથી.




# જનતાનો એક પણ પૈસો વેડફાશે નહીંઃ મુખ્યપ્રધાન

લોકોએ સરકાર પર રાખેલો વિશ્વાસ સાર્થ કરવા માટે અને મહારાષ્ટ્રને દેશમાં અગ્રેસર બનાવવા માટે વિકાસના કામો કરતી વખતે જનતાનો એકેય પૈસો વેડફાય નહી એ તરફ પ્રશાસનમાનાં વરિષ્ઠ ધિકારીઓએ ચિવટથી ધ્યાન આપવાનું જરૂરી છે એવું પ્રતિપાદન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કર્યું.

મુખ્ય પ્રધાનનો પદભાર સ્વીકાર્યા બાદ પ્રશાસનમાના વરિષ્ઠ અધિકારીઓ સાથે તેઓ સંવાદ કરતી વખતે ઉક્ત વાત તેમણે કહી.

મુખ્યપ્રધાન શ્રી. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, ''જનતાએ ચૂકવેલા કરમાંથી વિકાસકામોમાટે ભંડોળ પ્રાપ્ત થાય છે. આ ભંડોળનો યોગ્ય પ્રકારે વિનિયોગ કરીને વિકાસને ગતિ આપવી આવશ્યક છે. સેવા ભાવનાથી કામ કરીએ તો જનતાનો વિશ્વાસ સંપાદન કરી શકાશે. 'આ સરકાર આપણી છે' એવી વિશ્વાસની ભાવના જનતાના મનમાં નિર્માણ કરવી એ દરેકની જવાબદારી છે.

જનતાએ વિશ્વાસથી મુખ્ય પ્રધાન પદની જવાબદારી સોંપી છે. રાજ્યને મુંબઈમાં જન્મેલા પ્રથમ મુખ્ય પ્રધાન મળ્યા હોઈ, મુંબઈની સાથે રાજ્યને દેશમાં અગ્રેસર કરવાનું સ્વપ્ન રાખીને આગળની કામગીરી કરવાની છે. વિકાસ કામો માટે ભંડોળ આપતા કરદાતાની આવકમાં વધારો થાય એ પણ ધ્યાનમાં રાખવું મહત્વનું છે. સાથે જ ખેડૂત અને મહેનત કરનારાઓના જીવનમાં આનંદની પળ લાવવા માટે વિકાસ કામોનો પ્રાથમિકતાનો ક્રમ નક્કી કરવો.

જનસેવા માટે પારદર્શક અને સ્વચ્છ કારભાર પર અધિકારીઓએ ધ્યાન આપવું. સરકાર અને વહીવટ વિશે જનતાના મનમાં પોતાનાપણું અને આદરની ભાવના નિર્માણ કરવી એ અત્યંત મહત્વનું છે. સર્વાંગી વિકાસ સાધતીવેળા કામોની ગતિ અને દિશાનું પણ તેટલું જ મહત્વ છે. એજ દ્રષ્ટિએ પ્રશાસનના વરિષ્ઠ અધિકારીઓની જવાબદારી ઘણી મહત્વની છે. અધિકારી પોતાની જવાબદારીનું સક્ષમરીતે પાલન કરશે અને પ્રગતિના લક્ષ્યાંકોને હાંસલ કરશે તો સરકાર યશસ્વી બનશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો.

# સંયમિત અને સમર્થ



**એકનાથ શિંદે**
મા. પ્રધાન

શ્રી ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેએ ગુરુવાર ૨૮ નવેમ્બર ૨૦૧૯ના રોજ શિવાજીપાર્ક ખાતે શિવતીર્થ મહારાષ્ટ્રના ૨૯માં મુખ્ય પ્રધાન તરીકે ત્યાં ઊમટેલા જનસાગર સમક્ષ શપથ લીધા અને મહારાષ્ટ્રમાં નવા પર્વનો પ્રારંભ થયો.

આપણું મહારાષ્ટ્ર દેશનું એક સમર્થ અને સપન્ન એવું રાજ્ય છે. આ રાજ્યને એક નવી ઊંચાઈ પર લઈ જવા માટે મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરેના સમર્થ અને સંયમિત નેતૃત્વ નીચે મહારાષ્ટ્ર સજ્જ થયું છે.

મહારાષ્ટ્ર અત્યારે અનેક સમસ્યાથી ઘેરાયું છે. ખાસ કરીને અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદને લીધે ખેડૂતોને મોટાપાયે નુકસાન થયું છે. આ ખેડૂતોને સરખી અને મોટાપાયે મદદ કરવાનો નિર્ણય મુખ્ય પ્રધાને તેમની પહેલી જ પ્રધાનમંડળની બેઠકમાં લીધો. છત્રપતિ શિવાજી મહારાજની સ્વરાજ્યની રાજધાની રાયગઢના સંવર્ધન માટે ૨૦ કરોડ રુપિયા મંજૂર કરી તેમણે છત્રપતિ શિવાજી મહારાજને માનપૂર્વક સલામી આપી છે.



આ સરકાર આપણી પોતાની છે એવું સામાન્ય લોકોને લાગવું જોઈએ. એને અનુલક્ષીને તેમના હિતના અને તેમને લગતા નિર્ણય લેવામાં આવે એવા નિર્દેશ શ્રી. ઠાકરેએ પ્રશાસનને આપ્યા છે.લોકોના પૈસાનો ઉપયોગ એકદમ ચિવટાઈથી થવો જોઈએ એવું પણ તેમણે સ્પષ્ટ કર્યું.

શ્રી ઠાકરેના રુપમાં મહારાષ્ટ્રને સંયમી, પણ ધીર, મૃદુ પણ નિશ્ચયી અને પ્રેમાળ કર્તવ્યનિષ્ઠ નેતૃત્વ મળ્યું છે. આ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ શિવછત્રપતિના મહારાષ્ટ્ર નવા તેજથી ઝળહળવા લાગ્યું છે એમાં શંકા નથી.

૬ ડિસેમ્બર. ૨૦૧૯ના રોજ મહામાનવ ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરનો મહાપરિનિર્વાણ દિવસ છે.

ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરનો સમાવેશ વિશ્વના સર્વશ્રેષ્ઠ વિચારશીલ અને સામાજિક ક્રાંતિ ઘડનારા મુખ્ય નેતાઓમાં થાય છે. બાબાસાહેબે સમાજના ઉપેક્ષિતોને કેવળ જીવવાની શક્તિ જ આપી નહિ, પરંતુ તેમને આત્મભાન મેળવી આપ્યું. આ આત્મભાનથી ઉપેક્ષિત-વંચિતોને આત્મવિશ્વાસ પ્રાપ્ત થયો. જીવવા માટે નવી આશા, નવી આશા પ્રાપ્ત થઇ. બાબાસાહેબે ઘડેલી સામાજિક ક્રાંતિ અદ્વિતીય અને અદભુત એવી છે. આ ક્રાંતિ માટે તેમને અથાગ પરિશ્રમ કરવો પડ્યો. ઉપેક્ષિતોનું જીવન તેમના ફાળે આવ્યું હતું, પરંતુ આ પરિસ્થિતિ પર વિજય પ્રાપ્ત કરવાની અદમ્ય ઈચ્છાશક્તિ તેમની પાસે હતી. એ માટે તેમણે સંપૂર્ણ ઉપેક્ષિત-વંચિત સમાજના સર્વાંગી ઉત્થાનનો હિમાલય ઊંચકવાનો નિર્ધાર અને નિશ્ચય કર્યો. પોતાની પ્રકાંડ બુદ્ધિમત્તા અને દૂરદ્રષ્ટિનો સમન્વય સાંધીને તેમણે સંપૂર્ણ ભારતમાં સામાજિક ક્રાંતિનો નવો અધ્યાય લખ્યો.

બાબાસાહેબે અત્યંત વિકટ પરિસ્તિથીમાં શરૂઆતનું અને પછીનું વિદેશમાં ડોક્ટરોલ સ્તરનું શિક્ષણ ઉચ્ચ શ્રેણી સાથે પૂર્ણ કર્યું. આ શિક્ષણ પછીપણ તેમનો જ્ઞાનયજ્ઞ અખંડ ચાલુ રહ્યો. અર્થકારણ, સમાજકાર્ય, કામગાર, કાયદા, જલસંધારણ, ધર્મશાસ્ત્ર, સંરક્ષણ જેવા અનેક વિષયમાં તેઓ નિપુણ હતા. આ વિષયો પરના સેકડો પુસ્તકો તેમના સંગ્રહ હતા. તેમનો પુસ્તક-પ્રેમ અવર્ણીય છે. પોતાના ઘેર સ્વતંત્ર કક્ષ તૈયાર કરીને આ પુસ્તકોનું જતન તેમણે મમતાથી કર્યું.

ભારતનું બંધારણ તૈયાર કરતી વખતે તેમણે પોતાના દેશની એકતા, અખંડતા, એકાત્મતા, ધર્મનિરપેક્ષતા બાબતોમાટે કરેલું વિવેચન અને વિવરણએ અનુષંગથી અંતર્ભૂત કરેલી બાબતો અત્યંન્ત મહત્વની અને શાશ્વત છે.એથી ભારતના બંધારણનું વિશ્વના સર્વશ્રેષ્ઠ બંધારણો પૈકી એક છે. આ બંધારણે આજે ભારત વિશ્વના સર્વોત્કૃષ્ઠ લોકશાહી વ્યવસ્થાનું આદર્શ ઉદાહરણ છે. આ બંધારણનું સર્વસામાન્ય લોકોને આપેલા અધિકારનું પ્રદર્શન અવારનવાર મતપેટીથી થાય છે.

બાબાસાહેબે પોતાના સમાજની દેરક વર્ગની મહિલાપર વર્ષોથી થતા અન્યાય દૂર કરવા માટે બંધારણના માધ્યમથી કરેલા પ્રયાસ દૂરગામી ઠર્યા છે. ભારતીય મહિલાની અસ્મિતા, ન્યાય અને દરજ્જો મેળવી આપનારા બાબાસાહેબનું કાર્ય અજોડ એવું છે.

બાબાસાહેબનું ૬ ડિસેમ્બરના રોજ મહાપરિનિર્વાણ થયું. પરંતુ તેમના કાર્ય, તેમના વિચારો, તેમણે આપેલી દિશા, પ્રેરણા, ઉર્જા, આત્મસન્માનનો હુંકાર એ ચિરંતન રહેશે. આ મહામાનવના મહાપરિનિર્વાણ દિન નિમિતે લોકરાજ્ય પરિવાર તરફે તેમને કૃતજ્ઞતાપૂર્વક અભિવાદન!

મહાપરિનિર્વાણ દિન નિમિતે અમે લોકરાજ્યમાં બાબાસાહેબના વ્યક્તિત્વના જુદા જુદા પાસાઓંપર આધારિત અમુક લેખોનો સમાવેશ કર્યો છે.

આ અંક તમને ગમશે, એવી આશા છે.

**એકનાથ શિંદે**
(અતિથિ સંપાદક)

# अशीच अेती घडी वेळ...





**અનેક ઐતિહાસિક ક્ષણોના સાક્ષીદાર બનનાર શિવાજી પાર્ક મેદાનના ઈતિહાસમાં ૨૮ નવેમ્બરની સાંજનું એક વિશેષ સાંજ તરીકે ગૌરવ થશે. સ્વ. બાળાસાહેબ ઠાકરે અને શ્રી. ઉદ્ધવ ઠાકરેની સભાઓમા આ મેદાનમાં જનસાગર ઉમટતો. ૨૮ નવેમ્બરે આ મેદાનમાં શ્રી ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાનપદના શપથ લીધા ત્યારે આખું મેદાન રોમાંચિત થઈ ગયું હતું અને ત્યાં ઉપસ્થિત દરેકના ચહેરા પર આનંદના ભાવ હતા.**

સાંજે ૬.૪૦નો સમય થયો હતો. આ ક્ષણની સવારથી રાહ જાવાતી હતી એ એ ક્ષણ આવી ગઈ હતી. મહરાષ્ટ્રના રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશિયારીએ હું શબ્દો ઉચ્ચાર કર્યો કે શિવાજી પાર્ક મેદાનમાં હાજર લાખો લોકોની નજર શ્રી. ઉદ્ધવ ઠાકરે પર સ્થિર થઈ...

છત્રપતિ શિવાજી મહારાજને વંદન કરી અને માતા-પિતાનું સ્મરણ કરીને હું, ઉદ્ધવ બાળાસહેબ ઠાકરે ઈશ્વરની સાક્ષીએ શપથ લઉં છું કે...એટલું તે બોલ્યા કે શિવાજી પાર્કમાં આનંદનું વાતાવરણ છવાઈ ગયું. મહારાષ્ટ્રને ૨૯માં મુખ્ય પ્રધાન મળ્યા અને સન્મુખ ઉપસ્થિત જનતા જે ક્ષણ માટે આવી હતી એ ક્ષણ આવતાની સાથે તેમના ચહેરા ખીલી ઉઠ્યા હતા.

અનેક ઐતિહાસિક ક્ષણોના સાક્ષીદાર બનનાર શિવાજી પાર્ક મેદાનના ઈતિહાસમાં ૨૮ નવેમ્બરની સાંજનું એક વિશેષ સાંજ તરીકે ગૌરવ થશે. સ્વ. બાળાસાહેબ ઠોકરે અને શ્રી. ઉદ્ધવ ઠાકરેની સભાઓમા આ મેદાનમાં જનસાગર ઉમટતો. ૨૮ નવેમ્બરે આ મેદાનમાં શ્રી ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાનપદના શપથ લીધા ત્યારે આખું મેદાન રોમાંચિત થઈ ગયું હતું અને ત્યા ઉપસ્થિત દરેકના ચહેરા પર આનંદના ભાવ હતો. રાજ્યનાં ખુણે-ખાંચરેથી આવેલા ખેડૂતો, શ્રમિકો, યુવકોના ચહેરા પર આપણો નેતા હવે રાજ્યનો પ્રમુખ બન્યો છે એવા અભિમાન અને ગૌરવની ભાવના ચમકતી હતી..

શપથવિધિ સમારોહ સાંજે છે એની બધાને ખબર હતી તો પણ સવારથી મેદાનમાં લોકો ઉમટી પડ્યા હતા. આ સમારોહના સાક્ષીદાર બનવા માટે રાજ્યના ખુણે-ખાંચરોથી લોકો જે મળે એ વાહનમાં અહીં આવ્યા હતા. અમુકની તો રાત્રે ઉંઘ પણ થઈ નહોતી તો પણ તેમના ચહેરા અને આંખમાં ચમક હતી. આ શપથ સમારોહનું વિશેષ મહત્વ એ હતું કે રાજ્યના અલગ અલગ વર્ગના લોકો અહીં આવ્યા હતા. ખેડૂતો, કામગાર, શ્રમિકો, યુવકો, મહિલાઓની સાથે સાથે હિન્દી-મરાઠી



**મુખ્ય પ્રધાનપદના શપથ લેતા શ્રી ઉદ્ધવ ઠાકરે.**

માધ્યમથી મેદાનમાંનું વાતાવરણ વધુ ઉત્સાહિત અને પ્રફુલ્લિત બન્યું હતું. વાતાવરણ જલ્લોષનું નિર્માણ કરાતું હતું. પ્રતિક્ષા, ઉત્સુક્તા, તાણ અને ભાર જેવા અનેક ભાવ અહી લોકોના ચહેરા પર દેખાતા હતા.

રાજ્યના રાજકારણમાં છેલ્લાં પાંચ દશકામાં પોતાની અલગ છાપ ઉપસાવનાર શ્રી ઠાકરે પરિવારનો પહેલો જ સભ્ય આજે રાજ્યના પ્રમુખ તરીકે શપથ લેવાનો છે એ વિશે પ્રચાર માધ્યમોમાં પણ ભારે ઉત્સુક્તા હતી. રાજ્યની મોટાભગની મરાઠી ટીવી ચેનલોમેદાનમાંથી જીવંત પ્રસારણ કરતી હતી. અંગ્રેજી માધ્યમોના પ્રતિનિધિઓ અલગ અલગ અહેવાલની વિગતો ભેગી કરવામાં વ્યસ્ત હતા. મહારાષ્ટ્રની નવી સરકારના શપથવિધિ સમારોહના વૃતાંત માટે મલ્યાલમ, તમિળ, તેલુગુ, કન્નડ વગેરે વિવિધ ભારતીય ભાષાઓના પ્રતિનિધિઓ પણ હાજર હતા. ખાસ તો એ કે આંતરરાષ્ટ્રીય સ્તર પર કાર્યરત સંવાદદાતાઓમાં પણ ઉત્સુક્તા હતી. વિવિધ સ્તર પર અગ્રક્રમે રહેલા મહારાષ્ટ્ર રાજ્યનું પ્રમુખપદ એક સંયમી અને વિચારોમાં દૃઢ હોય એવા નેતાના હાથમાં જઈ રહ્યું છે એ બાબતની ઉત્સુક્તાની બધામાં દેખાતી હતી. ૬.૩૬ વાગ્યે શ્રી ઉદ્ધવ ઠાકરેનું મંચ પર આગમન થયું. કેસરી રંગનો કુર્તો, ચહેરા પર આત્મવિશ્વાસ અને આંખમાં સામે ઉપસ્થિત જનતા માટે આદર અને આભારનો ભાવ હતો. મુખ્ય પ્રધાનપદની શપથ લીધા બાદ સન્મુખ ઉપસ્થિત લોકોનું નમન કરી આ રાજ્ય તમારું છે, તમારા માટે જ ચલાવવામાં આવશે એવો એક કૃતજ્ઞસંદેશ આપ્યો. છત્રપતિ શિવાજી મહારાજના જનકલ્યાણના વિચારો પ્રમાણે જ આ સરકાર ચાલશે એ તેમણે શપથવિધિ પહેલાં જ સ્પષ્ટ કરીને લોકોને આશ્વાસન આપેલું.

શ્રી. ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાનપદના અને ગોપનિયતાના શપથ લીધા એ બાદ સર્વશ્રી એકનાથ શિંદે, સુભાષ દેસાઈ, જયંત પાટિલ, છગન ભુજબળ, બાળાસાહેબ થોરાત અને નીતિન રાઉતે શપથ લીધા. આ શપથ સમારોહમાં દેશ-વિદેશના દિગ્ગજ નેતાઓ પણ ઉપસ્થિત હતા.

**પ્રવીણ કુલકર્ણી**

ફિલ્મ-નાટક જગતનાં કલાકારો હાજર હતા. સાંગલી, કોલ્હાપુર, સાતારા જિલ્લામાંથી વારકરી પણ મોટા પ્રમાણમાં આવ્યા હતા.

શપથવિધિ સાંજે હતો તો પણ શિવાજી પાર્ક મેદાનમાં સવારથી જ ધીરે ધીરે ભીડ ઉમટવાની શરૂઆત થઈ ગઈ હતી. રાજ્યના જ નહી, પણ દેશભરના અનેક અખબારોના પ્રતિનિધિઓ મેદાનમાંની દરેક ક્ષણનો અહેવાલ ટપકાવવામાં વ્યસ્ત હતા. મેદાનમાં હજારો ખુરસીઓ ગોઠવવામાં આવી હતી. ફુલોથી પણ સજાવટ કરાઈ હતી. શપથ સમારોહમાં પ્રત્યક્ષ કોણ કોણ આવશે એનો પણ લોકોને ઈંતજાર હતો. મંચ પરથી નંદેશ ઉમપનો કાર્યક્રમ ચાલું હતો. પોવાડા અને સમરગીતોનાં

# આપણા મુખ્ય પ્રધાન

મહારાષ્ટ્રના ૨૯માં મુખ્ય પ્રધાન તરીકે શપથ લેનાર શ્રી ઉદ્ધવ ઠાકરે શિવસેનાના પક્ષ પ્રમુખ પણ છે. છેલ્લાં અને દશકથી મરાઠી માણૂસ, ખેડૂતો, કામદારોના કલ્યાણ માટે કાર્યરત શ્રી ઠાકરેને તેમના પિતા અને શિવસેનાના સંસ્થાપક સ્વ. બાળાસાહેબ ઠાકરે, માતા સ્વ. મીનાતાઈ અને દાદા પ્રબોધનકાર કેશવ સીતારામ ઠાકરેનો સમૃદ્ધ વારસો મળ્યો છે.

શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેએ શરુ કરેલા અને શિવસેનાનુ મુખપત્ર દૈનિક સામનાની ધુરા શ્રી ઠાકરેએ મુખ્ય સંપાદક તરીકે સંભાળી.

૨૭ જુલાઈ ૧૯૬૦ના રોજ મુંબઈમાં જન્મેલા શ્રી. ઉદ્ધવ ઠાકરે જેજે સ્કુલ ઓફ આર્ટસના સ્નાતક છે. તેમણે ફોટોગ્રાફીના અનેક પુસ્તકો પ્રકાશિત કર્યા છે. એક સિદ્ધહસ્ત લેખક અને વ્યવસાયિક ફોટોગ્રાફર શ્રી ઠાકરેના કામની નોંધ અનેક જાણીતા મેગેઝીનોએ અવારનવાર લીધી છે. એ ઉપરાંત તેઓ વૈશ્વિક સ્તરના ફોટોગ્રાફર છે અને એનો પરિટય લોકોને વિવિધ પ્રદર્શન મારફત થયો છે.

## રાજકીય કારકીર્દી

શ્રી. ઉદ્ધવ ઠાકરેના રાજકીય જીવનની શરુઆત વિદ્યાર્થી કાળથી થઈ હતી. શિવસેનાના માધ્યમથી અને સામાજિક અને રાજકીય જીવનમાં સક્રિય રહેલા શ્રી ઠાકરેને ૨૦૦૨માં મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણીની જવાબદારી સોંપાઈ અને મહાપાલિકામાં શિવસેનાની સત્તા સ્થાપી તેમણે એ જવાબદારી યશસ્વીપણે નિભાવી. આ ચૂંટણીમાં તેમનામાનો રાજકીય નેતૃત્વ ગુણ આખા રાજ્યએ અનુભવ્યો. ૨૦૦૩માં પક્ષે તેમને કાર્યધ્યક્ષની જવાબદારી આપી અને ૨૦૦૪માં તેમને શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેએ તેમને પોતાના ઉત્તરાધિકારી તરીકે ઘોષિત કર્યા.

## વ્યક્તિગત જીવન

શ્રી. ઉદ્ધવ ઠાકરેના લગ્ન સૌ. રશ્મી સાથે થયા છે અને તેમને આદિત્ય અને તેજસ એમ બે દીકરા છે. શ્રી આદિત્ય ઠાકરે દાદાજી અને પિતાના રાજકારણના વારસાને આગળ ધપાવી રહ્યા છે. તેઓ અત્યારે યુવા સેનાપ્રમુખ છે તથા વરલી મતદારસંઘમાંથી ચૂંટાઈ આવ્યા છે.

## કલાત્મક પાસા

મહારાષ્ટ્રના ભૌગોલિક, સાસ્કૃતિક, ઐતિહાસિક અને અલૌકિક સૌંદર્ય વારસાને કેમેરામા કેદ કર્યું છે. એ ઉપરાંત વિહંગ ફોટોગ્રાફી કરી છે. આ બધી તસવારોનું તેમનું પુસ્તક મહારાષ્ટ્ર દેશા ૨૦૧૦માં પ્રકાશિત થયું. મહારાષ્ટ્રના સમૃદ્ધ સાસ્કૃતિક વારસાનું માપદંડ ગણાતી પંઢરપુરની વારી અને ગ્રામિણ મહારાષ્ટ્રની ફોટોગ્રાફી વિશેનું તેમનું પુસ્તક પહાવા વિઠ્ઠલ ૨૦૧૧માં પ્રકાશિત થયું. આ પુસ્તકે દેશને જ નહી પણ વિશ્વને મંત્રમુગ્ધ કર્યું. પોતે ખેંચેલી તસવીરોના માધ્યમથી દુકાળગ્રસ્ત વિસ્તારના ખેડૂતો અને વન્યજીવ સંરક્ષણ માટે નિધિ ઊભું કરી તેમણે મદદ કરી.

## યોગદાન

શિવસેનાના કાર્યધ્યક્ષપદની જવાબદારી સ્વીકાર્યા બાદા શિવસેનાને વધુ સર્વસમાવેશક બનીવી અને અધુનિક્તા સાથે પક્ષને પણ જોડી દીધો. યુવક, કામદાર અને ખેડૂતોના પ્રશ્નોને હલ થાય એ માટે તેમણે રાજ્યભરમાં ચલાવેલા વિવિધ આંદોલનને યશ મળ્યો.

- ૮૦ ટકા સમાજકારણ અને ૨૦ ચકા રાજકારણના ધોરણ પ્રમાણે કામ કરવાના શિવસેનાના સમાજકારણની નોંધ ગિનિઝ બુકે પણ લીધી છે.
- શ્રી. ઠાકરેના નેતૃત્વ હેઠળ શિવસેનાએ મલેરિયા ટેસ્ટ અને ઉપચાર કેન્દ્રો શરુ કર્યા અને જરુરતમંદોને ઔષધ પણ આપી.
- મુંબઈમાં આરોગ્ય સુવિધામાં સુધારણા કરવાની દષ્ટિએ અનેક હોસ્પટલોનું નિર્માણ કર્યું.
- વિવિધ રક્તદાન મહાશિબિરના માધ્યમથી નાવિન્યપૂર્ણ સમાજકાર્યની શરુઆત.
- ૨૦૦૨ની મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પ્રચાર પ્રમુખની જવાબદારી અને વિજયના શિલ્પકાર.મહારાષ્ટ્રમાં પક્ષનો વિસ્તાર કરવાથી લોકસભા, વિધાનસભા ચૂંટણીમાં શિવસેનાને યશ.
- છેલ્લાં પાંચ વર્ષથી રાજ્ય અને કેન્દ્રમાની સરકારમાં શિવસેના પ્રમુખ મિત્રપક્ષ તરીકે સહભાગી.
- રાજ્યમાં વિવિધ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં પક્ષને જબરદસ્ત યશ.

■■

# લોકનાયક




મુખ્ય પ્રધાનની શપથ લીધાં બાદ જનસમુદાયને અભિવાદન કરતાં શ્રી ઉદ્ધવ ઠાકરે.

**સામાજિક કામના માધ્યમથી શિવસેનાને ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળે એવું ઉદ્ધવ ઠાકરેએ જ કર્યું. એટલે શિવસેનાના પ્રમુખ જેમ લોકમાન્ય બન્યા તેમ ઉદ્ધવ ઠાકરે પણ પોતાના કામથી વિશ્વ વિક્રમી લોકનાયક બન્યા છે.**




**હર્ષલ પ્રધાન**

**શિવસેના** પક્ષપ્રમુખ ઉદ્ધવ ઠાકરે વિશે પક્ષ બહાર અનેક મતમતાંતર છે.શિવસેનાપ્રમુખનો વારસો તેઓ પ્રભાવી રીતે ચલાવી શકશે કે એવો પણ સવાલ આ પૂર્વે અનેકવાર ઉપસ્થિત કરાયો છે. બાળાસાહેબનો આક્રમક સ્વભાવ, આક્રમક ભાષણ કરી વિરોધીઓને ચિત્ત કરવાની શૈલી, આ ગુણો ઉદ્ધવ ઠાકરે પાસે નથી એમ માનનારો એક વર્ગ છે. પોતે ઉદ્ધવ ઠાકરે પણ શિવસેનાપ્રમુખ જેવું ભાષણ પોતે કરી શકતા નથી એ માન્ય કરે છે. બાળાસાહેબ જેવું વ્યક્તિત્વ સો વર્ષોમાં એકાદ વાર જન્મે છે તેથી તેમના જેવું બીજું કોઈ હોઈ ન શકે, એવું સ્પષ્ટ રીતે તેઓ કહે છે. તો પછી ઉદ્ધવ ઠાકરેમાં એવું શું વિશેષ છે કે સર્વ સામાન્ય શિવસૈનિક તેમને પોતાનો નેતા માને છે.

શિવસેનાપ્રમુખ જેવો કરિશ્મા ન હોવા છતાં તેમના પર બધાનો વિશ્વાસ કેમ છે, સૌમ્ય વ્યક્તિત્વ હોવા છતાં તેમના માટે શિવસેનામાં આદરયુક્ત ડર કેમ નિર્માણ થયો છે એવા અનેક સવાલોના જવાબો આમ તો ઘણા સહેલાં છે.

## નક્કર ભૂમિકા

સૌમ્ય હોવા છતાં તે પોતાની ભૂમિકા પર વળગેલા હોય છે. દીધેલાં વેણનું પાલન કરે છે. નેતાનો ઓઝલો ઓઢી ન રાખતાં તથા બડાઈ ન મારતા તેઓ



**મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે, પત્ની રશ્મી ઠાકરે અને દીકરા વિધાનસભ્ય આદિત્ય અને તેજસ ઠાકરે.**

કાર્યકર્તાઓ અને પદાધિકારીઓ સાથે સીધો સંવાદ સાધે છે.વિશેષ એટલે કે જુઠ્ઠાણું અને ચમચાગિરીની તેમને ચીઢ છે. ઉદ્ધવ ઠાકરે જનસામાન્યના કાર્યો કરવાને પ્રાધાન્ય આપે છે. સત્તા એ કેવળ સાધ્ય ન હોઈ લોકોના કામો કરવાનું સાધન છે એવો ઉદ્ધવનો મત છે. તેથી જ બાળાસાહેબની તાલીમ હેઠળ તૈયાર થયેલાં શિવસૈનિકોને તેઓ પોતાના લાગે છે. રાજકારણ કરતાં સમાજકારણમાં રચ્યુંપચ્યું રહેનારું એમનું વ્યક્તિત્વ છે.

મુંબઈ મહાપાલિકાની સત્તા તેમના નેતૃત્વ હેઠળ મળ્યા બાદ મુંબઈના વરસાદી ખાડાઓ ચર્ચાનો વિષય બન્યા ત્યારે તેઓ જાતે ખાડા બુઝાવવાના કાર્યમાં સક્રિય થયા. પીવાના પાણીનો પ્રશ્ન હોય કે,મુંબઈના આરોગ્યની સમસ્યા હોય તે હલ કરવા માટે તમામ પ્રયત્નો કરવાની તેમની તૈયારી હોય છે. હાલના વરસાદમાં રસ્તાઓ પર ખાડા પડી ગયા, ત્યારે રાત્રે ત્રણ વાગ્યા સુધી ખાડાઓ પૂરવાના કામ પર તેમણે જાતે ધ્યાન આપ્યું. મલેરિયાની સમસ્યા ઉદભવતાં જ પાલિકા પ્રશાસનની બેઠકો લિધી. જાતે દરેક હોસ્પિટલોમાં જઈ ઉપચાર વ્યવસ્થા ચકાસી. શિવસેના વતી મલેરિયા તપાસણી અને ઉપચાર કેન્દ્રો શરુ કર્યા. શિવસેનાવતી ૩૦ લાખ રુપિયાની દવાઓ વિતરીત કરી. ખાસ કરીને મુંબઈની આરોગ્યની સેવાઓ મજબૂત કરવા માટેની યોજના બનાવી. તેમાંથી આગામી સમયમાં બોરીવલી ખાતે ભગવતી, કાંદિવલી ખાતે શતાબ્દી, વિલેપાર્લે ખાતે કૂપર તેમ જ જોગેશ્વરીમાં હોસ્પટલો ઉભી થઈ છે અથવા થશે. આ હોસ્પિટલો ઊપનગરના ૬૩ લાખ લોકો માટે કાળની જરુરત છે.

## સામાજિક કાર્યો માટે દૃઢનિષ્ઠા

લોકો માટે અને વિકાસ અર્થે સત્તાનું સપનું જોનારા અને તેને પ્રત્યક્ષમાં ઉતારનારા શિવસેનાપ્રમુખ ઉદ્ધવ ઠાકરેનું નેતૃત્વ અલગથલગ કહી શકાય. ૨૫ એપ્રિલ ૨૦૧૦ના એનએસઈ સંકુલમાં રક્તદાનનો મહાયજ્ઞ આયોજિત કરનારા ઉદ્ધવ ઠાકરેએ એક અલોકીક સામાજિક કાર્યનું શિવધનુષ ઉચક્યું અને જોતજોતામાં આ મહાયજ્ઞની નોંધ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં થઈ. શિવસેનાપ્રમુખ ઉદ્ધવ ઠાકરે પાસે પ્રખર સામાજિક સાયુજ્ય હોવાથી અશક્ય લાગતું આ વિશ્વવિક્રમી સમાજ કાર્ય સહજ બની રહ્યું.શિવસેનાપ્રમુખ ઉદ્ધવ ઠાકરેની સામાજિક કામો વિશેની દૃઢનિષ્ઠા અને વિચારોની બેઠક હોવાથી રક્તદાનનો મહાયજ્ઞ થઇ શક્યો.

આજના રાજકીય પ્રવાસમાં પ્રસારમાધ્યમોની મદદથી સહેલાઇથી મોટા થઇ શકાતા હોઈને પણ તે ઝડપી મોટા થવાનો માર્ગ ઉદ્ધવે આજ સુધીની રાજકીય માર્ગક્રમણામાં હાથ ધર્યો નહી. ઠાકરે કુટુંબીઓનું પરંપરાગત સામાજિક કાર્ય અને શિવસેનાપ્રમુખના સામાજિક બંધુત્વનો વારસો લઇ રાજકારણમાં પ્રવેશેલા ઉદ્ધવ ઠાકરેએ કાર્યો દ્વારા લોકોને જીતવાનો માર્ગ સ્વીકાર્યો છે. આ માર્ગ સહેલો નથી. અત્યંત અઘરો માર્ગ હોઈ આ માર્ગ પર શ્રેયને બદલે ટીકાઓનોભોગ વધુ વખત બનવું પડે છે. શિવસેનાના કામકાજમાં ધ્યાન આપવાની ઉદ્ધવ ઠાકરેએ જયારે શરુઆત કરી ત્યારની પરિસ્થિતીને ધ્યાનમાં લઇ પાયાથી પક્ષની બાંધણી કરવાની શરુઆત કરી. ગ્રુપ નેતાઓની નિમણુંક કરવામાં તેમણે જાતે ધ્યાન આપ્યું. આગળ ઊપશાખા પ્રમુખ, શાખા પ્રમુખ પદોની નિયુક્તિઓ શરુ થઇ ત્યારે પ્રસ્થાપિતોને તેમનાં વિભાગો હાથ ન લાગે એની કાળજી લેવાની શરુઆત કરી.

પીઢ રાજકારણી પ્રમાણે ઉદ્ધવ સંગઠનની બાંધણી પર ધ્યાન આપતા હતા.નગરસેવકથી લઈને વિધાનસભ્યની ઉમેદવારી પક્ષ તરફથી જ એટલે કે શાખા પ્રમુખથી વિભાગ પ્રમુખના માધ્યમ દ્વારા જ નક્કી થાય એવી ભૂમિકા લીધી,સંગઠન અને પદાધિકારીઓને મહત્વ આપ્યું. યુતિ સરકારના રાજમાં ઉદ્ધવે ઘણીખરીસંગઠનની બાંધણી પૂર્ણ કરી.શિવસેનાપ્રમુખ અને શિવસૈનિક મોટો છે એવું એમણે પોતાના કામ થકી બતાવી આપ્યું.


## મહારાષ્ટ્ર પીંજી નાખ્યું

ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળ મુંબઈ-થાણા મહાપાલિકાની ચુંટણીમાં વિજય મળ્યો અને તેમનાં નેતૃત્વ પર મહોર લાગી. કોઈની પણ ટીકાને પ્રત્યુત્તર ન આપતા ઉદ્ધવે પક્ષ બાંધણી પર અને રાજયની જનતાના પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરી કામ ચાલુ રાખ્યું. ચુંટણી નિમિત્તે ઉદ્ધવ આખું મહારાષ્ટ્ર ફરી વળ્યા. ખેડૂતોની આત્મહત્યાથી લઈને ગ્રામીણ ભાગોના અનેક વિષયો તેમણે હાથ ધર્યા. ખેડૂતોને મદદ કરવા માટે પોતે પાડેલાં ફોટોઓનું પ્રદર્શન ભરી તેના વેચાણમાંથી લગભગ ૧૦ લાખ રુપિયાની રકમ ખેડૂતો માટે આપી અને એક અલગ સંવેદનશીલ રાજકારણી હોવાનું બતાવી આપ્યું.

ઉદ્ધવ ઠાકરે આજે શિવસૈનિકોના ગળાનું માદલિયું અને મહારાષ્ટ્રના સર્વસામાન્યના લોકનાયક થયા એ એમના સંવેદનશિલ સ્વભાવને કારણે અને ધોરણાત્મક સંયમી રાજકીય પગલાંઓને કારણે !!!



# પહેલો નિર્ણય છત્રપતીના રાયગઢ માટે...



## રાયગઢની જાળવણી માટે ૨૦ કરોડ

મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાન પદનો પદભાર સ્વીકાર કર્યા બાદ જે નિર્ણય લીધો તે રાયગઢ સંવર્ધન અને પરિસર વિકાસ માટે ૨૦ કરોડ નિધી વિતરણનો.રાયગઢના સંવર્ધન માટે ૬૦૬ કરોડ રુપિયાનો વિકાસનોપ્લાન તૈયાર છે.આ પ્લાન માટે નિધી ઉપલબ્ધ કરી આપવાના નિર્ણયમાં ઢીલ થતી હતી. શ્રી.ઠાકરેએ રાયગઢ કિલ્લાનાવિકાસકાર્યોની યાદી મંગાવી.તેમેણે વિશેષ બાબત તરીકે નિધી વિતરણના પ્રસ્તાવને માન્યતા આપી તે બાબતે યાદી પર પહેલી સહી કરી.છત્રપતી શિવાજી મહારાજના ગઢ કિલ્લાઓ રાજ્યના સમૃધ્ધ વારસા હોઈ તેમની જતન કરવું અને આગામી પેઢીને પ્રેરણા આપી સંવર્ધન કરવું આવશ્યક હોઈ રાજ્ય સરકાર તે માટે તમામ પ્રકારનું સહકાર્ય કરશે એમ મુખ્ય પ્રધાનશ્રી.ઉદ્ધવ ઠાકરેએ કહ્યું.

## આરે કારશેડના કામને સ્થગિતી; સમીક્ષા બાદ આગળનો નિર્ણય

રાજ્યના માળખાકીય વિકાસ માટે વિશેષ ધ્યાન આપવામાં આવશે. તે સાથે જ પર્યાવરણ રક્ષણ તરફ પણ ધ્યાન આપવામાં આવશે. રાજ્ય સરકારનો કોઈ પણ વિકાસ કામ સામે વિરોધ નથી.પરંતુ વૈભવ ગુમાવી કોઈ પણ કાર્યો થશે નહી. મુંબઈ મેટ્રો પ્રકલ્પનું કામ ઝડપથી કરતાં પ્રકૃતીને હાની ન થાય એ તરફ વિશેષ ધ્યાન આપવામાં આવશે.તેથી જ આરે મેટ્રો કારશેડના કામને સ્થગિતી આપી હોઈ આ કાર્યનું પૂર્ણ અવલોકન કરી લીધા બાદ અગામી નિર્ણય લેવામાં આવશે એવીસ્પષ્ટતા મુખ્ય પ્રધાનઉદ્ધવ ઠાકરેએ મંત્રાલયમાં પત્રકારો સાથે સંવાદ સાધતા કરી.

આ આપણી બધાની સરકાર છે.જનતાના પૈસે વિવિધ યોજનાઓ પર ખર્ચ કરવામાં આવે છે.તેથી યોજનાઓ પર ખર્ચ કરતી વખતે આ કરદાતાનો પૈસા વેડફાય નહી એ તરફ ધ્યાન આપવાની સુચના સચિવોને આપવામાં આવી છે.આરે મેટ્રો કારશેડના કામને સ્થગિતી આપી છે. એ કામનું અવલોકન કરવામાં આવશે. અગામી નિર્ણય લેવા સુધી ત્યાં વૃક્ષછેદનને સ્થગિતી આપવામાં આવી છે. હું મુંબઈમાં જન્મેલો પહેલો મુખ્ય પ્રધાન હોઈ મુંબઈ માટે શું કરી શકાય એનો વિચાર શરુ છે. પણ તે સાથે જ રાજ્યના અન્ય શહેરો માટે કઈ બાબતો કરવાની છે તેનો વિચાર પણ કરું છું. ખેડૂતો માટે પણ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવશે.

# આપણા નવા પ્રધાનો

## શ્રી એકનાથ સંભાજી શિંદે

**જન્મ** : ૬ માર્ચ, ૧૯૬૪

**જન્મસ્થળ** : દરેગાંવ તાલુકો જાવળી, જિલ્લો સાતારા.

**શિક્ષણ** : એચ. એસ. સી.

**આવડતી ભાષા** : મરાઠી, હિન્દી અને અંગ્રેજી.

**લગ્ન સંબંધી માહિતી** : પત્ની શ્રીમતી લતા

**બાળકો** : ૧ દીકરો

**વ્યવસાય** : ઉદ્યોગ/સામાજીક કાર્ય

**પક્ષ** : શિવસેના

**મતદારસંઘ** : ૧૪૭-કોપરી-પાંચપાખાડી, જિલ્લો-થાણા

**અન્ય માહિતી** : સંપૂર્ણ થાણા શહેર અને જિલ્લામાં સામાજીક કાર્યનો ફેલાવો; થાણા શહેરમાં ઓપન આર્ટ ગેલેરી, સચિન તેંડુલકર મીની સ્ટેડિયમ, ઈન્ટરસીટી સુવિધા, બાળાસાહેબ ઠાકરેનું સ્મારક, શહીદ હેમંત કરકરે ક્રીડા સંકુલ, જોગિંગ પાર્ક, સેન્ટ્રલ લાઈબ્રેરી શરૂ કરી, આદિવાસી વિસ્તાર મોખાડા,



તલાસરી અને જવાહર ખાતે આશ્રમશાળામાં અને આરોગ્ય તપાસણી શિબિરનું આયોજન કરીને બિમારોમાટે વિના મૂલ્ય દવાની વહેંચણી; પાલઘર, બોઈસર અને સફાળે વિસ્તારમાં શિવસેના તરફે એસ.એસ.સી. વિદ્યાર્થીઓ માટે વ્યાખાનમાળાનું આયોજન; ગરીબ વિદ્યાર્થીઓને શાળા ઉપયોગી સામગ્રીનું વિતરણ; પૂરગ્રસ્તોને જીવનાવશ્યક વસ્તુનું વિતરણ; વૃક્ષારોપણ, આરોગ્ય તપાસણી શિબિરનું આયોજન; અધ્યક્ષ, થાણા જીલ્લા બેડમિન્ટન એસોસિએશન; ઉપાધ્યક્ષ, મહારાષ્ટ્ર રાજ્ય એથ્લેટીક્સ સંગઠન; પૂરગ્રસ્તોને મદદ, થાણા શહેરના સર્વાંગી વિકાસ માટે અને આધુનિકીકરણ માટે વિશેષ યોગદાન; શિવસેના શાખા પ્રમુખ, વાગળે ઈસ્ટેટ, કિસનનગર નં.૨, શિવસેના થાણા જિલ્લા પ્રમુખ; પક્ષના દરેક આંદોલનમાં સક્રીય સહભાગ, બે વાર નગરસેવક, ત્રણ વર્ષ સ્થાયી સમિતિના સભ્ય, ચાર વર્ષ સભાગૃહના નેતા, થાણા મહાનગરપાલિકા૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; ૧૨ નવેમ્બર ૨૦૧૪થી ૫ ડિસેમ્બર ૨૦૧૪ વિરોધી પક્ષ નેતા, મહારાષ્ટ્ર વિધાનસભા ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા ડિસેમ્બર, ૨૦૧૪થી ઑક્ટોબર ૨૦૧૯ સાર્વજનિક બાંધકામ (સાર્વજનિક ઉપક્રમ) ખાતાના પ્રધાન, ઑક્ટોબર, ૨૦૧૯માં વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

(સંદર્ભ: ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યના સંક્ષિપ્ત જીવન પરિચય)

## શ્રી સુભાષ રાજારામ દેસાઈ

**જન્મ** : ૧૬ ફેબ્રુવારી ૧૯૬૨

**જન્મસ્થળ** : સાંગલી

**શિક્ષણ** : બી.ઈ.(સિવિલ)

**આવડતી ભાષા** : મરાઠી, હિન્દી અને અંગ્રેજી

**લગ્ન સંબંધી માહિતી** : પત્ની શ્રીમતી શૈલજા

**બાળકો** : બે દીકરા

**વ્યવસાય** : ખેતી

**પક્ષ** : રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ

**મતદારસંઘ** : ૨૮૩-ઇસ્લામપુર, જીલ્લો-સાંગલી

**અન્ય માહિતી** : અધ્યક્ષ, રાજારામબાપુ સહકારી સાકર કારખાના લિ; ઉપાધ્યક્ષ, મહારાષ્ટ્ર પ્રદેશ યુવક કોંગ્રેસ; અધ્યક્ષ, કાંસેગાંવ શિક્ષણ સંસ્થા; અધ્યક્ષ, ડેક્કન સુગર ટેક્નોલૉજિસ્ટ એસોસિએશન; અધ્યક્ષ, મહારાષ્ટ્ર રાજ્ય સાકર કારખાના સંઘ; સંચાલક, વસંતદાદા સુગર ઈન્સ્ટિટ્યૂટ, પુણે; સભાસદ,



અખિલ ભારતીય સાકર સંઘ, સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બૅન્ક, સહકારી બંકો, પતપેઢીઓ, સહકારી સુતર મિલો, સહકારી ગ્રાહક ભંડાર, ખેતીપદવીધર સંઘ; મરઘાંપાલન સહકારી સોસાયટી વગેરે સંસ્થાની સ્થાપના કરીને સામાન્ય જનતાની જીવન શૈલી ઉંચી લાવવા માટે અને તે ભાગોના સર્વાંગી વિકાસ કરવામાટે અથાગ પરિશ્રમ લીધા; સભાસદ, કારોબારી મંડળ, શિવાજી વિદ્યાપીઠ, સાંગલી જિલ્લા વ્યસનમુક્તિ સમિતિ અને રાજારામ બાપુ જ્ઞાન પ્રબોધિની; કાઉન્સિલ મેમ્બર, એન્જીનીયરીંગ એન્ડ પોલિટેક્નિક કૉલેજ, રાજારામ નગર; મેં ૧૯૯૯થી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષનું કાર્ય; ૧૯૯૦-૯૫, ૧૯૯૫-૯૯, ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભાસદ, મહારાષ્ટ્ર વિધાનસભા નવેમ્બર ૧૯૯૯થી ડિસેમ્બર ૨૦૦૮ નાણાં અને નિયોજન ખાતાના પ્રધાન; ૧૯૯૯ પહેલા રાજ્યની આર્થિક બાબત યોગ્ય માર્ગે લાવવા નાણાં પ્રધાન તરીકે પ્રદીર્ઘકાળ યોગદાન આપ્યું; ડિસેમ્બર ૨૦૦૮માં થોડા સમય માટે ગૃહ ખાતાનો કાર્યભાર; નવેમ્બર ૨૦૦૯થી ઑક્ટોબર ૨૦૧૪ ગ્રામવિકાસ ખાતાના પ્રધાન; પ્રદેશાધ્યક્ષ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ; ઓક્ટોબર ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

(સંદર્ભ: ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય)

## શ્રી. જયંત રાજારામ પાટીલ

**જન્મ** : ૧૬ ફેબ્રુઆરી, ૧૯૬૨

**જન્મસ્થળ** : સાંગલી

**શિક્ષણ** : બી.ઈ. (સિવિલ)

**આવડતી ભાષા** : મરાઠી, હિન્દી અને અંગ્રેજી

**લગ્ન સંબંધી માહિતી** : પત્ની શ્રીમતી શૈલજા

**બાળકો** : બે દીકરા

**વ્યવસાય** : ખેતી

**પક્ષ** : રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ

**મતદારસંઘ** : ૨૮૩-ઇસ્લામપુર, જીલ્લો-સાંગલી

**અન્ય માહિતી** : અધ્યક્ષ, રાજારામબાપુ સહકારી સાકર કારખાના લિ; ઉપાધ્યક્ષ, મહારાષ્ટ્ર પ્રદેશ યુવક કોંગ્રેસ; અધ્યક્ષ, કાંસેગાંવ શિક્ષણ સંસ્થા; અધ્યક્ષ, ડેક્કન સુગર ટેક્નોલૉજિસ્ટ એસોસિએશન; અધ્યક્ષ, મહારાષ્ટ્ર રાજ્ય સાકર કારખાના સંઘ; સંચાલક, વસંતદાદા સુગર



ઇન્સ્ટિટ્યૂટ, પુણે; સભાસદ, અખિલ ભારતીય સાકર સંઘ, સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બૅન્ક, સહકારી બૅન્કો, પતપેઢીઓ, સહકારી સુતર મિલો, સહકારી ગ્રાહક ભંડાર, ખેતી પદવીધર સંઘ; મરઘાંપાલન સહકારી સોસાયટી વગેરે સંસ્થાની સ્થાપના કરીને સામાન્ય જનતાની જીવન શૈલી ઊંચી લાવવા માટે અને તે ભાગોના સર્વાંગી વિકાસ કરવામાટે અથાગ પરિશ્રમ લીધા; સભાસદ, કારોબારી મંડળ, શિવાજી વિદ્યાપીઠ, સાંગલી જિલ્લા વ્યસનમુક્તિ સમિતિ અને રાજારામ બાપુ જ્ઞાન પ્રબોધિની; કાઉન્સિલ મેમ્બર, એન્જિનીયરિંગ એન્ડ પોલિટેક્નિક કૉલેજ, રાજારામ નગર; મેં ૧૯૯૯થી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષનું કાર્ય; ૧૯૯૦-૯૫, ૧૯૯૫-૯૯, ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભાસદ, મહારાષ્ટ્ર વિધાનસભા નવેમ્બર ૧૯૯૯થી ડિસેમ્બર ૨૦૦૮ નાણાં અને નિયોજન ખાતાના પ્રધાન; ૧૯૯૯ પહેલા રાજ્યની આર્થિક બાબત યોગ્ય માર્ગે લાવવા નાણાં પ્રધાન તરીકે પ્રદીર્ઘકાળ યોગદાન આપ્યું; ડિસેમ્બર ૨૦૦૮માં થોડા સમય માટે ગૃહ ખાતાનો કાર્યભાર; નવેમ્બર, ૨૦૦૯થી ઑક્ટોબર, ૨૦૧૪ ગ્રામવિકાસ ખાતાના પ્રધાન; પ્રદેશાધ્યક્ષ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ; ઓક્ટોબર ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

(સંદર્ભઃ ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય)

## શ્રી. છગન ચંદ્રકાન્ત ભુજબળ

**જન્મ** : ૧૫ ઑક્ટોબર, ૧૯૪૭

**જન્મસ્થળ** : નાસિક

**શિક્ષણ** : એલ.એમ.ઈ.(આઈ)

**આવડતી ભાષા** : મરાઠી, હિન્દી અને અંગ્રેજી

**લગ્ન સંબંધી માહિતી** : પત્ની શ્રીમતી મીના

**બાળકો** : ૧ દીકરો

**વ્યવસાય** : ખેતી

**પક્ષ** : રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ

**મતદારસંઘ** : ૧૧૯-યેવલા, જિલ્લો-નાસિક

**અન્ય માહિતી** : સંસ્થાપક અધ્યક્ષ, મુંબઈ એજ્યુકેશન ટ્રસ્ટ, બાંદ્રા, મુંબઈ, માજી ટ્રસ્ટી, વી.જે.ટી.આઈ. સંસ્થા, મુંબઈ; સંસ્થાપક, મહાત્મા ફૂલે સમતા પરિષદ, આ સંસ્થા મારફત ઉપેક્ષિત દલિત, પછાતવર્ગને ન્યાય મેળવી આપવાના પ્રયત્ન તેમ જ મહાત્મા ફૂલે ડૉ. બાબાસાહેબ આંબેડકર, શાહુ



મહારાજના વિચારો અને આદર્શોનો પ્રચાર અને પ્રસાર; માજી ટ્રસ્ટી, મુંબઈ પોર્ટ ટ્રસ્ટ, ૧૯૮૫ દેવત અને ૧૯૯૦ 'નવરા બાઈકો' નામની મરાઠી ફિલ્મોનું નિર્માણ; ૧૯૭૩ સભાસદ, ૧૯૭૩- ૮૪ વિરોધી પક્ષનેતા, ૧૯૮૫ અને ૧૯૯૧ મેયર, મુંબઈ મહાનગરપાલિકાઃ ૧૯૯૧ અધ્યક્ષ, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઑફ મેયર્સ; ૧૯૯૧ સુધી શિવસેનામાં, ૧૯૯૧ પછી કોંગ્રેસ પક્ષમાં કાર્યરત, જૂન, ૧૯૯૯થી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના કાર્ય સંસ્થાપક સભાસદ અને જૂન, ૧૯૯૯થી નવેમ્બર, ૧૯૯૯ મહારાષ્ટ્રના પ્રથમ ઉપાધ્યક્ષ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષઃ ૧૯૮૫-૯૦, ૧૯૯૦-૯૫, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૧૯ સભાસદ, મહારાષ્ટ્ર વિધાનપરિષદ; ડિસેમ્બર, ૧૯૯૧થી માર્ચ ૧૯૯૩ મહેસૂલ ખાતાંના પ્રધાન; માર્ચ, ૧૯૯૩થી માર્ચ, ૧૯૯૫ ગૃહનિર્માણ, ગલિચ વસ્તી સુધાર, ઘર દુરુસ્તી અને પુર્નબાંધણી ખાતાના પ્રધાન; ૧૯૯૬-૧૯૯૯ વિરોધી પક્ષ નેતા, મહારાષ્ટ્ર વિધાનપરિષદ; ઑક્ટોબર, ૧૯૯૯થી જાન્યુઆરી, ૨૦૦૩ મહારાષ્ટ્ર રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને ગૃહ અને પર્યટન પ્રધાન, જાન્યુઆરી, ૨૦૦૩થી ડિસેમ્બર ૨૦૦૩ નાયબ મુખ્ય પ્રધાન અને ગૃહ પ્રધાન; નવેમ્બર, ૨૦૦૪થી ઑક્ટોબર, ૨૦૦૯ જાહેર બાંધકામ (જાહેર ઉપક્રમ છોડીને) ખાતાના પ્રધાનઃ નવેમ્બર ૨૦૦૯થી નવેમ્બર ૨૦૧૦ બીજીવાર નાયબ મુખ્યપ્રધાન અને જાહેર બાંધકામ (જાહેર બાંધકામ છોડીને) ખાતાના પ્રધાન; નવેમ્બર ૨૦૧૦થી સપ્ટેમ્બર ૨૦૧૪ જાહેર બાંધકામ (જાહેર ઉપક્રમ છોડીને) પ્રધાન; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

(સંદર્ભઃ ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભાસદના સંક્ષિપ્ત પરિચય)

## શ્રી. વિજય ઉર્ફે બાળાસાહેબ થોરાત

**જન્મ** : ૭ ફેબ્રુઆરી, ૧૯૫૩

**જન્મસ્થળ** : જોર્વે તાલુકા : સંગમનેર, જીલ્લો : અહમદનગર

**શિક્ષણ** : બી.એ.એલ.એલ. બી.

**આવડતી ભાષા** : મરાઠી, હિન્દી અને અંગ્રેજી

**લગ્ન સંબંધી માહિતી** : પત્ની શ્રીમતી કાંચન

**બાળકો** : એક દીકરો અને ત્રણ દીકરી

**વ્યવસાય** : ખેતી

**પક્ષ** : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ)

**મતદારસંઘ** : ૨૧૭ - સંગમનેર, જીલ્લો અહમદનગર

**અન્ય માહિતી** : વિદ્યાર્થી જીવનમાં પુના ખાતે ફર્ગ્યુસન અને લો કોલેજમાં હતા ત્યારે પાણી પંચાયત ચળવળમાં સહભાગ; ૧૯૮૦ બીડી કામગાર અને ખેડૂતના પ્રશ્નોના આંદોલનમાં સક્રિય સહભાગ-નવ દિવસ કારાવાસ, ડો. બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા વિદ્યાપીઠ નામાંતર ચળવળમાં સક્રિય સહભાગ;



સંગમનેર તાલુકાના શૈક્ષણિક વિકાસમાં સહભાગ, ભંડારદરા બંધના પાણીનું ખેતરમાટે ફરીથી વિતરણ થાય તેમાટે કરેલા આંદોલનનું નેતૃત્વ, નિળવંડે બંધનું કામ પૂર્ણ થાય તેમાટે ચળવળ; ૧૯૮૯ અધ્યક્ષ, રાજ્ય બીડી કામગાર લઘુત્તમ વેતન સમિતિ, અહેવાલ રજૂ કરીને મોંઘવારી નિર્દેશાંક પ્રમાણે વેતનમાં વધારાની માંગણી; દુકાળગ્રસ્તો માટે મદદકાર્ય; ૧૯૯૮-૨૦૦૦ મહામંત્રી, મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ કમિટી; ૨૦૦૮માં દેશભક્ત કિસાનવીર સામાજિક સંસ્થાનો સમાજ કૃતજ્ઞતા પુરસ્કાર, ૨૦૧૪માં યશવન્ત પ્રતિષ્ઠાન પુના તરફે આપવામાં આવતા યશવન્ત-વેણૂ પુરસ્કાર અને ૨૦૧૫માં માધવરાવ લિમયે ફાઉન્ડેશનના કાર્યક્ષમ વિધાનસભ્ય પુરસ્કારઃ ૧૯૮૫-૯૦, ૧૯૯૦-૯૫, ૧૯૯૫-૯૯, ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૧૪, ૨૦૧૪-૨૦૧૯ મહારાષ્ટ્ર વિધાનસભાના સભાસદ; પંચાયત રાજ સમિતિના સભાસદ; ઓક્ટોબર, ૧૯૯૯થી જુલાઈ૨૦૦૪ સિંચાઈ (કૃષ્ણા ખોરે અને કોંકણ સિંચાઈ મહામંડળ છોડીને) લાભક્ષેત્ર વિકાસ ખાતાના રાજ્યપ્રધાન; નવેમ્બર, ૨૦૦૪થી ઓક્ટોબર, ૨૦૦૯ જલસંધારણ અને ક્ષારજમીન ખાતાના પ્રધાન; નવેમ્બર, ૨૦૦૯થી નવેમ્બર, ૨૦૧૦ કૃષિ જલસંધારણ, રોજગાર બાંયધરી અને શાળાકીય શિક્ષણ (વધારાનો કાર્યભાર) પ્રધાન; નવેમ્બર, ૨૦૧૦થી સપ્ટેમ્બર ૨૦૧૪ મહેસૂલ અને ક્ષાર જમીન પ્રધાન; મહેસૂલ ખાતાનો વહીવટ ઓનલાઈન કરવામાં આગેવાની; રાજ્યની ખેત જમીનની ફરીથી આંકણી કરવાનો નિર્ણય; ઓક્ટોબર ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

(સંદર્ભ : ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભાસદોનો સંક્ષિપ્ત જીવન પરિચય)

## ડો. નીતિન કાશીનાથ રાઉત

**જન્મ** : ૯ ઓક્ટોબર ૧૯૫૨

**જન્મસ્થળ** : નાગપુર, જીલ્લો નાગપુર

**શિક્ષણ** : એમ.એ.,એફ.બી.એમ,સી.પી.એલ., એમ.એફ.એ.(નાટક) પીએચ. ડી.

**આવડતી ભાષા** : મરાઠી, હિન્દી અને અંગ્રેજી

**લગ્ન સંબંધી માહિતી** : પત્ની શ્રીમતી સુમેધા

**બાળકો** : એક દીકરો અને એક દીકરી

**વ્યવસાય** : ઉદ્યોગ/વેપાર

**પક્ષ** : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ)

**મતદારસંઘ** : ૫૭-નાગપુર (ઉત્તર)

**અન્ય માહિતી** : સંકલ્પ સંસ્થા મારફત સમાજના દુર્બળ વર્ગના કલ્યાણનું કાર્ય, દરવર્ષે ધમ્મચક્ર પ્રવર્તન દિન નિમિતે દીક્ષા ભૂમિની મુલાકાતવેળા આવતા ભાવિકોને મૂળભૂત સુવિધા પૂરી પાડવામાટે સક્રિય સહાય, મફત આરોગ્ય



તપાસણી શિબિરનું આયોજન; ૧૯૮૮ અને ૧૯૮૯માં રાષ્ટ્રીય એકાત્મતા માટે અનુક્રમે ''સંકલ્પરન'' અને ભીમજ્યોત યાત્રાનું આયોજન, ૧૯૯૧ ડો. બાબાસાહેબ આબેડકરની ૧૦૦મી જન્મજયતી નિમિતે નાગપુર ખાતે કસ્તુરચંદ પાર્ક ખાતે ભવ્ય રેલી, મરાઠવાડા નામાંતર આદોલનમાં સક્રિય સહભાગ; ૧૯૮૯ ચંદ્રપુર ખાતે દલિત સાહિત્ય સંમેલનમાં સહભાગ; ૨૦૦૨ નાગપુર ખાતે અસ્મિતાદર્શ રજત મહોત્સવ અને સાહિત્ય સંમેલનનું આયોજનઃ ૧૯૯૦ નાગપુર જીલ્લાના મકરધોકડા ખાતે કોમી રમખાણના અસરગ્રસ્તોને સેર્વોત્તમ મદદ; ૧૯ એપ્રિલ ૨૦૦૦ બંધારણ બચાઓ રેલી; ૧૯૭૦થી રાજકીય ક્ષેત્રમાં કાર્ય; સ્વ. ઇંદિરા ગાંધીની ધરપકડ દરમ્યાન તેમના સમર્થનમાં જેલ ભરો આંદોલનમાં સહભાગ; ૧૯૯૧થી લોક્સભા ચૂંટણીમાં ઉત્તર નાગપુર વિધાનસભા ક્ષેત્રના પ્રભારી; કલકત્તા, બેંગ્લોર અને નવી દિલ્હીમાં આયોજિત અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના ખુલ્લા અધિવેશનમાં સહભાગ; ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪ સભાસદ,મહારાષ્ટ્ર વિધાનસભા; વિધાનમંડળમાં અનુસૂચિત જાતિ કલ્યાણ સમિતિના સભાસદ, આરક્ષણ અધિનિયમન સમિતિના સભાસદ; વિધાનમંડળના રોજગાર-સ્વયંરોજગાર સમિતિના સભાસદ; ડિસેમ્બર ૨૦૦૮થી નવેમ્બર ૨૦૦૯ ગૃહ, જેલ, રાજ્ય ઉત્પાદન શુલ્ક અને કામગાર ખાતાના રાજ્યપ્રધાન; ૨૦૧૪માં રોજગાર બાંયધરી યોજના અને જલ સંવર્ધન વિભાગના પ્રધાન તરીકે કાર્યરત, તે પહેલા તેમની પાસે પશુ સંવર્ધન, દૂધ અને મત્સ્યવ્યવસાય વિકાસ વિભાગ હતા, ઓક્ટોબર ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

(સંદર્ભઃ ૧૩મી વિધાનસભા સભાસદોનો સંક્ષિપ્ત જીવન પરિચય )

**રાજયના વિકાસમાં ખેડૂત, સર્વસામાન્ય મહેનતું જનતાને કેન્દ્ર સ્થાને રાખીને સ્વચ્છ, પારદર્શક અને નિર્ણયાભિમુખ પ્રશાસન આપવાનો સંકલ્પ એજ નવા મહારાષ્ટ્રનો રોડમેપ છે. રાજયની આર્થિક સ્થિતિ જનતા સમક્ષ રજૂ કરીએમાં સુધારાને મહત્વ આપવું એજ નવી સરકારનો રોડમેપ છે. રાજયપાલ ભગત સિંહ કોશયારીએ વિધાનમંડળના સંયુક્ત સભાગૃહમાં કરેલા ભાષણમાં એના પર વિશેષ ભાર આપ્યો.**

# નવા મહારાષ્ટ્રનો રોડમેપ

**રાજ્યની** ૭૦ ટકા જનતા ખેતી અને ખેતીને લગતા વ્યવસાયપર નિર્ભર છે, એથી રાજ્યને શાશ્વત વિકાસને માર્ગે લઇ જઈને ખેડૂતને ચિંતામુક્ત કરવાપર સરકારનો ભાર રહેશે. ખેડૂતોને કર્જમુક્ત અને ચિંતામુક્ત કરવા માટે રાજ્ય સરકાર આવશ્યક તે કાર્યવાહી કરશે. તે સાથે જ ગ્રામીણ ક્ષેત્રની દુર્વ્યવસ્થા દૂર કરવામાટે આવશ્યક તે પગલાં લેવામાં આવશે.



ખેતમાલને યોગ્ય ભાવ મળે એ માટે, મરાઠવાડા, વિદર્ભના દુકાળગ્રસ્ત ભાગોમાં શાશ્વત પાણી પુરવઠા યંત્રણા શરૂ કરવા સરકાર વિવિધ ઉપાય યોજના હાથ ધરશે.

ખાનગી ક્ષેત્રના રોજગારોમાં ભૂમિપુત્રો માટે ૮૦ ટકા આરક્ષણ રાખવામાટે કાયદો કરાશે અને રાજ્ય સરકારમાં ખાલી પદો ભરવામાં આવશે.એથી રોજગારની તકમાં વધારો થશે.મહિલાઓને તક અને તેમની સુરક્ષિતતાને સર્વોત્તમ પ્રાથમિકતા અપાશે. આર્થિક રીતે દુર્બળ કુટુંબોની છોકરીઓને કૉલેજમાં અને ઉચ્ચ શિક્ષણ મફત આપવા વિશે સરકારના સતત પ્રયત્ન રહેશે. રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના દરજ્જામાં સુધારો કરવા માટે ઉપાય યોજના હાથ ધરાશે. માનવ વિકાસ કાર્યક્રમ અંતર્ગત તુલનાત્મક દ્રષ્ટિએ પછાત વર્ગને વિશેષ ભંડોળ પૂરું પાડીને આરોગ્ય, શિક્ષણ અને આજીવિકા ક્ષેત્રમાં અધિક ભાર આપવામાં આવશે.

રાજ્યનો આર્થિક વિકાસ કરતી વેળા તેમાં મૂળભૂત સુવિધામાં વધારો કરવામાં અને પર્યાવરણના સંરક્ષણ તરફ ખાસ ધ્યાન આપવામાં આવશે. આર્થિક દ્રષ્ટિએ સમાજના સૌથી છેલ્લા વર્ગની ઉન્નતિ માટે વિશેષ પ્રાથમિકતા આપવામાં આવશે. એ માટે દસ રૂપિયામાં વાજબી દરે જમવાની થાળી પૂરી પાડવામાટે ઉપાયયોજના શરૂ કરાશે. સ્થાનિક યુવકો માટે રોજગારની તક નિર્માણ કરવા માટે ઈન્ફોર્મેશન ટેકનોલૉજી ક્ષેત્રમાં રોકાણને આકર્ષિત કરવામાટે નવી નીતિ ઘડવામાં આવશે. સુશિક્ષિત બેરોજગાર યુવકોને ફેલોશીપ આપવા સાથેનો કાર્યક્રમ નિશ્ચિત કરીને નોકરી કરનાર મહિલાઓ માટે દરેક જીલ્લાના મુખ્યાલયોમાં અને મુખ્ય શહેરોમાં ક્રમવાર હોસ્ટેલો બાંધવામાં આવશે. આંગણવાડી સેવિકા અને આશા કાર્યકર્તાની સેવા સુવિધામાં સુધારો કરાશે, રાજ્યમાં આઠ લાખ સ્વંયમ સહાયતા બચત જૂથ, સ્વંય સહાયતા બચત જૂથના મજબૂતીકરણ માટે સરકાર પ્રયત્ન કરશે. તબીબી તપાસણી કરવા માટે તાલુકાસ્તરે વન રૂપિ ક્લિનિક યોજના શરૂ કરાશે, દરેક જિલ્લામાં તબક્કાવારે અતિ વિશેષોપચાર હૉસ્પિટલો અને તબીબી કૉલેજો સ્થાપવામાં આવશે. રાજ્યમાં સર્વને આરોગ્ય વિમા છત્ર આપવા માટે વિવિધ આરોગ્ય વિમા કાર્યક્રમનું એકત્રીકરણ કરવામાં આવશે. રાજ્યમાં વધારેમાં વધારે ઉદ્યોગ સ્થાપવામાટે આર્થિક અને આર્થિક બાબતને લગતી સવલત આપીને પરવાનગી પ્રક્રિયા સહેલી કરવામાં આવશે. રાજ્યના તમામ પોલીસ સ્ટેશનો, રાષ્ટ્રીય સાયબર ગુના, તકરાર નોંધણી પોર્ટલ સાથે જોડવામાં આવશે. સાયબર ગુના અન્વેષણમાં પોલીસોની કાર્યક્ષમતા વધારવા માટે પોલીસ અધિકારી અને કર્મચારીઓને પ્રશિક્ષણ આપવામાં આવશે. રાજ્યના ઐતિહાસિક, સાંસ્કૃતિક વારસાનું જતન કરવામાટે ગઢ કિલ્લાનું જતન અને સંવર્ધન કરવાની સાથે મુંબઈ ખાતે મરાઠી ભાષા ભવન મુખ્ય કેન્દ્ર બાધવામાં આવશે. ઐરોલી ખાતે મરાઠી ભાષા ઉપકેન્દ્ર સ્થાપવામાં આવશે. વરિષ્ઠ નાગરિકોની સામાજિક સુરક્ષાનું જાળું વધારવામાટે ઉપાયયોજનાપર ભાર આપવાની સાથે અન્ન અને ઔષધિ દ્રવ્ય વિનિયમનું ઉલ્લંઘન કરનાર પર કડક કાર્યવાહી, પ્લાસ્ટિક બંદી બાબત લોક સહભાગ વધારીને એને યશસ્વી રીતે અમલમાં લાવવામાં આવશે. રાષ્ટ્રીય શુદ્ધ હવા કાર્યક્રમ અંતર્ગત આપત્તિ વ્યવસ્થાપન કરવામાટે એકાત્મીક તટ વિસ્તાર વ્યવસ્થાપન પ્રકલ્પની અમલબજાવણી કરીને તટીય વિસ્તારમાં ગેરકાયદે માછીમારી કરનાર પર કડક કાર્યવાહી કરીને રોજિંદા માછીમારોને સંરક્ષણ આપવામાં આવશે.







મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જયંતિ નિમિતે એમના વિચારોની અને આદર્શોથી નવી પેઢી પરિચિત કરવા માટે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે. મહારાષ્ટ્ર કર્ણાટક સીમા અંગેના દાવા કરાયેલા ૮૬૫ ગામોના મરાઠી ભાષિક જનતાના હક્કનું સંરક્ષણ કરીને ઝુંબેશને ન્યાયાલયમાં દાદ માંગવામાં આવશે. ■■

મહારાષ્ટ્ર વિધાનસભા સમગ્ર ચૂંટણી ૨૦૧૯માં ૨૮૮ વિધાનસભા મતદાર સંઘમાં
વિજયી ઉમેદવારોનો થોડોક પરિચય...

# આપણાં લોકપ્રતિનિધિ



**ઍડ. કે.સી. પાડવી**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૧ - અક્કલકૂવા (અ.જ.)



**રાજેશ ઉદેસિંગ પાડવી**
ભારતીય જનતા પક્ષ
૨ - શહાદા (અ.જ.)



**ડૉ. વિજયકુમાર ગાવીત**
ભારતીય જનતા પક્ષ
૩ - નંદુરબાર (અ.જ.)



**શિરિષકુમાર નાઈક**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૪ - નવાપુર (અ.જ.)



**મંજુલા તુલસીરામ ગાવિત**
અપક્ષ
૫ - સાક્રી (અ.જ.)



**કુણાલબાબા રોહિદાસ પાટીલ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૬ - ધુળે ગ્રામીણ



**શાહ ફારુખ અન્વર**
એમઆઈએમ
૭ - ધુળે શહેર



**જયકુમાર રાવલ**
ભારતીય જનતા પક્ષ
૮ - શિંદખેડા




**કાશીરામ વેચાન પાવરા**
ભારતીય જનતા પક્ષ
૯ - શિરપુર



**લતાબાઈ ચંદ્રકાંત સોનવણે**
શિવસેના
૧૦ - ચોપડા (અ.જ.)



**શિરિષ મધુકરરાવ ચૌધરી**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૧૧ - રાવેર



**સંજય વામન સાવકારે**
ભારતીય જનતા પક્ષ
૧૨ - ભુસાવળ (અ.જ.)



**સુરેશ દામુ ભોળે**
ભારતીય જનતા પક્ષ
૧૩ - જળગાંવ શહેર



**ગુલાબરાવ રઘુનાથ પાટીલ**
શિવસેના
૧૪ - જળગાંવ ગ્રામીણ



**અનિલ ભાઈદાસ પાટીલ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૫ - અમળનેર



**ચીમનરાવ રૂપચંદ પાટીલ**
શિવસેના
૧૬ - એરંડોલ





**મંગેશ રમેશ ચવ્હાણ**
ભારતીય જનતા પક્ષ
૧૭ - ચાલીસગાવ



**કિશોર પાટીલ**
શિવસેના
૧૮ - પાચોરા



**ગિરિશ દત્તાત્રય મહાજન**
ભારતીય જનતા પક્ષ
૧૯ - જામનેર



**ચંદ્રકાંત નિંબા પાટીલ**
અપક્ષ
૨૦ - મુક્તાઈનગર



**રાજેશ પંડિતરાવ એકડે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૧ - મલકાપુર



**સંજય રામભાઉ ગાયકવાડ**
શિવસેના
૨૨ - બુલઢાણા



**શ્વેતા વિદ્યાધર મહાલે**
ભારતીય જનતા પક્ષ
૨૩ - ચિખલી



**ડૉ. રાજેન્દ્ર ભાસ્કરરાવ શિંગણે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૪ - સિંદખેડ રાજા




**સંજય રાયમુલકર**
શિવસેના
૨૫ - મેહકર (અ.જા.)



**ઍડ. આકાશ ફુંડકર**
ભારતીય જનતા પક્ષ
૨૬ - ખામગાવ



**ડૉ. સંજય શ્રીરામ કુટે**
ભારતીય જનતા પક્ષ
૨૭ - જળગાંવ, જામોદ




**પ્રકાશ ભારસાકળે**
ભારતીય જનતા પક્ષ
૨૮ - અકોટ



**નીતિનકુમાર ટાલે**
શિવસેના
૨૯ - બાળાપુર



**ગોવર્ધન માંગીલાલ શર્મા**
ભારતીય જનતા પક્ષ
૩૦ - અકોલા પશ્ચિમ



**રણધીર સાવરકર**
ભારતીય જનતા પક્ષ
૩૧ - અકોલા પૂર્વ



**હરિશ પિંપળે**
ભારતીય જનતા પક્ષ
૩૨ - મૂર્તિજાપુર (અ.જા.)






**અમિત સુભાષરાવ ઝનક**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૩૩ - રિસોડ



**લખન સહદેવ મલિક**
ભારતીય જનતા પક્ષ
૩૪ - વાશિમ (અ.જા.)



**રાજેન્દ્ર સુખાનંદ પાટણી**
ભારતીય જનતા પક્ષ
૩૫ - કારંજા



**પ્રતાપ અડસડ**
ભારતીય જનતા પક્ષ
૩૬ - ધામણગાવ



**રવિ રાણા**
અપક્ષ
૩૭ - બડનેરા



**સુલભા સંજય ખોડકે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૩૮ - અમરાવતી



**ઍડ્. યશોમતિ ઠાકુર**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૩૯ - તિવસા



**બળવંત વાનખડે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૪૦ - દર્યાપુર (અ.જા.)



**રાજકુમાર પટેલ**
પ્રહાર જનશક્તિ પક્ષ
૪૧ - મેળઘાટ (અ.જ.)



**બચ્ચુ ઉર્ફે ઓમપ્રકાશ કડુ**
પ્રહાર જનશક્તિ પક્ષ
૪૨ - અચલપુર



**દેવેન્દ્ર ભુયાર**
સ્વાભિમાન પક્ષ
૪૩ - મોર્શી



**દાદારાવ યાદવરાવજી કેચે**
ભારતીય જનતા પક્ષ
૪૪ - આર્વી





**રણજિત કાંબળે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૪૫ - દેવળી



**સમીર ત્ર્યંબકરાવ કુણાવાર**
ભારતીય જનતા પક્ષ
૪૬ - હિંગણઘાટ



**ડૉ. પંકજ ભોયર**
ભારતીય જનતા પક્ષ
૪૭ - વર્ધા



**અનિલ દેશમુખ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૪૮ - કોટાલ



**સુનીલ કેદાર**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૪૯ - સાવનેર



**સમીર મેઘે**
ભારતીય જનતા પક્ષ
૫૦ - હિંગણા



**રાજુ પારવે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૫૧ - ઉમરેડ (અ.જા.)



**દેવેન્દ્ર ફડણવીસ**
ભારતીય જનતા પક્ષ
૫૨ - નાગપુર દક્ષિણ-પશ્ચિમ



**મોહન મતે**
ભારતીય જનતા પક્ષ
૫૩ - નાગપુર દક્ષિણ



**કૃષ્ણા ખોપડે**
ભારતીય જનતા પક્ષ
૫૪ - નાગપુર પૂર્વ



**વિકાસ કુંભારે**
ભારતીય જનતા પક્ષ
૫૫ - નાગપુર મધ્ય



**વિકાસ ઠાકરે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૫૬ - નાગપુર પશ્ચિમ



**નીતિન રાઉત**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૫૭ - નાગપુર ઉત્તર (અ.જા.)



**ટેક્ચંદ સાવરકર**
ભારતીય જનતા પક્ષ
૫૮ - કામઠી



**આશિષ જયસ્વાલ**
અપક્ષ
૫૯ - રામટેક



**રાજુ કારેમોરે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૬૦ - તુમસર



**નરેન્દ્ર ભોજરાવ ભોંડેકર**
અપક્ષ
૬૧ - ભંડારા (અ.જા.)



**નાનાભાઉ ફાલ્ગુનરાવ પટોલે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૬૨ - સાકોલી



**મનોહર ગોવર્ધન ચંદ્રિકાપુરે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૬૩ - અર્જુની-મોરગાવ (અ.જા.)



**વિજય ભરતલાલ રહાંગડાલે**
ભારતીય જનતા પક્ષ
૬૪ - તિરોડા





**વિનોદ સંતોષ અગ્રવાલ**
અપક્ષ
૬૫ - ગોંદિયા



**સહસરામ મારોતી કોરાટે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૬૬ - આમગાવ (અ.જ.)



**કૃષ્ણા દામાજી ગજબે**
ભારતીય જનતા પક્ષ
૬૭ - આરમોરી (અ.જ.)



**ડૉ. દેવરાવ માદગુજી હોળી**
ભારતીય જનતા પક્ષ
૬૮ - ગઢચિરોલી (અ.જ.)



**ધર્મરાવબાબા આત્રામ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૬૯ - અહેરી (અ.જ.)



**સુભાષ ધોટે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૭૦ - રાજુરા



**કિશોર જોરગેવાર**
અપક્ષ
૭૧ - ચંદ્રપુર (અ.જા.)



**સુધીર મુનગંટીવાર**
ભારતીય જનતા પક્ષ
૭૨ - બલ્લારપુર



**વિજય વડેટ્ટીવાર**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૭૩ - બ્રહ્મપુરી



**બંટી ભાંગડિયા**
ભારતીય જનતા પક્ષ
૭૪ - ચિમુર



**પ્રતિભા ધાનોરકર**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૭૫ - વરોરા



**સંજીવરેડ્ડી બોદકુરવાર**
ભારતીય જનતા પક્ષ
૭૬ - વણી





**ડૉ. અશોક રામાજી ઉઈકે**
ભારતીય જનતા પક્ષ
૭૭ - રાળેગાવ (અ.જ.)



**મદન મધુકર યેરાવાર**
ભારતીય જનતા પક્ષ
૭૮ - યવતમાળ



**સંજય દુલિચંદ રાઠોડ**
શિવસેના
૭૯ - દિગ્રસ



**ડૉ. સંદીપ પ્રભાકર ધુર્વે**
ભારતીય જનતા પક્ષ
૮૦ - આર્ણી (અ.જ.)



**ઈન્દ્રનીલ મનોહર નાઈક**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૮૧ - પુસદ



**નામદેવ જયરામ સસાને**
ભારતીય જનતા પક્ષ
૮૨ - ઉમરખેડ (અ.જ.)



**ભીમરાવ રામજી કેરામ**
ભારતીય જનતા પક્ષ
૮૩ - કિનવટ



**માધવરાવ પાટીલ-જળગાવકરી**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૮૪ - હદગાવ



**અશોકરાવ શંકરરાવ ચવ્હાણ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૮૫ - ભોકર



**બાલાજી કલ્યાણકર**
શિવસેના
૮૬ - નાંદેડ ઉત્તર



**મોહનરાવ મારોતરાવ હંબર્ડે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૮૭ - નાંદેડ દક્ષિણ



**શામસુંદર શિંદે**
શેતકરી કામગાર પક્ષ
૮૮ - લોહા



**રાજેશ પવાર**
ભારતીય જનતા પક્ષ
૮૯ - નાયગાવ



**રાવસાહેબ અંતાપુરકર**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૯૦ - દેગલુર (અ.જા.)




**તુષાર ગોવિંદરાવ રાઠોડ**
ભારતીય જનતા પક્ષ
૯૧ - મુખેડ



**ચંદ્રકાંત રમાકાંત નવઘરે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૯૨ - બસમત



**સંતોષ લક્ષ્મણરાવ બાંગર**
શિવસેના
૯૩ - કળમનુરી



**તાન્હાજી મુટકુળે**
ભારતીય જનતા પક્ષ
૯૪ - હિંગોલી



**મેઘના સાકોરે-બોર્ડીકર**
મભારતીય જનતા પક્ષ
૯૫ - જિંતુર



**ડૉ. રાહુલ પાટીલ**
શિવસેના
૯૬ - પરભણી






**રત્નાકર માણિકરાવ ગુટ્ટે**
રાષ્ટ્રીય સમાજ પક્ષ
૯૭ - ગંગાખેડ



**સુરેશ વરપુડકર**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૯૮ - પાથરી



**બબનરાવ દત્તાત્રય લોણીકર**
ભારતીય જનતા પક્ષ
૯૯ - પરતુર



**રાજેશ ટોપે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૦૦ - ઘનસાવંગી



**કૈલાસ ગોરંટયાલ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૧૦૧ - જાલના



**નારાયણ કુચે**
ભારતીય જનતા પક્ષ
૧૦૨ - બદનાપુર (અ.જા.)




**સંતોષ રાવસાહેબ દાનવે**
ભારતીય જનતા પક્ષ
૧૦૩ - ભોકરદન



**અબ્દુલ સત્તાર અબ્દુલ નબી**
શિવસેના
૧૦૪ - સિલ્લોડ



**ઉદયસિંગ રાજપુત**
શિવસેના
૧૦૫ - કન્નડ



**હરિભાઉ કિસનરાવ બાગડે**
ભારતીય જનતા પક્ષ
૧૦૬ - ફુલંબ્રી



**પ્રદીપ જયસ્વાલ**
શિવસેના
૧૦૭ - ઔરંગાબાદ મધ્ય



**સંજય પાંડુરંગ શિરસાટ**
શિવસેના
૧૦૮ - ઔરંગાબાદ પશ્ચિમ





**અતુલ મોરેશ્વર સાવે**
ભારતીય જનતા પક્ષ
૧૦૯ - ઔરંગાબાદ પૂર્વ



**સંદીપાનરાવ ભૂમરે**
શિવસેના
૧૧૦ - પૈઠણ



**પ્રશાંત બંસીલાલ બંબ**
ભારતીય જનતા પક્ષ
૧૧૧ - ગંગાપુર



**રમેશ બોરનારે**
શિવસેના
૧૧૨ - વૈજાપુર



**સુહાસ કાંદે**
શિવસેના
૧૧૩ - નાંદગાવ



**મૌલાના ઈસ્માઈલ મુફ્તિ**
એમઆઈએમ
૧૧૪ - માલેગાવ મધ્ય



**દાદાજી ભુસે**
શિવસેના
૧૧૫ - માલેગાવ બાહ્ય




**દિલીપ મંગળુ બોરસે**
ભારતીય જનતા પક્ષ
૧૧૬ - બાગલાણ (અ.જ.)




**નીતિન અર્જુન પવાર**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૧૭ - કળવણ (અ.જ.)



**ડૉ. રાહુલ આહેર**
ભારતીય જનતા પક્ષ
૧૧૮ - ચાંદવડ



**છગન ભુજબળ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૧૯ - યેવલા



**ઍડ્. માણિકરાવ કોકાટે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૨૦ - સિન્નર



**દિલીપ બનકર**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૨૧ - નિફાડ



**નરહરિ ઝિરવાળ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૨૨ - દિંડોરી



**ઍડ્. રાહુલ ઢિકલે**
ભારતીય જનતા પક્ષ
૧૨૩ - નાસિક પૂર્વ



**દેવયાણી ફરાંદે**
ભારતીય જનતા પક્ષ
૧૨૪ - નાસિક મધ્ય




**સીમા હિરે**
ભારતીય જનતા પક્ષ
૧૨૫ - નાસિક પશ્ચિમ



**સરોજ અહિરે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૨૬ - દેવળાલી (અ.જા.)



**હીરામણ ખોસકર**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૧૨૭ - ઈગતપુરી (અ.જ.)



**પ્રમોદ નિકોલે**
માકપ
૧૨૮ - દહાણુ (અ.જ.)





**સુનીલ ચંદ્રકાંત ભુસારા**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૨૯ - વિક્રમગઢ (અ.જ.)



**શ્રીનિવાસ વનગા**
શિવસેના
૧૩૦ - પાલઘર (અ.જ.)



**રાજેશ પાટીલ**
બહુજન વિકાસ આઘાડી
૧૩૧ - બોઈસર (અ.જ.)



**ક્ષિતિજ ઠાકુર**
બહુજન વિકાસ આઘાડી
૧૩૨ - નાલાસોપારા



**હિતેન્દ્ર ઠાકુર**
બહુજન વિકાસ આઘાડી
૧૩૩ - વસઈ



**શાંતારામ તુકારામ મોરે**
શિવસેના
૧૩૪ - ભીવંડી ગ્રામીણ (અ.જ.)



**દૌલત દરોડા**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૩૫ - શહાપુર (અ.જ.)



**મહેશ પ્રભાકર ચૌગુલે**
ભારતીય જનતા પક્ષ
૧૩૬ - ભીવંડી પશ્ચિમ



**રઈસ કાસમ શેખ**
સમાજવાદી પક્ષ
૧૩૭ - ભીવંડી પૂર્વ



**વિશ્વનાથ ભોઈર**
શિવસેના
૧૩૮ - કલ્યાણ પશ્ચિમ




**કિસન કથોરે**
ભારતીય જનતા પક્ષ
૧૩૯ - મુરબાડ



**ડૉ. બાલાજી કિણીકર**
શિવસેના
૧૪૦ - અંબરનાથ





**કુમાર આયલાની**
ભારતીય જનતા પક્ષ
૧૪૧ - ઉલ્હાસનગર



**ગણપત કાળુ ગાયકવાડ**
ભારતીય જનતા પક્ષ
૧૪૨ - કલ્યાણ પૂર્વ



**રવીન્દ્ર દત્તાત્રય ચવ્હાણ**
ભારતીય જનતા પક્ષ
૧૪૩ - ડોંબિવલી



**પ્રમોદ પાટીલ**
મહારાષ્ટ્ર નવનિર્માણ સેના
૧૪૪ - કલ્યાણ ગ્રામીણ



**ગીતા જૈન**
અપક્ષ
૧૪૫ - મીરા-ભાઈંદર




**પ્રતાપ બાબુરાવ સરનાઈક**
શિવસેના
૧૪૬ - ઓવળા, માજીવડા



**એકનાથ શિંદે**
શિવસેના
૧૪૭ - કોપરી, પાચપાખડી



**સંજય કેળકર**
ભારતીય જનતા પક્ષ
૧૪૮ - થાણે




**જિતેન્દ્ર આવ્હાડ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૪૯ - મુંબ્રા, કળવા



**ગણેશ નાઈક**
ભારતીય જનતા પક્ષ
૧૫૦ - એરોલી




**મંદા વિજય મ્હાત્રે**
ભારતીય જનતા પક્ષ
૧૫૧ - બેલાપુર



**સુનીલ દત્તાત્રય રાણે**
ભારતીય જનતા પક્ષ
૧૫૨ - બોરીવલી



**મનીષા અશોક ચૌધરી**
ભારતીય જનતા પક્ષ
૧૫૩ - દહીસર



**પ્રકાશ રાજારામ સુર્વે**
શિવસેના
૧૫૪ - માગાથાણે



**મિહીર ચંદ્રકાંત કોટેચા**
ભારતીય જનતા પક્ષ
૧૫૫ - મુલુંડ



**સુનીલ રાજારામ રાઉત**
શિવસેના
૧૫૬ - વિક્રોલી



**રમેશ કોરગાવકર**
શિવસેના
૧૫૭ - ભાંડુપ પશ્ચિમ



**રવીન્દ્ર વાયકર**
શિવસેના
૧૫૮ - જોગેશ્વરી પૂર્વ



**સુનીલ પ્રભુ**
શિવસેના
૧૫૯ - દિંડોશી



**અતુલ ભાતખળકર**
ભારતીય જનતા પક્ષ
૧૬૦ - કાંદિવલી પૂર્વ






**યોગેશ સાગર**
ભારતીય જનતા પક્ષ
૧૬૧ - ચારકોપ



**અસ્લમ રમજાનઅલી શેખ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૧૬૨ - માલાડ પશ્ચિમ



**વિદ્યા જયપ્રકાશ ઠાકુર**
ભારતીય જનતા પક્ષ
૧૬૩ - ગોરેગાવ



**ડૉ. ભારતી લવ્હેકર**
ભારતીય જનતા પક્ષ
૧૬૪ - વર્સોવા



**અમિત ભાસ્કર સાટમ**
ભારતીય જનતા પક્ષ
૧૬૫ - અંધેરી પશ્ચિમ



**રમેશ લટકે**
શિવસેના
૧૬૬ - અંધેરી પૂર્વ



**ઍડ્. પરાગ અળવણી**
ભારતીય જનતા પક્ષ
૧૬૭ - વિલે પાર્લા



**દિલીપ ભાઉસાહેબ લાંડે**
શિવસેના
૧૬૮ - ચાંદિવલી



**રામ કદમ**
ભારતીય જનતા પક્ષ
૧૬૯ - ઘાટકોપર પશ્ચિમ



**પરાગ શાહ**
ભારતીય જનતા પક્ષ
૧૭૦ - ઘાટકોપર પૂર્વ




**અબુ આસિમ આઝમી**
સમાજવાદી પક્ષ
૧૭૧ - માનખુર્દ, શિવાજીનગર



**નવાજ મલિક**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૭૨ - અણુશક્તિનગર





**પ્રકાશ વૈકુંઠ ફાતર્ફેકર**
શિવસેના
૧૭૩ – ચેંબુર



**મંગેશ અનંત કુડાળકર**
શિવસેના
૧૭૪ – કુર્લા



**સંજય ગોવિંદ પોતનીસ**
શિવસેના
૧૭૫ – કલિના



**ઝિશાન બાબા સિદ્દીકી**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૧૭૬ – બાન્દ્રા પૂર્વ



**ઍડ્. આશિષ શેલાર**
ભારતીય જનતા પક્ષ
૧૭૭ – બાન્દ્રા પશ્ચિમ



**પ્રા. વર્ષા ગાયકવાડ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૧૭૮ – ધારાવી (અ.જા.)



**કે.આર. તમિલ સેલ્વન**
ભારતીય જનતા પક્ષ
૧૭૯ – સાયન કોળીવાડા



**કાલિદાસ કોળંબકર**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૧૮૦ – વડાલા



**સદાનંદ સરવણકર**
શિવસેના
૧૮૧ – માહીમ



**આદિત્ય ઉદ્ધવ ઠાકરે**
શિવસેના
૧૮૨ – વરલી




**અજય વિનાયક ચૌધરી**
શિવસેના
૧૮૩ – શિવડી



**યામિની યશવંત જાધવ**
શિવસેના
૧૮૪ – ભાયખલા



**મંગલપ્રભાત લોઢા**
ભારતીય જનતા પક્ષ
૧૮૫ – મલબાર હિલ



**અમિન પટેલ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૧૮૬ – મુંબાદેવી



**ઍડ્. રાહુલ નાર્વેકર**
ભારતીય જનતા પક્ષ
૧૮૭ – કોલાબા



**પ્રશાંત રામશેઠ ઠાકુર**
ભારતીય જનતા પક્ષ
૧૮૮ – પનવેલ



**મહેન્દ્ર થોરવે**
શિવસેના
૧૮૯ – કર્જત



**મહેશ બાલદી**
અપક્ષ
૧૯૦ – ઉરણ



**રવિશેઠ પાટીલ**
ભારતીય જનતા પક્ષ
૧૯૧ – પેણ



**મહેન્દ્ર દળવી**
શિવસેના
૧૯૨ – અલીબાગ





**કુ. આદિતિ સુનીલ તટકરે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૯૩ – શ્રીવર્ધન



**ભરત ગોગાવલે**
શિવસેના
૧૯૪ – મહાડ



**અતુલ વલ્લભ બેનકે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૯૫ – જુન્નર



**દિલીપ વળસે-પાટીલ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૯૬ – આંબેગાવ




**દિલીપ મોહિતે-પાટીલ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૯૭ – ખેડ, આળંદી



**અશોક રાવસાહેબ પવાર**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૧૯૮ – શિરુર



**ઍડ્. રાહુલ સુભાષરાવ કુલ**
ભારતીય જનતા પક્ષ
૧૯૯ – દૌંડ



**દત્તાત્રેય વિઠોબા ભરણે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૦૦ – ઈંદાપુર



**અજિત અનંતરાવ પવાર**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૦૧ – બારામતી



**સંજય જગતાપ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૦૨ – પુરંદર



**સંગ્રામ અનંતરાવ થોપટે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૦૩ – ભોર



**સુનીલ શંકરરાવ શેળકે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૦૪ – માવળ





**લક્ષ્મણ પાંડુરંગ જગતાપ**
ભારતીય જનતા પક્ષ
૨૦૫ - ચિંચવડ



**અણ્ણા દાદુ બનસોડે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૦૬ - પિંપરી (અ.જા.)



**મહેશ કિસન લાંડગે**
ભારતીય જનતા પક્ષ
૨૦૭ - ભોસરી



**સુનીલ વિજય ટિંગરે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૦૮ - વડગાવ, શેરી



**સિદ્ધાર્થ અનીલ શિરોળે**
ભારતીય જનતા પક્ષ
૨૦૯ - શિવાજીનગર



**ચંદ્રકાંત (દાદા) પાટીલ**
ભારતીય જનતા પક્ષ
૨૧૦ - કોથરુડ



**ભીમરાવ ધોંડિબા તાપકીર**
ભારતીય જનતા પક્ષ
૨૧૧ - ખડકવાસલા



**માધુરી સતીશ મિસાળ**
ભારતીય જનતા પક્ષ
૨૧૨ - પર્વતી



**ચેતન વિઠ્ઠલ તુપે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૧૩ - હડપસર



**સુનીલ જ્ઞાનદેવ કાંબળે**
ભારતીય જનતા પક્ષ
૨૧૪ - પુણે છાવણી



**મુક્તા શૈલેશ ટિળક**
ભારતીય જનતા પક્ષ
૨૧૫ - કસબાપેઠ



**ડૉ. કિરણ યમાજી લહામટે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૧૬ - અકોલે (અ.જ.)



**વિજય ઉર્ફે બાળાસાહેબ થોરાત**
ભારતીય જનતા પક્ષ
૨૧૭ - સંગમનેર



**રાધાકૃષ્ણ વિખે-પાટીલ**
ભારતીય જનતા પક્ષ
૨૧૮ - શિરડી



**આશુતોષ અશોકરાવ કાળે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૧૯ - કોપરગાવ



**લહુ નાથા કાનડે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૨૦ - શ્રીરામપુર (અ.જા.)



**શંકરરાવ યશવંત ગડાખ**
ક્રાંતિકારી શેતકરી પક્ષ
૨૨૧ - નેવાસા



**મોનિકા રાજીવ રાજળે**
ભારતીય જનતા પક્ષ
૨૨૨ - શેવગાવ



**પ્રાજક્ત પ્રસાદરાવ તનપુરે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૨૩ - રાહુરી



**નીલેશ જ્ઞાનદેવ લંકે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૨૪ - પારનેર





**સંગ્રામ અરુણકાકા જગતાપ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૨૫ - અહમદનગર શહેર




**બબનરાવ ભિકાજી પાચપુતે**
ભારતીય જનતા પક્ષ
૨૨૬ - શ્રીગોંદા



**રોહિત રાજેન્દ્ર પવાર**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૨૭ - કર્જત, જામખેડ



**લક્ષ્મણ માધવરાવ પવાર**
ભારતીય જનતા પક્ષ
૨૨૮ - ગેવરાઈ



**પ્રકાશ સુંદરરાવ સોળંકે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૨૯ - માજલગાવ



**સંદીપ રવીન્દ્ર ક્ષીરસાગર**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૩૦ - બીડ



**બાળાસાહેબ આજબે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૩૧ - આષ્ટી



**નમિતા અક્ષય મુંદડા**
ભારતીય જનતા પક્ષ
૨૩૨ - કેજ (અ.જા.)



**ધનંજય પંડિતરાવ મુંડે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૩૩ - પરળી



**ધીરજ વિલાસરાવ દેશમુખ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૩૪ - લાતુર ગ્રામીણ



**અમિત વિલાસરાવ દેશમુખ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૩૫ - લાતુર શહેર



**બાબાસાહેબ પાટીલ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૩૬ - અહમદપુર



**સંજય બાબુ રાવ બનસોડે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૩૭ - ઉદગીર (અ.જા.)





**સંભાજી પાટીલ-નિલંગેકર**
ભારતીય જનતા પક્ષ
૨૩૮ - નિલંગા



**અભિમન્યુ દત્તાત્રય પવાર**
ભારતીય જનતા પક્ષ
૨૩૯ - ઔસા



**જ્ઞાનરાજ ધોંડિરામ ચૌગુલે**
શિવસેના
૨૪૦ - ઉમરગા (અ.જા.)



**રાણાજગજિતસિંહ પાટીલ**
ભારતીય જનતા પક્ષ
૨૪૧ - તુળજાપુર



**કૈલાસ ઘાડગે-પાટીલ**
શિવસેના
૨૪૨ - ઉસ્માનાબાદ



**તાનાજી જયવંત સાવંત**
શિવસેના
૨૪૩ - પરંડા



**સંજયમામા શિંદે**
અપક્ષ
૨૪૪ - કરમાળા



**બબનરાવ વિઠ્ઠલરાવ શિંદે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૪૫ - માઢા



**રાજેન્દ્ર વિઠ્ઠલ રાઉત**
અપક્ષ
૨૪૬ - બાર્શી



**યશવંત માને**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૪૭ - મોહોળ (અ.જા.)



**વિજય દેશમુખ**
ભારતીય જનતા પક્ષ
૨૪૮ - સોલાપુર શહેર ઉત્તર



**કુ. પ્રણિતી શિંદે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૪૯ - સોલાપુર શહેર મધ્ય



**સચિન કલ્યાણશેટ્ટી**
ભારતીય જનતા પક્ષ
૨૫૦ - અક્કલકોટ



**સુભાષ દેશમુખ**
ભારતીય જનતા પક્ષ
૨૫૧ - સોલાપુર શહેર દક્ષિણ



**ભારત ભાલકે**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૫૨ - પંઢરપુર



**ઍડ્. શહાજીબાપુ પાટીલ**
શિવસેના
૨૫૩ - સાંગોલા



**રામ વિઠ્ઠલ સાતપુતે**
ભારતીય જનતા પક્ષ
૨૫૪ - માળશિરસ (અ.જા.)



**દીપક પ્રહ્લાદ ચવ્હાણ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૫૫ - ફલટણ (અ.જા.)



**મકરંદ લક્ષ્મણ જાધવ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૫૬ - વાઈ



**મહેશ સંભાજીરાજે શિંદે**
શિવસેના
૨૫૭ - કોરેગાવ



**જયકુમાર ભગવાનરાવ ગોરે**
ભારતીય જનતા પક્ષ
૨૫૮ - માણ





**બાળાસાહેબ પાટીલ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૫૯ - કરાડ ઉત્તર



**પૃથ્વીરાજ દાજીસાહેબ ચવ્હાણ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૬૦ - કરાડ દક્ષિણ




**શંભુરાજ શિવાજીરાવ દેસાઈ**
શિવસેના
૨૬૧ - પાટણ



**શિવેન્દ્રસિંહરાજે ભોસલે**
ભારતીય જનતા પક્ષ
૨૬૨ - સાતારા



**યોગેશદાદા કદમ**
શિવસેના
૨૬૩ - દાપોલી



**ભાસ્કર ભાઉરાવ જાધવ**
શિવસેના
૨૬૪ - ગુહાગર



**શેખર ગોવિંદરાવ નિકમ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૬૫ - ચિપળુણ



**ઉદય રવીન્દ્ર સામંત**
શિવસેના
૨૬૬ - રત્નાગિરિ



**રાજન પ્રભાકર સાળવી**
શિવસેના
૨૬૭ - રાજાપુર



**નીતેશ નારાયણ રાણે**
ભારતીય જનતા પક્ષ
૨૬૮ - કણકવલી



**વૈભવ વિજય નાઈક**
શિવસેના
૨૬૯ - કુડાળ



**દીપક વસંતરાવ કેસરકર**
શિવસેના
૨૭૦ - સાવંતવાડી



**રાજેશ નરસિંગરાવ પાટીલ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૭૧ - ચંદગઢ





**પ્રકાશ આબિટકર**
શિવસેના
૨૭૨ - રાધાનગરી



**હસન મિયાલાલ મુશ્રીફ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૭૩ - કાગલ



**ઋતુરાજ સંજય પાટીલ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૭૪ - કોલ્હાપુર દક્ષિણ



**પી.એન. પાટીલ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૭૫ - કરવીર



**ચંદ્રકાંત પંડિત જાધવ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૭૬ - કોલ્હાપુર ઉત્તર



**ડૉ. વિનય કોરે (સાવકર)**
જન સુરાજ્ય શક્તિ
૨૭૭ - શાહુવાડી



**રાજુ જયવંતરાવ આવળે**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૭૮ - હાતકણંગલે (અ.જા.)




**પ્રકાશ આણ્ણા આવાડે**
અપક્ષ
૨૭૯ - ઈચલકરંજી



**રાજેન્દ્ર શામગોંડા પાટીલ**
અપક્ષ
૨૮૦ - શિરોળ




**ડૉ. સુરેશ દગડુ ખાડે**
ભારતીય જનતા પક્ષ
૨૮૧ - મિરજ (અ.જા.)



**ધનંજય ઉર્ફે સુધીર ગાડગીળ**
ભારતીય જનતા પક્ષ
૨૮૨ - સાંગલી



**જયંત રાજારામ પાટીલ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૮૩ - ઈસ્લામપુર



**માનસિંગ ફત્તસિંગરાવ નાઈક**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૮૪ - શિરાળા, વાળવા



**વિશ્વજિત પતંગરાવ કદમ**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૮૫ - પલુસ, કડેગાવ



**અનિલભાઉ બાબર**
શિવસેના
૨૮૬ - ખાનાપુર



**સુમનભાભી આર.આર. પાટીલ**
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ
૨૮૭ - તાસગાવ, કવઠેમહાંકાળ



**વિક્રમસિંહ સાવંત**
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ
૨૮૮ - જત

ભારતરત્ન
ડૉ. બાબાસાહેબ આંબેડકર

મહાપરિનિર્વાણ
દિન વિશેષ

**વિશ્વમાં અમુક મહાન હસ્તીઓનો પુસ્તકપ્રેમ પ્રસિદ્ધ છે. પુસ્તકો માટે સર્વસ્વ બલિદાન કરવા તૈયાર થનારા સિસરો હતા. 'પુસ્તકો વાંચવાની કોઈ મનાઈ કરીને મને રાજા બનાવે તો હું એનો ત્યાગ કરીશ' એમ મેકોલે કહ્યું હતું. 'છેલ્લી ઘડીએ કબાટમાંથી પુસ્તકોનો વિયોગ થશે' એટલે વોલ્ટર સ્કોટ ધ્રુસકે ધ્રુસકે રડ્યો હતો. 'જે મારાં પુસ્તકોને હાથ લગાવશે એ મારા હૃદયને સ્પર્શ કરશે' એમ સાને ગુરુજી હંમેશાં કહેતા. એ જ પરંપરાથી 'પુસ્તકોને લીધે જીવનનો અર્થ સમજાય છે' એમ ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર પણ કહેતા. ડૉ. આંબેડકરને જીવનમાં જ્ઞાનપ્રાપ્તિ માટે અસંખ્ય દુઃખ અને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. એવી મુશ્કેલી જે બીજા યુગ નાયકોને ફાળે આવી નહીં એટલે જ ડૉ. બાબાસાહેબ આંબેડકર બીજા કરતાં શ્રેષ્ઠ ઠરે છે!**

# જ્ઞાનસૂર્ય

**મિલિંદ માનકર**

ડૉ. બાબાસાહેબ આંબેડકરને નાનપણથી જ વાંચવાનો ઘણો શોખ હતો. પિતાએ વાપરવા માટે આપેલા પૈસા ખર્ચ ન કરતાં એમાંથી જૂનાં પુસ્તકો ખરીદી કરતા અને વાંચતા. પુસ્તકો વિના એમને પળવાર પણ ગમતું નહીં. કૉલેજના પ્રાંગણમાં એમણે ખરી રીતે વાંચનની શરૂઆત કરી. અભ્યાસનાં પુસ્તકો છોડીને એમને બીજાં પુસ્તકો વાંચવા ગમતાં. એમનું આ વાંચન એમના પિતાને જરાય ગમતું નહીં. એ કહેતાઃ 'પહેલાં અભ્યાસ અને પછી બીજું વાંચન.' પરંતુ ભીમરાવ એમને કહેતાઃ 'બાબા, હું ક્યારેય નાપાસ થતો નથી. દર વર્ષે પાસ થાઉં છું તો પછી મને આ અભ્યાસ વિશે શું કામ વારંવાર કહો છો?'

અમેરિકામાં ડૉ. આંબેડકરે પોતાને અભ્યાસમાં ઓતપ્રોત કરી નાખ્યા હતા. એમણે એવો મક્કમ નિર્ધાર કર્યો હતોઃ 'આગળનું જીવન અભ્યાસમાં જ વ્યતિત કરવું છે!' આ અસરકારક ધ્યેયવાદી



## પુસ્તકો માટે ઘર

બાબાસાહેબે મુંબઈમાં ‘રાજગૃહ’ નામનું પોતાનાં લાડકવાયાં પુસ્તકો માટે ઘર બાંધ્યું. અહીં ૨૫,૦૦૦ પુસ્તકો હતાં. આચાર્ય મોં.વા. દોંદે કહે છે: ‘ડૉક્ટર સાહેબ પુસ્તકોને જાનથી પણ વધારે પ્રિય માનતા અને જીવની જેમ એની જાળવણી કરતા. પોતાના ખાનગી પુસ્તકસંગ્રહ માટે પોતાના ઘરનો એક માળ ખાસ સંગ્રહાલય અને વાંચનાલયની સગવડતા માટે એમણે બાંધ્યો હતો, જે ધ્યાનમાં રાખવા જેવી બાબત છે. ડૉક્ટર સાહેબે પોતાનાં પુસ્તકો સચવાઈ રહે એ રીતે ઘર બાંધ્યું હતું. એક મોટું દીવાનખાનું, એમાં સભા માટે જગ્યા, પુસ્તકોથી ભરેલા કબાટો, ખુરસીઓ, જેમ-તેમ ગોઠવેલાં નાનાંટેબલો, દરેક બાજુ પુસ્તકોની લાઈનો. એટલું જ નહીં, કયું પુસ્તક ક્યાં છે, કયા રંગનું છે, એનું કવર કેવું છે, કયા કબાટમાં મૂકેલું છે એની માહિતી ડૉક્ટર સાહેબ અનેક વખતે ભૂલ વગર કહેતા એ મારો પોતાનો અનુભવ છે.’ બાબાસાહેબ હંમેશાં ભારતના જાણીતા બુક ડેપોમાંથી, લાઈબ્રેરીમાંથી તેમ જ જૂના પુસ્તકની બજારમાંથી પુસ્તકોની હંમેશાં ખરીદી કરતા. પુણેના ‘ભંડારકર બુક ડેપો’ બાબાસાહેબની પસંદગીની દુકાનમાંની એક હતી. બાબાસાહેબે પુણેના ગોપાલ કૃષ્ણ ગોખલેના ‘સર્વન્ટ્સ સોસાયટી ઑફ ઈન્ડિયા’ના વાંચનાલયમાં અભ્યાસ કર્યો હતો. રત્નાગિરિમાં રહેતા હતા ત્યારે એમણે ‘ટિળક જ્ઞાનમંદિર’ની મુલાકાત લીધી હતી.



મુંબઈના કાલબાદેવી વિસ્તારમાં ‘ન્યુ ઍન્ડ સેકન્ડહૅન્ડ’ પુસ્તકોની દુકાનમાં અનેક વર્ષ વ્યવસ્થાપક તરીકે કાર્યભાર સાંભળતા ચંદ્રકાન્ત રામરાવ માનકામે બાબાસાહેબના પુસ્તકપ્રેમના સાક્ષીદાર છે. ૧૯૪૭નો એ સમય હતો. માનકામે કહે છે: ‘એક પ્રસંગે ચાર-પાંચ પુસ્તકના ગઠ્ઠા લઈને હું બહાર ગયો. બહાર એક જૂની પુરાણી ગાડીમાં સૂટ-બૂટમાં આવેલી એક વ્યક્તિ બેઠેલી હતી. ગોરો રંગ, ચહેરા પર તેજ ધરાવતી એ વ્યક્તિને મેં એ પુસ્તકો આપ્યાં અને ગાડી નીકળી ગયા પછી હું દુકાનમાં પાછો આવ્યો. દુકાનમાં પ્રવેશ કરતાં માલિકે કહ્યું: ‘માનકામે, તમને ખબર છે એ કોણ હતા?’ મેં નકાર ભણ્યો. ‘અરે, એ બાબાસાહેબ આંબેડકર હતા.’ એવા વિદ્વાનની પરખ કોઈને પણ આવતી નથી. એ એક મહાન વ્યક્તિ હતા. ત્યાર પછી બાબાસાહેબ અમારી દુકાનમાં ઘણી વાર આવ્યા.’

મનોબળનું એમણે પાલન કર્યું અને એમની જીવન-પતાકા આગળ લહેરાતી ગઈ. આંબેડકરે ‘કોલમ્બિયા યુનિવર્સિટી’માં સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, માનવવંશશાસ્ત્ર, ઈતિહાસ અને પબ્લિક ફાઈનાન્સ વિષયોમાં ઊંડો અભ્યાસ કરીને એમ.એ., પીએચ.ડી. ડિગ્રી પ્રાપ્ત કરી. અમેરિકામાં એક વિદ્વાન પ્રોફેસરે એમ કહ્યું કે ‘આંબેડકરેની ડિગ્રીઓ કરતાં એમની અભ્યાસસાધના બમણી હતી. ભીમરાવે પોતાને જેમ અભ્યાસમાં મગ્ન રાખેલા એની સરખામણી અમેરિકામાં ક્યાંય નથી.’ બીજા પ્રોફેસરે એમ કહ્યું: ‘ભીમરાવ જેવા તેજસ્વી દીપક સમાન વિદ્યાર્થી મેં મારા જીવનમાં મેં જોયા નથી.’

આગળના અભ્યાસક્રમ માટે આંબેડકરે લંડન વિદ્યાપીઠમાં પ્રવેશ લીધો અને ડી.એસ.સી. માટે થિસિસ લખવાનું નક્કી કર્યું. એમણે ‘લંડન પોલિટિકલ સ્કૂલ’માં ઍડ્મિશન લીધું. ત્યાં એ નિયમિત રીતે લાઈબ્રેરીમાં જતા અને ગમતાં પુસ્તકો પોતાની પાસે રાખીને લાઈબ્રેરીનો દરવાજો બંધ થાય ત્યાં સુધી દરરોજ ૧૮-૧૮ કલાક સતત મનન, ચિંતન કરતા. સવારના એમને નાસ્તામાં જે મળતું એ ખાતા. પૈસાના અભાવે માઈલોના માઈલો ચાલતા. બપોરના જમવાને બદલે એમણે વાંચન કરીને સંતોષ માનતા. દુર્લભ પુસ્તકો મેળવવા માટે લાઈબ્રેરીમાં ખાસ વિનંતી કરતા. મનગમતાં પુસ્તકો દુકાનોમાં તેઓ સતત શોધતા રહેતા. દુકાનો ખુલ્લી હોય ત્યાં શોધતા અને બંધ દુકાનોને ખખડાવીને ખોલાવતા અને તપાસ કરતા અને રાત્રે ફરીથી થોડો આહાર લઈને રાતભર અભ્યાસમાં તલ્લીન રહેતા. આ એમની તપશ્ચર્યા! આવી હતી ડૉ. આંબેડકરની વિદ્યાઆરાધના. આવી કઠોર સાધનાથી એમણે ડી.એસ.સી. ડિગ્રી મેળવી.

## વિદ્યાના કર્મયોગી

ડૉ. આંબેડકર વિદ્યાના ખરા કર્મયોગી હતા. ‘Who were the Shudras and How they come to Fourth Varnas’ વિષય પર સંશોધન પુસ્તક લખતાં પહેલાં એમણે ખાસ ઋગ્વેદને દસ વાર વાંચ્યો હતો. સંસ્કૃત ભાષામાં કુશળ થવાની એમની આકાંક્ષા હતી. પોતાની મેળે જ એ સંસ્કૃત ભાષા શીખ્યા. અંગ્રેજી ભાષામાં એમનું અસામાન્ય પ્રભુત્વ હતું. એક વાર બાબાસાહેબને આંખની બીમારી થઈ. ડૉક્ટરે એમણે ‘વાંચન’ બંધ કરવાનું કહ્યું. એમને ઘણું દુઃખ થયું. આંખમાં આસું આવી ગયાં અને એમણે કહ્યું: ‘વાંચન છે ત્યાં સુધી મારું જીવન છે. વાંચન બંધ થશે તો હું વધારે દિવસ જીવવાનો નથી.’

ડૉ. આંબેડકર પોતાના પુસ્તકપ્રેમ વિશે હંમેશાં કહેતા: ‘પુસ્તકોના સહવાસમાં શાંત જીવન વિતાવવા જેવો બીજો આનંદ નથી. પુસ્તકે મને શીખવ્યું. નવી રાહ બતાવી અને મને આનંદનો લાભ કરી આપ્યો.’ એક વાર પંડિત મદનમોહન માલવિયાએ ‘બનારસ હિંદુ યુનિવર્સિટી’ માટે આંબેડકર પાસે પુસ્તકોની માગણી કરીને પાંચ લાખ રૂપિયા આપવાની તૈયારી દર્શાવી હતી, પરંતુ ડૉક્ટર સાહેબે કહ્યું: ‘મારાં પુસ્તકો મારાથી દૂર લઈ જશે એટલે મારો જીવ લઈ ગયા

એવું લાગશે.'

એક વાર 'કોલમ્બિયા યુનિવર્સિટી'એ પોતાના લાડકા વિદ્યાર્થીનું અભિનંદન કરવા માટે અને એલ.એલ.ડી.ની ડિગ્રી પ્રદાન કરવા માટે આંબેડકરને બોલાવ્યા. અમેરિકામાં આંબેડકર બીમાર થયા એટલે મુંબઈની કૉલેજના પ્રિન્સિપાલે બીમારીના ખબરઅંતર વિશે એમને પત્ર લખ્યો. ત્યારે નવાં પ્રકાશિત થયેલાં પુસ્તકોનુ પાર્સલ મુંબઈમાં આવ્યું હતું. આંબેડકરે જવાબમાં એવું લખ્યું: 'હું અહીંથી તાબડતોબ ભારતમાં પાછો આવીશ. એ પુસ્તકો મારે વાંચવાં છે. એ મારી લાઈબ્રેરીમાં લાવીને રાખો એટલું જ.' પોતાની બીમારી વિશે પત્રમાં લખ્યું નહીં. આટલી વિલક્ષણ શોખ એમને પુસ્તકોનો હતો.

જે જગ્યાએ પ્રાચીન યુનિવર્સિટી હતી એ બિહારની 'નાલંદા'ની પવિત્ર ભૂમિ જોઈને ડૉ. આંબેડકરની આંખમાં આંસુ આવી ગયેલાં. કોઈએ પૂછ્યું: 'બાબા, તમે કેમ રડો છો?' તો એમણે કહ્યું: 'આજે એમનાં દુર્લભ પુસ્તકો હોત તો એ મેં વાંચ્યાં હોત' આમાં પુસ્તકો માટેનો એમનો પ્રેમ આપણને જણાય છે. સતત અભ્યાસ કરીને એસત્ય સંશોધન કરતા.

## રેલવે સલૂન

બાબાસાહેબનું સૌથી ગમતું સ્થળ એટલે કે રેલવે સલૂન. 'પુસ્તકો વાંચવા સરળ થાય' એ આ પાછળનો હેતુ હતો. બાબાસાહેબ ૨૫ એપ્રિલ, ૧૯૪૮ના રોજ ઉત્તર પ્રદેશમાં યોજાયેલી શે.કા.ફે.ના અધિવેશન માટે ગયા હતા. એ વખતે ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ સરોજિની નાયડુ હતાં. બાબાસાહેબને લેવા માટે સરોજિની નાયડુ રેલવેસ્ટેશને પહોંચ્યાં. એમણે બાબાસાહેબને જણાવ્યું: 'ડૉક્ટર સાહેબ, હું તમને રાજભવનમાં લઈ જવા માટે આવી છું. તમે મારા નિમંત્રણનો સ્વીકાર કરો.' એ વખતે બાબાસાહેબે નમ્રતાથી જણાવ્યું: 'બહેન, હું પ્રવાસના સમયમાં સલૂનમાં રહીને લેખન-વાંચન કરું છું. કારણ મારાં પ્રાણપ્રિય પુસ્તકો મારી સાથે રહે છે. એને છોડીને હું ક્યાંય જતો નથી. હું મારા આ મિત્રો સિવાય એક મિનિટ પણ આરામથી બેસી શકતો નથી. આટલા મિત્રોને સાથે લઈને હું તમારા અતિથિગૃહમાં કેવી રીતે આવું?' નાયડુએ જણાવ્યું: 'એ તો ખરું છે, બાબાસાહેબ! હું જ્યાં જ્યાં નજર કરું છું ત્યાં ત્યાં મને તમારા ગમતા મિત્રોની ભીડ દેખાય છે. તમારો અભ્યાસ ઘણો ઊંડો છે. ભારતમાતાને તમારા જેવા જ્ઞાનવાન સુપુત્રો પર ગર્વ છે.'

■■

## વાંચનને સંગ

રાજકારણ, સમાજકારણ, અસ્પૃશ્યતા જેવા ક્ષેત્રમાં તેમ જ દેશનું બંધારણ લખનારા અતુલનીય કાર્ય કરવાની સાથે સાથે બાબાસાહેબે વાંચનનો રસ જાળવી રાખ્યો હતો. સામાજિક, રાજકીય ક્ષેત્રમાં કામ કરતી વખતે પોતાનાં મૂલ્યોનું અધપતન થાય નહીં એ માટે પુસ્તકોના વિચાર આપણને મર્યાદામાં રાખી શકે છે એની પૂરતી જાણકારી એમને હતી. જ્ઞાનની પ્રાપ્તિ અને વિચાર સમૃદ્ધ કરનારાં ઉપયોગી પુસ્તકોને બાબાસાહેબે જીવનભર હૃદયની નજીક રાખેલાં. 'બુદ્ધ અને એમના ધમ્મ' નામના ગ્રંથ પર ધીમે ધીમે હાથ ફેરવતાં છેલ્લો શ્વાસ લીધો.




અમુક વર્ષ પહેલાં ભૂકંપથી તારાજ થયેલા નેપાળના કાઠમંડુ શહેરમાં યોજાયેલી વિશ્વ બૌદ્ધ પરિષદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ખાસ ઉપસ્થિત રહેલા. આ પરિષદ ૨૦ નવેમ્બર, ૧૯૫૬ના રોજ આયોજિત થઈ હતી. એ પ્રસંગની યાદ વિશે દૈનિક 'બોધિસત્ત્વ'ના સંપાદક વી.રા. રણપિસે કહે છે: 'સવારનો સમય હતો, નવેમ્બર મહિનો અને એ પણ નેપાળમાં એટલે કે કેટલી ઠંડી! આજુબાજુ હિમાલયનાં સફેદ અને ઊંચા શિખરો અને એના મધ્ય ભાગમાં કાઠમંડુ શહેર વસેલું. કેટલું રમણીય એ દૃશ્ય! આટલી સખત ઠંડીમાં એક સવારે બાબાસાહેબની સાથે અમે કાઠમંડુ શહેરના વિહારની મુલાકાત લીધી. વિહાર પાસે શિલ્પકળાનું પ્રદર્શન ભરાયું હતું. એમાં બુદ્ધની મૂર્તિઓ ભવ્ય અને આકર્ષક હતી. એ જગ્યાએ બાબાસાહેબે ઘણો સમય વિતાવ્યો. બુદ્ધની પ્રત્યેક મુદ્રા વિશે એમણે કાર્યકર્તાઓ પાસેથી માહિતી એકઠી કરી.

બાબાસાહેબ થોડો સમય તડકામાં ખુરસીમાં બેઠા. એ દરમિયાન અમારી મોટર બહાર ગઈ હતી એ પાછી આવવામાં સમય લાગ્યો. અમે વિહારમાંથી બહાર નીકળતાં જ અમને રસ્તાની ડાબી બાજુએ 'પારમિતા' ગ્રંથ દેખાયો. એ જોવાનું અમે ભૂલ્યા નહીં. નેપાળી અને નેવારી ભાષામાં આ વિશ્વ ઉદ્ધારક બૌદ્ધ સાહિત્ય જોતા બાબાસાહેબને અતિ આનંદ થયો. 'નેવારી ભાષામાં બૌદ્ધ વાંગ્મય વેચાતું લઈને ભારતમાં લાવવું' એવી એમની ઘણી ઈચ્છા હતી, પરંતુ એમ થયું નહીં.

**ડૉ. બાબાસાહેબ આંબેડકર શ્રેષ્ઠ વકીલ હતા. મુંબઈ ઉચ્ચ ન્યાયાલયમાં વકીલાત કરનારા ડૉ. બાબાસાહેબ આંબેડકરે એક નિષ્ણાત બેરિસ્ટર તરીકેની નામના મેળવી હતી. એમની વિદ્વતા અને યુક્તિવાદે અનેકોનાં જીવનમાં સુખ, આનંદની જ્યોત પ્રજ્વલિત કરીને ન્યાય મેળવી આપ્યો. એમાંના અમુક હૃદયસ્પર્શી પ્રેરક પ્રસંગો.**

# નિષ્ણાત





**મિલિંદ નાગપૂરકર**


**ક્રાંતિસૂર્ય** ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર 'ભારતીય બંધારણના શિલ્પકાર અને દલિતોના પ્રાણ' તરીકે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. ઈંગ્લૅન્ડ, અમેરિકા ખાતે જગપ્રસિદ્ધ વિદ્યાપીઠમાં બાબાસાહેબનું વિચારશિલ્પ છે. શ્રીલંકામાં મધુરનકુલિયા ખાતે 'ડૉ. આંબેડકર કમ્યુનિટી સેન્ટર'માં એમના વિચારોના પ્રસાર-પ્રચાર થાય છે. ભારતના રાષ્ટ્રીય પુરુષો પૈકી ડૉ. આંબેડકરની પ્રથમ પ્રતિમા જાપાન દેશની પ્રાચીન ધમ્મભૂમિ ગણાતી કોયાસન ખાતે સાકાર થઈ છે. ભારતના પડોશી રાષ્ટ્ર પાકિસ્તાનમા આંતરરાષ્ટ્રીય પરિષદના અનુષંગમાં 'હમે ભી એક આંબેડકર ચાહીએ' એવી ચર્ચા શરૂ છે.

બાબાસાહેબ એક ઉત્તમ વકીલ હતા. ઊલટતપાસમાં એમણે અનેકોની નિંદા ઉઘાડી પાડી છે. ખટલામાં સત્ય ન્યાયાલયની સમક્ષ લાવીને અનેકને ન્યાય મેળવી આપ્યો. કોર્ટમાં કોઈ પણ કેસનો અભ્યાસ કર્યા સિવાય એ કોર્ટમાં જતા નહીં. એ માટે રાત્રે જાગરણ કરવાની પણ એમની તૈયારી રહેતી. એમના હાથ નીચેના વકીલો પણ સતત જાગરણથી કંટાળી જતા. કેસનો અભ્યાસપૂર્વક કેસ ચલાવવાથી  અનેક જજોએ એમના ચુકાદામાં બાબાસાહેબ માટે પ્રશંસા લખી છે. વિલક્ષણ, કુશાગ્ર બુદ્ધિ અને અંગ્રેજી પરના અસામાન્ય પ્રભુત્વને લીધે ન્યાયાધીશ પણ એમની દલીલો સાંભળતાં અચંબિત થતા. મુંબઈ ઉચ્ચ ન્યાયાલયમાં વકીલી કરનારા ડૉ. આંબેડકર એક નિષ્ણાત બેરિસ્ટર તરીકે જાણીતા થયા.

## ન્યાયાલયની લડતની શરૂઆત

એક પ્રસંગે નાસિક ખાતે ફર્સ્ટ ક્લાસ સબ જજ પંડિતે કહ્યું: 'આજે મારી કોર્ટમાં મુંબઈના એક યુવાન મહાર બેરિસ્ટર આવ્યા હતા. એમણે પોતાનું કામ એટલે કે સાક્ષીદારોની તપાસણી, ઊલટતપાસણી, વગેરે ઉત્તમ મુદ્દા રજૂ કર્યા અને કુશળતા બતાવી. આ વકીલ ઘણા મહેનતુ, વિદ્વાન અને ઉમદા જણાયા.' આગળ જતાં નાસિક શહેરમાંથી બાબાસાહેબને સપ્ટેમ્બર, ૧૯૨૩ની સાલમાં પુંજાજી લક્ષ્મણ જાધવ, આડગાંવ, જિલ્લો: નાસિકનો પ્રથમ કેસ મળ્યો. બાબાસાહેબના જીવનમાં પહેલી વાર ન્યાયાલયની લડતનો શુભારંભ થયો. જાધવ પાસે પિતાજીની ખેતી એક મારવાડી પાસે ગિરવે મૂકી હતી. બાબાસાહેબે ખેતી જાધવને પાછી મેળવી આપી.

## કડવા અનુભવ

બાબાસાહેબના ચરણસ્પર્શથી મહારાષ્ટ્રનાં અનેક ન્યાયાલય પાવન થયાં છે. બાબાસાહેબે સામાજિક ભાવનાથી અનેક ખટલા લડ્યા. લંડનમાં બેરિસ્ટરનું શિક્ષણ લેતા હતા ત્યારે બાબાસાહેબને ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડી. બેરિસ્ટર બનીને ભારતમાં આવ્યા અને મુંબઈમાં ઉચ્ચ ન્યાયાલયમાં વકીલાત કરવા લાગ્યા ત્યારે એમને અસ્પૃશ્યોનો કડવો અનુભવ થયો. બાર લાઈબ્રેરીમાં એ જે ટેબલ પર બેસતા ત્યાં ઉચ્ચ સમાજના વકીલો આવતા નહીં. ઉચ્ચ ન્યાયાલયનું કામકાજ આજે પણ એમણે અથાગ પરિશ્રમથી તૈયાર કરેલા બંધારણ અનુસાર જ ચાલે છે, જે એક ન્યાય જ છે.



બાબાસાહેબના જીવનચરિત્રના ઉત્તમ વ્યક્તિત્વનાં વિવિધ પાસાં જોઈએ તો કોઈ પણ આશ્ચર્યચક્તિ થઈ જાય. બાબાસાહેબ બેરિસ્ટર બનીને ભારતમાં આવ્યા ત્યારે કોલ્હાપુરના રાજર્ષિ છત્રપતિ શાહુ મહારાજે બાબાસાહેબનું રથમાં પ્રચંડ સરઘસ કાઢ્યું હતું. બાબાસાહેબ ત્યારે પરેલની ડબક ચાલીમાં રહેતા. ત્યાં પણ શાહુ મહારાજ સ્વયં બાબાસાહેબને અભિનંદન આપવા માટે ગયા હતા. એક બેરિસ્ટર થયેલા વિદ્વાન આવી સાદી ચાલીમાં રહેતા જોઈને મહારાજને આશ્ચર્ય લાગ્યું એમાં કોઈ નવાઈ નહીં. મહારાજે આશ્ચર્ય વ્યક્ત કરીને કહ્યું: 'બાબાસાહેબ, તમે આ ચાલીમાં રહીને કેટલા મહાન થયા એ બદલ હું તમને અભિનંદન આપું છું.' એ વિશે બાબાસાહેબે કહ્યું: 'આ ચાલીમાં રહીને, બાળકોના ઘોંઘાટવાળા ઘરમાં રહીને મેં આટલો અભ્યાસ કર્યો છે. મને કુટુંબની અથવા બાળકોની અડચણ ક્યારેય લાગી નથી. હું એક વાર જે અભ્યાસમાં એકાગ્રહ થઈ જાઉં ત્યારે મારા કાનને કોઈ પણ વાત સંભળાતી નથી.'

## વેધક ઊલટતપાસ

વરિષ્ઠ સ્વાતંત્ર્ય સૈનિક શંકરરાવ મોરે અને શંકરરાવ જેધેએ પુણે ખાતે કરેલા ભાષણમાં મહાન વિચારવંત અણ્ણાસાહેબ ભોપટકરની કડક શબ્દમાં ટીકા કરી હતી. ભોપટકરે તે અંગે પુણે ન્યાયાલયમાં મોરે અને જેધે સામે દાવો દાખલ કર્યો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર, શંકરરાવ મોરે અને શંકરરાવ જેધે વચ્ચે તીવ્ર રાજકીય વેર હતું, છતાં પણ એમણે પોતાનું વકીલપત્ર આંબેડકરને આપ્યું. સુનાવણીના દિવસે આંબેડકરે ભોપટકરની જબરદસ્ત ઊલટતપાસણી કરી. જવાબો આપતા ભોપટકરને પસીનો આવી ગયો. એમની ઊલટતપાસ અધૂરી રહી. એમણે આગળની તારીખ લીધી. અણ્ણાસાહેબ ભોપટકર મહારાષ્ટ્રના નામાંકિત વરિષ્ઠ વિચારક. એમની એટલી પૂછપરછ થઈ કે એમણે આગામી તારીખમાં દાવો પાછો લઈ લીધો.

ભારતીય બંધારણના શિલ્પકાર, કાયદાપંડિત ડૉ. બાબાસાહેબ આંબેડકરે થાણે કોર્ટમાં હાજર રહીને ચાર ખટલા લડ્યા હતા. ખાસ કરીને પનવેલ તાલુકામાં ચીરનેર સત્યાગ્રહમાં ધરપકડ થયેલા બ્રાહ્મણ આરોપીની તરફેણ બાબાસાહેબે માંડી હતી. એ હત્યાના આરોપના આઠ જણની તરફેણ માંડીને એમનો છુટકારો કરાવ્યો હતો.

## નિર્દોષ છુટકારો

જાન્યુઆરી, ૧૮૦૩ના સમયગાળામાં થાણે કોર્ટની શરૂઆત થઈ. દસ વર્ષ થવા છતાં હજુ ઈતિહાસના પુરાવા સાબૂત છે. મહાડ ખાતે ચવદાર તળાવના સત્યાગ્રહમાં પાંચ આરોપીને અલીબાગ કોર્ટે દોષી માનીને ચાર મહિના સખત મજૂરીની સજા ફરમાવવામાં આવી હતી. એ પ્રકરણમાં અપીલ થાણે

કોર્ટમાં કરી. એનો દલીલ કરવા માટે પ્રથમ ૨૪ સપ્ટેંબર, ૧૯૨૭ના રોજ બાબાસાહેબ થાણેમાં આવ્યા હતા. માત્ર જિલ્લા કોર્ટે નીચલી અદાલતનો નિર્ણય કાયમ રાખ્યો. વસઈ માણિકપુર ખાતે ખેડૂત અલેપ ડિબ્રેટ, શુક્રિયા આલાઈસ ફ્રાન્સિસ, બાસકિયો દમેલ અને જેસુલુસા આ શિક્ષક એમના પરના હત્યાનો ખટલો થાણે કોર્ટમાં ચાલુ હતો. એમની તરફેણમાં ૧૩ ઑક્ટોબર, ૧૯૨૮ના રોજ ડૉ. આંબેડકર થાણે કોર્ટમાં આવ્યા હતા. આ કેસમાં દરેક આરોપીનો નિર્દોષ છુટકારો થયો હતો.

## ફાંસી ટળી

હોટગી, દક્ષિણ સોલાપુરના શિવપ્પા પાટીલની ફાંસીની શિક્ષા બાબાસાહેબને લીધે અટકી. ઘટના ૧૯૩૬ સાલની છે. ભૂતપૂર્વ વિધાનસભ્ય ગુરુનાથ પાટીલના બંધુ સિદ્ધામપ્પા પાટીલે જણાવ્યું કે એક ખૂનના કેસમાં અંગ્રેજોએ મારા પિતાને ફાંસીની સજા ફરમાવી હતી. કેવળ બાબાસાહેબ આંબેડકરને લીધે જ એમનો નિર્દોષ છુટકારો થઈ શક્યો અને અમારા પાટીલ ઘરાણાનો વંશવેલો ચાલુ રહ્યો એથી આજે પણ અમારા ઘરાણામાં દેવી-દેવતાની પૂજા પહેલા બાબાસાહેબની પ્રતિમાની પૂજા થાય છે. છેલ્લાં ૭૨ વર્ષથી આ પરંપરા અમે જાળવી રાખી છે. બાબાસાહેબ દેવવાદી નહોતા. મહાપુરુષોનું દૈવીકરણ કરવું એ સમાજ હિતનું નથી, છતાં પણ એ મહામાનવ અમારા માટે દેવતા જ છે.

આ કેસ ડૉ. આંબેડકર લડવાના હોવાથી એ વિષય એ વખતે ચર્ચાનો બન્યો હતો. બાબાસાહેબને જોવા માટે અને એમના દલીલોને સાંભળવા માટે વિજાપુર ન્યાયાલયનો પરિસર યાત્રાના સ્થળ જેવો બન્યો હતો. પિતાનો છુટકારો થયા પછી મારા બંધુ ગુરુનાથ, બહેન હીરાબાઈ ને મારો જન્મ થયો અને અમે આ જગતમાં આવ્યાં. પછીથી ગુરુનાથ વિધાનસભ્ય બન્યા. પાટીલ ઘરાણાએ રાજકીય ક્ષેત્રમાં નામના મેળવી એ માત્ર બાબાસાહેબને લીધે જ. અમે એમના ઉપકારની ભરપાઈ કરી શકીશું નહીં. બાબાસાહેબના રૂપે અમારા પાટીલ કુટુંબ માટે ભગવાન સમાન જ માનું છું. ૧૪ એપ્રિલ એમના જયંતી દિને આખું કુટુંબ સાથે મળીને એમની પ્રતિમાની પૂજા કરીએ છીએ.

## વિદ્વતાથી પ્રચુર દલીલો

નાગપુર હાઈ કોર્ટમાં બાબાસાહેબ ૧૯૪૦ સાલમાં બાબા મુક્તાવનદાસનો કેસ લડવા માટે આવ્યા હતા. કોર્ટે બાબા મુક્તાવનદાસને ફાંસીની સજા ફરમાવી હતી. જે દિવસે નાગપુર હાઈ કોર્ટમાં આ કેસ શરૂ હતો એ દિવસે આખો પરિસરમાં બાબાસાહેબને જોવા માટે અને એમની વિદ્વતાથી પ્રચુર દલીલો સાંભળવા માટે એકઠા થયા હતા. એ વેળા હાઈ કોર્ટમાં પગ મૂકવાની જગ્યા નહોતી. લોકોની પ્રચંડ સંખ્યા જોઈને બાબાસાહેબે કહ્યું: 'આ રાજકીય સભા નથી, ન્યાયાલય છે.' બાબાસાહેબને લીધે બાબા મુક્તાવનદાસ નિર્દોષ છૂટી ગયા.

સાધારણ ૧૯૫૦ની ઘટના છે. મુંબઈના વીટી સ્ટેશન (હાલનું નામ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ) ખાતે બંસીલાલ બાબુ રામટેકેની ટિકિટ કલેક્ટર તરીકે નિયુક્તિ થઈ હતી. બંસીલાલ મૂળ રાજનાંદગાંવ ખાતેના રહેવાસી હતા. બંસીલાલ એક આરોપમાં જેલમાં ગયા હતા. બાબાસાહેબે બંસીલાલનો કેસ લડવા લીધો. એ એમને જેલમાં મળવા ગયા. બાબાસાહેબે બંસીલાલને કહ્યું: 'હું તને આરોપમાંથી મુક્ત કરી શકું છું. મારી ફી ઘણી છે. તું શું આપીશ?' બંસીલાલે જવાબ આપ્યો: 'બાબાસાહેબ, તમારા માટે હું આ જીવ પણ આપવા તૈયાર છું.' બાબાસાહેબે કહ્યું: 'જીવ નહીં. આ જીવનો બુદ્ધધમ્મના પ્રચાર-પ્રસાર માટે ઉપયોગ કર.' બંસીલાલે આગળ જતાં નોકરી છોડીને ધમ્મ-પ્રચારના કાર્યમાં વ્યતિત કર્યું. ડૉ. આંબેડકરજયંતી, બુદ્ધજયંતીમાં હાથી પર ફોટો મૂકીને સરઘસ કાઢે છે.




■■

**આધુનિક યુગમાં બાબાસાહેબના અસંખ્ય અનુયાયીઓએ દેશમાં વિહારો, સ્મૃતિસ્થળો ઊભાં કર્યાં. વિહારમાં, સ્મારક નજીક બાબાસાહેબના પવિત્ર અસ્થિકળશની વિધિવત્ સ્થાપના કરી. ભારતમાં અનેક સ્થળોએ બાબાસાહેબનાં અસ્થિ છે. એ સ્થાનોની રોચક, ઐતિહાસિક વાતો અચંબિત કરી નાખનારી છે તથા બાબાસાહેબના ઉદાર-ઉચ્ચ વિચારોનું પ્રતિબિંબ પૂરું પાડે.**



# બાબાસાહેબનાં અસ્થિસ્થળો

**એન. મિલિંદ**

**૬ ડિસેમ્બર,** ૧૯૫૬ ભારતીય બૌદ્ધોના જીવનનો શોકવાળો દિવસ. આ જ દિવસે ગરીબના, દલિતોના તારણહાર, કોટિ કોટિ જનોના ઉદ્ધારક, ભારતીય બંધારણના શિલ્પકાર ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરનું મહાપરિનિર્વાણ થયું. એ સમયે ભારતના જ નહીં, તો આંતરરાષ્ટ્રીય સ્તરના નેતાઓએ, સમાજસુધારકોએ બાબાસાહેબને શ્રદ્ધાંજલિ અર્પી. ભારતીય હિંદુ સમાજની અનિષ્ટ રૂઢિઓ વિરુદ્ધ કરેલા બંડનું પ્રતીક એવા ગૌરવવંતા ઉદ્‌ગાર પંડિત નેહરુએ લોકસભામાં કાઢ્યા.

બાબાસાહેબનું મહાપરિનિર્વાણ રાજધાની દિલ્હીમાં થયું તો અંત્ય સંસ્કાર મુબઈમાં થયા. એમની રાજગૃહ નિવાસસ્થાનથી મુંબઈના ઈતિહાસમાં ન ભૂતો ન ભવિષ્યતિ એવી અંતિમ મહાપ્રયાણ યાત્રા નીકળી. દેશના ખૂણે ખૂણેથી લાખો અનુયાયીઓ મહાપ્રયાણ યાત્રામાં સહભાગી થયા. જે-તે 'બાબા... બાબા...'ના આક્રંદ સાથે ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યું હતું. પથ્થરને પણ અશ્રુ ફૂટી નીકળે એવો એ હૃદયસ્પર્શી નિર્વાણપ્રસંગ હતો. ભીમ ચોપાટી પર, દાદર સ્મશાનભૂમિમાં બાબાસાહેબના પાર્થિવ દેહને ચિરંજીવ ભય્યાસાહેબે ૭ ડિસેમ્બર, ૧૯૫૬ના દિવસની સાંજે ૭:૩૦ વાગ્યે અગ્નિદાહ આપ્યો.

મહાપ્રયાણ યાત્રામાં સહભાગી બનેલા કેટલાક ભીમઅનુયાયીઓએ અપાર શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક બાબાસાહેબને કાવ્યસુમનની શ્રદ્ધાંજલિ અર્પણ કરી, કોઈકે મહાપરિનિર્વાણ પર પવાડા લખ્યા, કોઈકે રાખ કપાળે લગાડી તો કોઈકે મુઠ્ઠીભર અસ્થિ લીધી. મારા પિતાજી દિવંગત દાજીબાજી માનકર પણ આ મહાપ્રયાણ યાત્રામાં સહભાગી બન્યા હતા. બાબાસાહેબના પાર્થિવ દેહ પરના કમળપુષ્પ અને ચંદનની માળા એ શ્રદ્ધાપૂર્વક સાથે લઈ આવ્યા હતા. એ માળા આજે પણ જીવનના એક સનાતન સત્યની ડગલે-પગલે અનુભૂતિ કરી આપે છે. જીવન અનમોલ હોવા છતાંય એ નશ્વર છે. સવારે ખીલેલું ફૂલ સાંજે કરમાઈ જાય છે. એ જ રીતે આપણું જીવન પણ. જીવનનો પાઠ ભણાવનારી એ ચંદનમાળાને મારી બહેને ૫૦ વર્ષ સુધી જીવની જેમ સાચવી. કાલાંતરે એ ચંદનમાળા આજે નામશેષ થઈ ગઈ છે, પણ તેનો સ્મૃતિગંધ માનસપટલ પર સદંતર મઘમઘી રહ્યો છે.

મહાકારુણિક તથાગત બુદ્ધ જ્યારે મહાપરિનિર્વાણ પામ્યા ત્યારે એમનાં અસ્થિના આઠ ભાગ કરવામાં આવ્યા હતા. એના પર સ્તૂપ ખડા કરવામાં આવ્યા. એ પછી પ્રિયદર્શી સમ્રાટ અશોકે સંપૂર્ણ ભારતમાં ૮૪,૦૦૦ સ્તૂપ, વિહાર ઊભા કર્યાના ઐતિહાસિક દાખલા છે. અશોકનો એ જ આદર્શ, એ જ પ્રેરણા સામે રાખી આધુનિક યુગમાં બાબાસાહેબના અસંખ્ય અનુયાયીઓએ દેશમાં વિહારો, સ્મૃતિસ્થળો ઊભાં કર્યાં. વિહારમાં, સ્મારક નજીક બાબાસાહેબના પવિત્ર અસ્થિકળશની વિધિવત્ સ્થાપના કરી. ભારતમાં અનેક સ્થળોએ બાબાસાહેબનાં અસ્થિ છે. એ સ્થાનોની રોચક, ઐતિહાસિક વાતો અચંબિત કરી નાખનારી છે. બાબાસાહેબના ઉદાર-શ્રેષ્ઠ વિચારોનું પ્રતિબિંબ એ પૂરું પાડે છે. ૬ ડિસેમ્બરે બધાને ચૈત્યભૂમિ પર જવું શક્ય હોતું નથી. નજીકના સ્મૃતિસ્થળની મુલાકાત લઈ બાબાસાહેબ પ્રતિ આદરભાવ વ્યક્ત કરી શકાય એવા શ્રેષ્ઠ હેતુથી આ સંકલનનું સાહસ હું કરું છું.

## સિદ્ધપિંપરી

નાસિકના આડગાવના ભૂમિપુત્ર પરેશ લહાનુજી લોખંડે ડૉ. બાબાસાહેબના અંગરક્ષક હતા. એથી

બાબાસાહેબનો સ્પર્શ સિદ્ધપિંપરીને મળ્યો. ડૉ. બાબાસાહેબની એક હૃદયસ્પર્શી યાદ ખાસ કહેવામાં આવે છે. બાબાસાહેબ એક વાર પિંપરીના રાજમહેલમાં સભા માટે આવ્યા હતા. ત્યારે સભાસ્થળે એમણે ક્યાં બેસાડવા એ પ્રશ્ન ઊભો થયો. ગામમાં કોઈ પાસે જ ખુરસી નહોતી. અંતે ગામના દરજી મુનીર ચાંદભાઈની ખુરસી લઈ આવવામાં આવી અને સભા વ્યવસ્થિત પાર પડી. મુનીર ચાંદભાઈએ આ ખુરસી બાબાસાહેબની યાદ તરીકે હજુ પણ સાચવી રાખી છે.

લોખંડે બાબાસાહેબની અંત્યવિધિ બાદ અસ્થિ સિદ્ધપિંપરીમાં લઈ આવ્યાં. અસ્થિ લાવ્યા બાદ લોખંડેએ ગામવાસીઓને કહ્યું કે અહીં આપણે બાબાસાહેબનો સ્તૂપ ઊભો કરવો છે. ગ્રામવાસીઓએ એમની વિનંતીને માન આપ્યું. ગ્રામવાસીઓએ લોકસખાવતના જોરે ૩૦ મે, ૧૯૫૮ના સ્તૂપ સ્થાપન કર્યો. આ સ્તૂપ ઊભો કરવા માટે પરેશ લોખંડે સહિત તત્કાલીન સમાજસેવક પોલીસ પાટીલ હાડકૂ જાધવ, સરપંચ મુરલીધર લોખંડે, દામોજી નિકમ, રામભાઉ જાધવ, બાબુરાવ લોખંડે, જંગલ લોખંડે, બાબુરાવ નિકમ, અર્જુન નિકમ, કોંડાજી લોખંડે, નાગેશ લોખંડે, રાવબા લોખંડે, અનાજી લોખંડે, નામદેવ લોખંડેનું પણ યોગદાન છે. બાબાસાહેબનું ગ્રામવાસીઓએ ઊભો કરેલો દેશનો આ પહેલો સ્તૂપ છે. આ સ્તૂપમાં બાબાસાહેબનાં અસ્થિ ચાંદીની ડબ્બીમાં સંસદસભ્ય ભાઉરાવ કૃષ્ણરાવ ગાયકવાડ, બાબાસાહેબના ભત્રીજા મુકુંદરાવ આંબેડકરની પ્રમુખ ઉપસ્થિતિમાં આપવામાં આવ્યાં. દર વર્ષે સિદ્ધપિંપરીમાં ૩૦ મેના દિવસે સ્તૂપદિન ઊજવવામાં આવે છે. ૬ ડિસેમ્બરે જેમને મુંબઈની ચૈત્યભૂમિ જવું શક્ય બનતું નથી એ હજારોની સંખ્યામાં અહીં દર્શનાર્થે આવે છે.



## આંબડવે

વિશ્વભૂષણ પ્રકાંડ પંડિત ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરનું મૂળ ગામ રત્નાગિરિ જિલ્લાના મંડણગઢ તાલુકાનું આંબડવે! આંબેડકરી જનતાનું જ નહીં તો ફૂલે-શાહુ આંબેડકર ચળવળના બધા જ અને તમામ ભારતીયોનું એક સ્ફૂર્તિ અને પ્રેરણાસ્થાન બન્યું છે. આજે જે સ્થળે ડૉ. આંબેડકરનું સ્મારક છે એ સ્થળે એક ખૂણામાં દસ બાય પંદર હાથ લાંબી માટીની ભીંત અને ઘાસના છાપરાવાળું એમનું વડીલોપાર્જિત ઘર હતું. એ જ સ્થળે આ સ્મારકના એટલા જ આકારના એક ઓરડામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનું પૂતળું બેસાડ્યું હોવાથી એ સ્થળે એમનો અસ્થિકળશ મૂકવામાં આવ્યો છે. બાબાસાહેબના સુપુત્ર યશવંત ઉર્ફે ભય્યાસાહેબ આંબડવે ગામમાં આવતા. ફેબ્રુઆરી, ૧૯૬૨માં એમને એમના મૂળ ઘર સામે નાનકડો બૌદ્ધવિહાર બાંધ્યો હતો. બાબાસાહેબની આ મૂળ ભૂમિનાં દર્શન કરવા માટે, એ ભૂમિની ધૂળ માથે લગાડી આ ભૂમિને અભિવાદન કરવા માટે રોજ મહારાષ્ટ્રમાંથી જ નહીં તો દેશના ખૂણેખાંચરેથી દલિત બંધુઓ અને આંબેડકરી ચળવળના લોકો આવતા હોય છે.

## ચૈત્યભૂમિ

ચૈત્યભૂમિ એક સ્તૂપ હોવાથી એ ડૉ. બાબાસાહેબ આંબેડકરનું સ્મૃતિસ્થળ છે. આ જ સ્થળે બાબાસાહેબના અંત્યસંસ્કાર થયા હતા. સ્તૂપ એટલે એક બૌદ્ધશિલ્પ સ્મારક છે. બૌદ્ધ બંધુઓનું વિહાર કહેવાય છે. ચૈત્ય મૃત વ્યક્તિઓ કાજે બાંધવામાં આવે છે. મહાન વ્યક્તિઓનાં અસ્થિ જમીનમાં દાટી એના પર પથ્થર અને માટીનો ઢગલો રચવામાં આવે છે. એ સ્થળે એ વ્યક્તિની યાદમાં સ્તૂપ બાંધવામાં આવે છે. મુંબઈની ચૈત્યભૂમિના પ્રવેશદ્વાર પર અશોકસ્તંભ હોવાથી ચૈત્યભૂમિના સ્તૂપની અંદરના ભાગમાં બુદ્ધ અને બાબાસાહેબની મૂર્તિઓ ગોઠવેલી છે. પુરંદરે સ્ટેડિયમ મુંબઈ ખાતે ૨૪ નવેમ્બર, ૧૯૬૮ના દિવસે પંચશીલ નગરમાં અખિલ ભારતીય બૌદ્ધ પરિષદનું ખુલ્લું અધિવેશન ભરાયું હતું. એ વખતે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન માનનીય વસંતરાવ નાઈક ચૈત્યભૂમિ પરના સ્તૂપના સ્મારકનું એક જ્યોત પ્રજ્વલિત કરી ઉદ્‌ઘાટન કર્યું. અધ્યક્ષ ખ. દાદાસાહેબ ગાયકવાડના હસ્તે બાબાસાહેબના અસ્થિકળશની સ્થાપના સ્તૂપમાં કરવામાં





## દીક્ષાભૂમિ

લાખો દુ:ખી જીવોને જીવવાનો નવો રાહ બતાવનારા ક્રાંતિસ્થળ તરીકે નાગપુરની દીક્ષાભૂમિની નામના છે. આ જ પવિત્ર ભૂમિ પરથી ડૉ. બાબાસાહેબ આંબેડકરે ૧૪ ઑક્ટોબર, ૧૯૫૬ના દિવસે ધમ્મચક્ર ગતિમાન કર્યું હતું. બ્રહ્મદેશના વયોવૃદ્ધ મહાસ્થવીર ચંદ્રમણિના હસ્તે બાબાસાહેબે બૌદ્ધ ધમ્મનો સ્વીકાર કર્યો. ઉપસ્થિત જનસમુદાયને બાબાસાહેબે તિસરણ, પંચશીલ અને ૨૨ પ્રતિજ્ઞાઓ આપી. તે સમયે ‘બાબાસાહેબ કરે પુકાર, બૌદ્ધ ધમ્મ કા કરો સ્વીકાર’ના ગગનભેદી નારાઓ સાથે નભમંડળ ગાજી ઊઠ્યું હતું. કાલાંતરે અહીં ત્રણ કરોડ રૂપિયા ખર્ચી દીક્ષાભૂમિ પર દેશનો સૌથી મોટો સ્તૂપ બંધાયો. સ્તૂપની ઊંચાઈ ૧૨૦ ફૂટ છે. પ્રખ્યાત શિલ્પકાર શિવદાનમલની ભૂમિકા મહત્ત્વની છે. સ્તૂપની ચારે દિશામાં જગપ્રસિદ્ધ સાંચી સ્તૂપ જેવાં તોરણદ્વાર બંધાયાં છે. સ્તૂપનો પાયાભરણી સમારંભ જૂન, ૧૯૭૮માં વિશ્વ બૌદ્ધ પરિષદના અધ્યક્ષ ભદંત આલ્બર્ટ એડિરેસિંગે (શ્રીલંકા)ના હસ્તે થયો. દીક્ષાભૂમિ પર આંબેડકર સ્મારકનો પાયો કર્મવીર દાદાસાહેબ ગાયકવાડે રચ્યો તો રા.સુ. ગવઈએ કળશ સ્થાપના કરી. દર વર્ષે વિજયાદશમીએ નાગપુરમાં ધમ્મચક્ર પ્રવર્તન દિવસ ઊજવવામાં આવે છે. દીક્ષાભૂમિના મધ્યવર્તી સ્મારકમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં પવિત્ર અસ્થિ મૂકવામાં આવ્યાં છે. સ્મારક સમિતિના અધ્યક્ષ રા.સુ. ગવઈના હસ્તે આ પ્રતિસ્થાપના થઈ. ધમ્મચક્ર પ્રવર્તન દિવસના રૌપ્ય મહોત્સવ વર્ષ નિમિત્તે બાબાસાહેબનાં અસ્થિ ‘સિદ્ધાર્થ કૉલેજ-મુંબઈ’ તરફથી સમિતિને મળ્યાં.

આવી. ચૈત્યભૂમિ સ્મારકની ચારે બાજુએ બે ફૂટ વ્યાસના ચાર સ્તંભ ઊભા કરવામાં આવ્યા છે. સ્મારકના પાયા નીચે જમીનમાં રેન્ફોર્લ્ડ સિમેન્ટ કૉન્ક્રીટના થાંભલા નાખવામાં આવ્યા હોવાથી એની પર ૫૩ ઊંચાઈનો ઓટલો બાંધવામાં આવ્યો. આ ઓટલા પર ચારે બાજુએ છ ફૂટ જગ્યા ખુલ્લી છોડી દઈ સ્તૂપના આકારનો ૨૨ ફૂટ ઊંચો અને ૨૬ ફૂટ વ્યાસનો સુંદર ઘુમ્મટ છે. ઘુમ્મટ પર નાનકડી છત્રી મૂકવામાં આવી છે. એ માટે કાળો એક ચોરસ ફૂટ પાકી ઘડામણીનો પીળો પથ્થર વાપરવામાં આવ્યો. ઘુમ્મટ સામેનાં દ્વાર સાંચીના સ્તૂપ પ્રમાણે મૂકવામાં આવ્યાં છે તેમ જ ઘુમ્મટની અંદર મધ્યમાં (ઓટલા પર) આઠ ફૂટ ઊંચાઈનો ભરેલો સ્તૂપ અને એમાં બોધિસત્ત્વ બાબાસાહેબ આંબેડકરનાં પવિત્ર અસ્થિ મૂકવામાં આવ્યાં છે



## અભિવાદન ભૂમિ

ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ બાદ એમના અસ્થિ અનુયાયીઓએ સાથે લીધાં. એનું શ્રદ્ધાપૂર્વક જતન કર્યું. એમાં સાંગલી જિલ્લાનું એક ગામ આરગ છે. ૯ ડિસેમ્બર, ૧૯૫૬ના દિને બાબાસાહેબના અસ્થિ આરગ ગામમાં આવ્યાં. એ સમયે ગામના અનેક દલિત યુવાનો તમાશામાં તેમ જ ‘સમતા સૈનિક દળ’માં કામ કરતા હતા. મહાપરિનિર્વાણ દિવસે પણ એમાંના કેટલાક તમાશા અર્થે મુંબઈમાં હતા. એમને ‘સમતા દળ’ના માધ્યમ થકી બાબાસાહેબનાં અસ્થિ મેળવવાનો પ્રયત્ન કર્યો. એ કેટલાક દિવસો બાદ મળશે એમ જણાવવામાં આવ્યું. એ અનુસાર સાંગલીના બાપટ વસતિગૃહમાં કેટલાક દિવસે અસ્થિનું પાર્સલ ટપાલ દ્વારા આવ્યું. આરગમાં બૌદ્ધ વસાહતમાં એક નાનકડા વિહારમાં કળશમાં બાબાસાહેબનાં અસ્થિ મૂકવામાં આવ્યાં. એની નિયમિત સંભાળ અને પૂજા-અર્ચના શરૂ થઈ. ૧૯૯૪-૯૫માં બૌદ્ધ ભિખ્ખુનો એક સમૂહ ગામમાં આવ્યો. ‘જમીન તળે અસ્થિ હોઈ એની પર ઊભા

રહી પૂજા-અર્ચના કરવી યોગ્ય નથી' એમ એમણે કહ્યું. એમની સૂચના અનુસાર વિહાર બાંધવાનું નક્કી થયું. ૬ ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ જિલ્લા બહારના હજારો અનુયાયીઓની ઉપસ્થિતિમાં અસ્થિ બહાર કાઢવામાં આવ્યાં. દર્શનાર્થે મૂકવામાં આવ્યાં. આ પરિસરનું નામકરણ 'અભિવાદન ભૂમિ' કરવામાં આવ્યું. હાલ બાજુમાં જ એક હૉલમાં ઓટલા પર કળશમાં અસ્થિ મૂક્યાં છે.

## પ્રતિ ચૈત્યભૂમિ

સાતારા જિલ્લાના ફલટણ ગામને બાબાસાહેબનો પદસ્પર્શ થયો. ૨૩ એપ્રિલ, ૧૯૩૯ના રોજ બાબાસાહેબની ફલટણ ખાતે પ્રજા પરિષદ થઈ. બપોરે બાબાસાહેબે રાજમહેલમાં શ્રીમંત માલોજીરાવ ના. નિંબાળકરની મુલાકાત લીધી. આ પરિષદનાં પ્રત્યક્ષદર્શી પ્રખ્યાત લેખિકા બેબીતાઈ કાંબળે કહે છે કે મારા પરદાદા સ્વયંસેવક હોવાથી મને બાબાનાં ખૂબ જ નજીકથી દર્શન થયાં. મોટરનો દરવાજો ખૂલ્યો અને બાબાનું પગલું ધરતી પર પડ્યું. એવું જ મેં બૂટ પર માથું મૂક્યું. ઉપર જોયું તો એ બાબાની ભવ્ય-દિવ્ય મૂર્તિ.

બાબાસાહેબના મહાપરિનિર્વાણ બાદ ફલટણ તાલુકાના નીંભોરે ગામના રહેવાસી સીતારામ પિરાજી કાંબળે, રામુ કાંબળે, શિવરામ કાંબળે બાબાસાહેબના ભક્તો અંત્યયાત્રામાં સહભાગી થવા માટે મુંબઈ ગયા હતા. એ વખતે એ બાબાસાહેબનાં અસ્થિ ગામ લઈ આવ્યા. આની જિલ્લાના મોટા ભાગના ભીમ અનુયાયીઓને ખબર નહોતી. ગામના ઉત્સાહી યુવામંડળે આ બાબત જનજાગૃતિ લાવી આ સ્થળે બુદ્ધવિહાર ઊભો કર્યો. એ પર તથાગતની ધ્યાનાસ્થ પ્રતિમા બિરાજમાન છે. બાજુમાં સ્થૂળ બાંધણીના સ્થંભો છે. આ વિહારની છતમાં સ્ટીલ ધાતુના કુંભમાં બાબાસાહેબનો અસ્થિકળશ ટીંગાડેલો છે. જેમણે અવિશ્રાંત પરિશ્રમ કરી બાબાસાહેબનાં અસ્થિ નીંભોરે ગામમાં આણ્યા એ સીતારામ પિરાજી કાંબળેનું છાયાચિત્ર પણ વિહારમાં લગાડવામાં આવ્યું છે.

બાબાસાહેબનાં અસ્થિ દર વર્ષે ૬ ડિસેમ્બરના



अंकलखोप

જનતાના દર્શનાર્થે મૂકવામાં આવે છે. ૨૦૧૦ના ૬ ડિસેમ્બરે તાલુકાનાં વિવિધ ગામોથી ભીમ સૈનિકોએ નીંભોરે ગામ સુધી અભિવાદન રેલી કાઢી અસ્થિકળશનાં દર્શન કર્યાં. ત્યારે વિવિધ સંગઠનોએ એકત્રિત થઈ દર વર્ષે મહાપરિનિર્વાણ દિને બાબાસાહેબને અભિવાદન કરવા માટે નીંભોરે ખાતે એકત્રિત થવાનો સંકલ્પ જાહેર કર્યો. ત્યારથી નીંભોરે ગામ 'પ્રતિ ચૈત્યભૂમિ' તરીકે નામના પામ્યું.




## ચૈત્ય સ્મારક


ગામ પાનગાવ તાલુકો રેણાપુર, જિલ્લા લાતુરના નાગરિકોને બાબાસાહેબના મહાપરિનિર્વાણના સમાચાર ૬ ડિસેમ્બરે રેડિયો દ્વારા મળ્યા. સમાચાર સાંભળતાં જ અમુક સ્વસ્થ યુવાનોને લકવો પણ થયો. એ નીચે ફસડાઈ પડ્યા. બાબાસાહેબના વિચારો પ્રસરાવનારા લીંબાજી આચાર્ય ધ્રુસકે ધ્રુસકે રડતા હતા. હું અત્યારે જ મુંબઈ જઈશ બાબાનું અંત્યદર્શન લઈશ એમ બોલતાં જ દગડુ ધોંડિબા આચાર્ય, વૈજનાથ કોંડિબા આચાર્ય, પ્રભાકર રામરાવ આચાર્ય, સૂર્યભાન માધવ આચાર્ય આ યુવાનમંડળી પણ તૈયાર થઈ મુંબઈ ચૈત્યભૂમિ પહોંચી.

૭ ડિસેમ્બરે સવારે રક્ષાવિધિનો (રાખ) કાર્યક્રમ હોવાથી અને ત્યાર બાદ આપણને ગિરદીમાં મળવું પણ અઘરું થઈ પડશે એવો વિચાર કરી લીંબાજી સહિત બધી પાનગાવકર મંડળી અંત્યસંસ્કાર સ્થળે અસ્થિદર્શને નીકળી. નજીક જતાં જ ત્યાં પહેરો ભરતા પોલીસ અને 'સમતા દળ'ના જવાનોએ એમને અટકાવી આગળ જવા પર પ્રતિબંધ કર્યો. 'હું બાબાનો નિષ્ઠાવાન કાર્યકર્તા છું. હું ખૂબ દૂરથી આવ્યો છું. હું હાથ જોડું છું. તમને પગે લાગુ છું. છેલ્લાં દર્શન તો લેવા દો.' કહેતો એ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. 'બાબાસાહેબનાં અંત્યદર્શન લેવા ન દેશો તો હું આ થાંભલે માથું અફાળી મારો જીવ આપી દઈશ.' એમ કહી અક્ષરશઃ એણે થાંભલે માથું અફાડ્યું. આ જોઈ પોલીસ અને 'સમતા દળ'ના જવાનોની આંખમાં પાણી આવી ગયાં. એમને પણ સમજાઈ ગયું કે ખરેખર બાબાસાહેબ માટે જીવ આપી દેનારા આ માણસો છે. અંતે એમને દૂરથી દર્શન કરવાની પરવાનગી આપી.

■■

# ‘મૂકનાયક’ની શતાબ્દી

મહેન્દ્ર ગાયકવાડ



मूकनायक

काय करूं आतां धरूनियां भीड । निःशंक हें तोंड वाजविलें ॥
नव्हे जगीं कोणी मुकीयांचा जाण । सार्थक लाजून नव्हे हित ॥

मुंबई, शनिवार ता. १४ फेब्रुवारी १९२०.

मूकनायक.

**દેશના** અસ્પૃશ્યોની સ્થિતિ બદલવા માટે એ કાર્યોને દિશા આપવાની હતી. એમને અસ્મિતાનું અસ્તિત્વ બહાલ કરવાનું હતું. આ જરૂરત ધ્યાનમાં લઈ ડૉ. બાબાસાહેબ આંબેડકરે ‘મૂકનાયક’ પાક્ષિકનો પહેલો અંક શનિવાર, ૩૧ જાન્યુઆરી, ૧૯૨૦ના રોજ પ્રકાશિત કર્યો. એનો રજિસ્ટર નંબર બ-૧૪૩૦ હતો. આ પાક્ષિક ૧૪, હરારવાલા બિલ્ડિંગ, પોયબાવડી, પરેલ, મુંબઈ કાર્યાલયમાંથી પ્રકાશિત થતું હતું. ‘મૂકનાયક’ પાક્ષિકની જુદી જ વિશેષતા છે. ‘મૂકનાયક’ શીર્ષક હેઠળ સંત તુકારામના અભંગનું પદ લખેલું હતું:

**કાય કરું આતા ધરુનિયા ભીડ**
**નિઃશંક હે તોંડ વાજવિલે મમ**
**નવ્હે જગી કોણી મુકીયાચા જાણ**
**સાર્થક લાજુન નવ્હે હિત**

સંત તુકારામ વિદ્રોહની પરંપરા જાળવનારાઓ મહારાષ્ટ્રની ભૂમિના જ છે. એમની અભંગવાણી એકવીસમી સદીમાં પણ કેટલી પ્રેરણાદાયી છે એની સમજ આજે પણ આપણને બધાને થાય છે.

## અર્થપૂર્ણ

‘મૂકનાયક’ની જમણી બાજુ પર વાર્ષિક કિંમત અઢી રૂપિયા તો ડાબી બાજુએ જાહેરાતના દર; પ્રથમ વખતના ૫ અને બીજી વખતના ૪ આના, કાયમી અઢી આના એ પ્રકારના દર પણ છાપેલા હતા. ‘મૂકનાયક’ પાક્ષિકના કુલ ૧૯ અંક પ્રકાશિત થયા. દરેક અંકની અલગતા હતી. લોકોનું ખરા અર્થમાં પ્રતિનિધિત્વ કરનારું ‘મૂકનાયક’ અર્થપૂર્ણ નામ હતું. ‘મૂકનાયક’ અલ્પકાળ જીવ્યું હોય તો પણ તત્કાલીન અસ્પૃશ્ય સમાજને સદાકાળ જાગૃત કરી ગયું. એ એકાદ તારા પ્રમાણે પ્રકાશયાત્રી ઠર્યું. સમાજ પ્રબોધનની ટેક લઈ જનસામાન્યનો અવાજ બુલંદ કરતાં આવડ્યો. ફરિયાદો કરતા આવડી. ‘મૂકનાયક’ પાક્ષિકનો જન્મ જ્ઞાતિઅંત પર્વની ચિનગારી હતો એમ કહીએ તો પણ ખોટું નથી.

**‘મૂકનાયક’ એ ડૉ. બાબાસાહેબ આંબેડકરે કાઢેલું પહેલું પાક્ષિક. આંબેડકરી ચળવળના મુખપત્રનું આ શતાબ્દી વર્ષ.**
**સો વર્ષ પૂર્વે એકાદું અખબાર-માસિક-નિયતકાલિક અથવા પાક્ષિક કાઢવું અત્યંત અઘરું હતું. આવા સમયે ડૉ. બાબાસાહેબ આંબેડકરે ‘મૂકનાયક’ પાક્ષિક કાઢ્યું. એ અસ્પૃશ્ય સમાજની જરૂરત હતી. કારણ ડૉ. બાબાસાહેબ આંબેડકરને અસ્પૃશ્યોની વ્યથા વેદનાને વાચા આપવી હતી.**

## અગ્રલેખમાંથી શીખ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ‘સિડનહેમ કૉલેજ’માં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક હતા. એથી ‘મૂકનાયક’ પાક્ષિકના સંપાદક બન્યા નહીં, પરંતુ સંપાદકની જવાબદારી પાંડુરંગ નંદરામ ભાટવડેકર પાસે હતી. પછીના સમયમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર શિક્ષણ પૂર્ણ કરવા માટે પરદેશ ગયા ત્યારે જ્ઞાનદેવ ઘોલપે ‘મૂકનાયક’ની જવાબદારી સ્વીકારી, પરંતુ આર્થિક ગરબડને કારણે ડૉ. બાબાસાહેબ આંબેડકરે એમને પદમુક્ત કર્યા. ડૉ. બાબાસાહેબ આંબેડકરની વૃત્તપત્રિય કારકિર્દી ૧૯૨૦થી શરૂ થઈ, પરંતુ ૨૭ જાન્યુઆરી, ૧૯૧૯માં સાઉથ બ્યૂરો સમિતિ સામે સાક્ષી આપી અને અસ્પૃશ્યોની કેફિયત લિખિત સ્વરૂપે રજૂ કરી. ‘મૂકનાયક’માં એમના કુલ ૧૫ લેખ-અગ્રલેખ છે. એમાંથી ૧૧ અગ્રલેખ વર્તમાન (વાસ્તવ) અને ભવિષ્યની આગાહી કરનારા છે. ઓગણીસમા શતકના અગ્રલેખ એકવીસમી સદીને પણ તંતોતંત લાગુ પડે છે. આજની રાજકીય પરિસ્થિતિનાં લેખાં-જોખાં એમના અગ્રલેખની યાદ આપે છે. સામાજિક-ધાર્મિક લેખોની માર્મિકતા

અધોરેખિત કરી શકાય. અસ્પૃશ્ય-બહિષ્કૃત વર્ગને 'મૂકનાયક' પાક્ષિકે વિચારોનું ખાદ્ય પૂરું પાડ્યું. 'મૂકનાયક'ની અલૌકિક સજ્જડ કામગીરીને લીધે લોકલડાઈ યશસ્વી કરતાં આવડી. ઉદાહરણ તરીકે, મહાડ ચાવદાર તળાવનો સત્યાગ્રહ અને નાસિકના કાળારામ મંદિરનો સત્યાગ્રહ-પર્વતી સત્યાગ્રહ, વગેરે.

## ધર્મ અને સમાજવ્યવસ્થા

ડૉ. બાબાસાહેબ આંબેડકરે 'મૂકનાયક' પાક્ષિક સાથે સમાજજીવનમાં ખરા અર્થે પદાર્પણ કર્યું. તત્કાલીન સમાજવ્યવસ્થાએ-સનાતન ધર્મએ અસ્પૃશ્ય વર્ગને અજ્ઞાન અંધશ્રદ્ધાની ખીણમાં ધકેલી દીધો હતો. અસ્મિતા અને અસ્તિત્વ હરી લીધાં. એમને આર્થિક શૈક્ષણિક રીતે બંધિસ્ત કર્યા. અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય પર અંકુશો મૂક્યા હતા. આવી અવહેલના કરનારા સનાતન ધર્મ માટે બાબાસાહેબ લખે છે કે હિંદુ સમાજ એક ઈમારત છે અને જાત એટલે એનો એક માળ. બીજે માળે જવા માટે માર્ગ જ નથી. જે માળ પર જે જન્મે એ જ માળ પર એણે મરવાનું. નીચેના માળનો માણસ ગમે એટલો લાયક હોય; એને ઉપરના માળ પર પ્રવેશ નહીં. ઉપલા માળનો માણસ ગમે એટલો નાલાયક હોય એને નીચેના માળે ધકેલી મૂકવાની કોઈની તાકાત નથી. (મૂકનાયકઃ ૩૧ જાન્યુઆરી, ૧૯૨૦) ડૉ. બાબાસાહેબ આંબેડકરે સમગ્ર હિંદુ ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો. આંબેડકર બ્રોકન મેનની થિયરી માંડે છે.

સામાજિક-વૈચારિક જાગૃતિથી ઓતપ્રોત બનેલા અગ્રલેખ કેવળ પરિપૂર્ણ ક્રાંતિની દિશા જ નહીં તો માણસને પ્રતિષ્ઠા-સન્માન બહાલ કરવાનું સાહસ 'મૂકનાયક'માંથી કરવામાં આવ્યું છે. પરિપૂર્ણ ક્રાંતિનું પ્રતિનિધિત્વ કરતા લેખમાંથી સમાજને બોલતો કરવાની ભાષા અને અન્યાય, અત્યાચારને વાચા આપનારી ભાષા હતી. શિક્ષણનો વિચાર અંતર્ભૂત હતો. આ સંદર્ભમાં બાબાસાહેબ આંબેડકર કહે છે કે પ્રાથમિક શિક્ષણ છોકરાઓને ને છોકરીઓને મફત અને ફરજિયાત શક્ય એટલું જલદી શરૂ થવું જોઈએ (મૂકનાયકઃ ૫ જૂન, ૧૯૨૦).

## વિષમતાવાદી ધોરણ પર પ્રહાર

ડૉ.બાબાસાહેબ આંબેડકરના 'મૂકનાયક' પાક્ષિકમાંના વિચાર અત્યંત માર્મિક-ભેદક છે. તત્કાલીન લેખ-અગ્રલેખમાંથી સમાજના જ્વલંત પ્રશ્નો પર પોતાનો મત પ્રગટ કર્યો. એ પ્રશ્નો જીવવાના હતા. એવા માણસોના જીવનના પ્રશ્નો આજે પણ ભયકારક છે. ઉદાહરણ તરીકે, સ્વરાજ્યની તુલના સુરાજ્યને નથી (મૂકનાયકઃ ૧૪-૦૨-૧૯૨૦).



આ સ્વરાજ્ય નથી, આ તો અમારા પર રાજ્ય (મૂકનાયકઃ ૨૮-૦૨-૧૯૨૦). સ્વરાજ્યમાં અમારી અવહેલના એ જ પ્રમાણે એની પદ્ધતિ (મૂકનાયકઃ ૨૭-૦૩-૧૯૨૦) અ.ભા. બહિષ્કૃત સમાજ પરિષદ (મૂકનાયકઃ ૫-૦૬-૧૯૨૦), કાકગર્જના (મૂકનાયકઃ ૨૭-૦૩-૧૯૨૦), સિંહગર્જના (મૂકનાયકઃ ૧૪-૦૮-૧૯૨૦), દાસ્યાવલોકન (મૂકનાયકઃ ૨૮-૦૮-૧૯૨૦), હિન્દી રાષ્ટ્રા ચી પ્રાણપ્રતિષ્ઠા (મૂકનાયકઃ ૨૩-૦૮-૧૯૨૦), વગેરે દિશાદર્શક અગ્રલેખોમાંથી સામાજિક-ધાર્મિક-રાજકીય-શૈક્ષણિક, વગેરે વૈચારિક પાર્શ્વભૂમિનું સ્તર નિર્માણ કરી ડૉ. બાબાસાહેબ આંબેડકરે સનાતન સમાજવ્યવસ્થાને ઝટકા આપ્યા છે. જાતિધર્મનાં વિષમતાવાદી ધોરણ પર પ્રહાર કર્યા. દ્વેષ-ઈર્ષ્યાથી ખરડાયેલી જુલમી માનસિકતા અને એમના કુત્સિત મન પ્રત્યે ડૉ. બાબાસાહેબ આંબેડકર પોતાની ભૂમિકા વિષાદ કરે છે.

'મૂકનાયક'ના પ્રથમ અંકમાં (૩૧-૦૧-૧૯૨૦) બાબાસાહેબે કહ્યું કે અમારો આ બહિષ્કાર લોકો પર થતા અને આગળ થનારા અન્યાય પર ઉપાયો સૂચિત કરવા માટે એમાં જ એમણે ભાવિ ઉન્નતિ અને એના માર્ગોની, એના ખરા સ્વરૂપની ચર્ચા કરવા માટે અખબાર જેવી અન્ય ભૂમિ નથી, પરંતુ મુંબઈમાંથી નીકળતાં અખબાર તરફ જોતાં એવું દેખાઈ આવશે કે એમનાં ઘણાં અખબારો વિશેષ જાતિના હિતસંબંધો જોનારાં છે. અન્ય જાતિના હિતની પરવા એમને નથી. એટલું જ નહીં, તો ક્યારેક ક્યારેક અહિતકારક વાતો પણ એમાંથી નીકળે છે. આવાં સમાચારપત્રોને અમારો એક જ ઈશારો છે કે કોઈ પણ એકાદ જાતિની અવગણના થાય તો એની અવગણનાનો સોળ અન્ય જાતિઓ પર થયા વિના રહેશે નહીં. સમાજ એ એક નૌકા જ છે. જે રીતે આગબોટમાં બેસીને પ્રવાસ કરનારા પ્રવાસીએ જાણીજોઈને અન્યોનું નુકસાન કરવું એટલે પોતાના વિનાશક સ્વભાવને કારણે જળસમાધિ લેવી જ પડે એવું છે. એ જ પ્રમાણે એક જાતિનું નુકસાન કરવાથી અપ્રત્યક્ષ નુકસાન કરનારી જાતિનું પણ નુકસાન થાય જ એમાં બિલકુલ શંકા નથી એથી સ્વહિત જોતાં પત્રોએ અન્યોનું નુકસાન કરી પોતાનું હિત કરવાનું મૂર્ખાઓનું લક્ષણ શીખવું નહીં.

## ટીકાનો જવાબ

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ભૂમિકા જનસામાન્યની હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરના 'મૂકનાયક'ની વાજબી ભૂમિકા કેટલાંક પત્રો ઊંચકી લેતાં હતાં. એમને ન્યાય મળવો જોઈએ એવું કહેતાં હતાં તો કેટલાંક અખબારો-નિયતકાલિકા ડૉ. બાબાસાહેબ આંબેડકરના લેખનનો વિરોધ કરતાં તો કેટલાંક ફાલતુ વાતો તરીકે ટીકા કરતાં. ઉદાહરણ તરીકે, ભા.બ. ભોપટકરે 'ભાલા'માં પ્રચંડ ટીકા કરી. પણ એમની ટીકાને ડૉ. આંબેડકરે પોતાની ખાસ શૈલીમાં જવાબ આપ્યા છે તેમ જ લોકમાન્ય ટિળકના 'કેસરી'એ પણ ટીકા કરી. અમને પાક્કું યાદ છે કે જ્યારે ૧૯૨૦માં અમે

'મૂકનાયક' શરૂ કર્યું ત્યારે 'કેસરી'ને અમારી જાહેરાત મફતમાં છાપવાની વિનંતી કરેલી, પણ એ સ્વીકારાઈ નહોતી. ત્યાર બાદ તમારો ભાવ આપીશું એવું કીધું તો જગ્યા ખાલી નથી એવો જવાબ આપવામાં આવ્યો. એટલું જ નહીં, તો અભિપ્રાય પણ આપ્યો નહીં અને ફરી મુલાકાત પણ કરી નહીં. (બહિષ્કૃત ભારત, ૨૦ મે, ૧૯૨૭) આ પ્રકારે ડૉ. બાબાસાહેબ આંબેડકર પર એ લખાણોમાંના વિચારો પર ટીકા કરતા હતા.

## વિવિધ રંગી ભાષાઓનો ઉપયોગ

ડૉ. બાબાસાહેબ આંબેડકરની અખબારી ભાષા અને પુસ્તક લેખનની ભાષા જુદી છે.


અખબારની મરાઠી ભાષા સંરક્ષક, દઢ, નિશ્ચયી, સંકલ્પિત, ધ્યેયવાદી, ભેદક, સૂચક પ્રહાર કરનારી અલંકૃત ભાષા હતી. એમાં વાક્પ્રચાર, કહેવતો, દૃષ્ટાંત, સુવિચાર એવી વિવિધ રંગી મરાઠી ભાષાનો પ્રયોગ કરનારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાક્ષિક-વૃત્તપત્રમાંની મરાઠી ભાષા પણ સમૃદ્ધ હતી એમાં શંકા નથી તેમ જ અંગ્રેજી ભાષા પર ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ઘણો પ્રેમ હતો એથી એમણે અંગ્રેજી સંવાદ-ભાષણો અને પુસ્તક લેખન અંગ્રેજીમાં કર્યાં છે. બાબાસાહેબ પુસ્તકલેખન કરતી વખતે અતિશય સૂક્ષ્મ પદ્ધતિથી કરતા. એમાંની જટિલ સત્યતા શોધી કાઢી સંદર્ભિત વિચારોની ઊંડાઈ કેવી રીતે માપી શકાય એ પુસ્તક લેખનમાં જોવા મળે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ભાષા સહજ, સરળ અને નિર્દોષ હતી. જનસામાન્યની હતી. દિલ ને દિમાગ પર છવાઈ જાય એવી હતી. દંભને ખુલ્લું પાડનારી હતી. ભાષા દિશાદર્શક હતી એથી જનસામાન્યોનું પરિવર્તન કરતા આવડ્યું. પુરાતન દાખલા, કથાઓનો વપરાશ કરતા. ખરું-ખોટું તપાસ કર્યા વગર લખતા નહીં. આવી આ મરાઠી-અંગ્રેજી ભાષાની વૈભવશાળી સંપન્નતાનો પુરાવો બાબાસાહેબે પોતાના લખાણમાં આપ્યો છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના 'મૂકનાયક' પાક્ષિકમાં પત્રવ્યવહાર, કરુણકથા, વેડી કોકરે, બહિષ્કૃત ચ્યા નાવા વર ચરનારે ગુંડ ઈત્યાદિ વિવિધ, વિચાર વાર્તા, વૃત્તોનો ખજાનો પ્રકાશિત થતો. ઘણું લખાણ વાસ્તવ, વર્તમાન ઘટનાઓ પર આધારિત હતું.

## રાજર્ષિની અર્થ સહાય

૩૧ જાન્યુઆરી, ૧૯૨૦ના 'મૂકનાયક' પાક્ષિક કાઢવા માટે રાજર્ષિ શાહુ મહારાજે રૂપિયા ૨૫૦૦ની સહાય કરેલી. થોડા સમય બાદ 'મૂકનાયક' આર્થિક સમસ્યાઓમાં ઘેરાયું. છત્રપતિ શાહુ મહારાજના દીવાન આર.વી. સબનીસને અખબારને આર્થિક મદદ કરવા વિશે ૨૪ જાન્યુઆરી, ૧૯૨૧ના રોજ કાગળ




લખ્યો. 'મૂકનાયક'ના સંપાદક શ્રી ઘોલપને ૭૦૦ રૂપિયાનો એક ચેક મોકલાયો અને કહેવાયું કે આ રકમ સખાવત ગણવી.

(છત્રપતિ શાહુ મહારાજ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર વચ્ચેના પત્રવ્યવહાર સંપાદક ડૉ. સંભાજી બીરાંજે પાના નં.- ૧૨૦-૧૨૧- ત્યાર બાદ (૨૧-૨-૧૯૨૧ના રોજ 'મૂકનાયક'ના સંપાદક ડી.ડી. ઘોલપને ફરી વાર કોલ્હાપુરના શાહુ છત્રપતિ તરફથી ચેકથી રૂપિયા ૧૦૦૦ મળ્યા) તો પણ 'મૂકનાયક' પાક્ષિકનું આર્થિક સંકટ દૂર થયું નહીં. અઘરો માર્ગ સુખદ નહીં બનવાનાં ચિહ્ન દેખાતાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના ખાસ મિત્ર નવલ ભથેનાએ 'મૂકનાયક'ને સહાય કરી. એ વખતે ડૉ. બાબાસાહેબ આંબેડકર અને દલિતેતર સહકારી નવલ ભથેના વચ્ચે પત્રવ્યવહાર થયો. આ પત્રવ્યવહારમાં ઉદ્યોગપતિ ગોદરેજનો ઉલ્લેખ મળે છે. 'મૂકનાયક' પોતાના શરૂઆતના અંકમાં 'ગોદરેજ કંપની'ની સેફની (તિજોરી-કબાટ) જાહેરાત છાપતા. ગોદરેજ જેવી નામાંકિત કંપનીની જાહેરાત 'મૂકનાયક' જેવા દલિત પાક્ષિકને મળવામાં નવલ ભથેનાનો મોટો ફાળો હતો (પરિવર્તનાચા વાટસરુ ડૉ. આંબેડકરાંચે સહકારી નવલ ભથેનાઃ પ્રબોધન પોળ પાના નં.૩૪ અંક ૧૬ એ ૩૦ અપ્રિલ, ૧૯૧૮માં). નવલ ભથેનાએ 'મૂકનાયક'ના આઠ અંકોમાં જાહેરાત મેળવી આપી.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના 'મૂકનાયક' પાક્ષિકને કારણે અસ્પૃશ્ય, બહિષ્કૃતોના જીવનમાં નવી ચમક આવી. 'મૂકનાયક' પાક્ષિકનું શતાબ્દી વર્ષ છે. આ શતાબ્દી વર્ષ નિમિત્તે વર્તમાન પત્રકારત્વ જોતાં મન ખિન્ન થઈ જાય છે. પત્રકારત્વને લોકશાહીનો ચોથો સ્તંભ કહેવાય છે, પરંતુ ચોથા સ્તંભનાં દર્શન થતાં જ નથી.

જે પદ્ધતિએ વૃત્તપત્રો, માસિકો, સામયિક, અસામયિકો વગેરે જે ભૂમિકા પાર પાડવી જોઈએ એ પદ્ધતિએ અખબારો કાર્ય કરતાં નથી. ક્યાંક સત્યની બાજુ નબળી થઈ છે અને કોઈક બંધનમાં અટકી અથવા દબાણ નીચે કાર્ય કરનારા પત્રકારત્વ પરાવલંબી થતું જાય છે. એથી સામાજિક સ્વાસ્થ્ય બગાડે છે, પરંતુ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પત્રકારત્વ બાબત આવું બન્યું નથી. સ્વયંસિદ્ધ, સજાગ અનુભવમાંથી, સહસમજમાંથી આવિષ્કાર પામેલા પત્રકારત્વ આક્રમક હતા, પણ એ સમ્યક અભીસરણની દિશાએ જ ગઈ હતું.

દર્પણકાર બાળશાસ્ત્રી જાંભેકરના નામે મહારાષ્ટ્ર શાસન પત્રકારત્વ પુરસ્કાર આપે છે. એ પ્રમાણે 'મૂકનાયક' ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામે શાસન તરફથી પત્રકારત્વ પુરસ્કાર આપવામાં આવે તો પત્રકારત્વને નવો વૈભવ પ્રાપ્ત થશે.

■■

# ડૉ. બાબાસાહેબ આંબેડકરનો મહાપરિનિર્વાણ દિન કેવી રીતે પાળવો...

**ભારતરત્ન** ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૬૨મા મહાપરિનિર્વાણ દિન નિમિત્તે તારીખ: ૦૫ અને ૦૬ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ પધારનારા અનુયાયીઓને વિનંતી કે એમણે નીચે જણાવ્યા પ્રમાણે સૂચનાનું ચુસ્ત રીતે કૃપા કરીને પાલન કરવું.

● મહાપરિનિર્વાણ દિન દુઃખદ દિન હોવાથી આ દિવસ બધાએ ગંભીરતાથી પાળવો.


● ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલા વિચારોનું ચિંતન તેમ જ આત્મપરીક્ષણ કરવું.

● ડૉ. બાબાસાહેબ આંબેડકરનું અભિવાદન કરતી વખતે સફેદ શુભ્ર કપડાં પરિધાન કરીને સદાચારી જીવન જીવવાનો સંકલ્પ કરવો અને એ માટે ૨૨ પ્રતિજ્ઞાનું સ્મરણ કરવું.

● ચૈત્યભૂમિ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરને અભિવાદન માટે આવતી વખતે મહાનગરપાલિકાએ જણાવ્યા મુજબ આગમન-નિર્ગમન માર્ગનો ઉપયોગ કરીને કૃપા કતારમાં શિસ્તથી અભિવાદન કરવું તેમ જ હાથ પરના, ગળામાં, કાંડાના કાળા દોરા-ધાગા કાઢવા.

● બધાએ સહકાર્ય કરીને બહારગામથી અથવા દૂરથી આવેલા અનુયાયીઓને અભિવાદનની લાઈનમાં પ્રાથમિકતા આપવી.

● સ્વયંસેવકો, કાર્યકર્તા તેમ જ મહાપાલિકા અને પોલીસદળની સૂચનાનું અનુયાયીઓએ પાલન કરવું.



● ડૉ. બાબાસાહેબ આંબેડકરને અભિવાદન માટે આવેલા અનુયાયીની ભીડમાં બાળકો, વૃદ્ધો, મહિલા ખોવાઈ જવાની ખાસ શક્યતા હોય છે, એને ધ્યાનમાં રાખીને સંપર્ક માટે બાળક, વૃદ્ધ, મહિલા એમની પાસે સંપૂર્ણ સરનામું અને દૂરધ્વનિ ક્રમાંક આપવો.

● અનુયાયીઓએ ભગવાન બુદ્ધના શાંતિના માર્ગ પ્રમાણે સામૂહિક વંદના કરવાની પ્રથા શરૂ કરવી. કોઈ પણ પ્રકારની ધક્કામુક્કી કરવી નહીં, કારણ કે નાનીસરખી ધક્કામુક્કીનું રૂપાંતર નાસભાગમાં થાય છે.

● ડૉ. બાબાસાહેબ આંબેડકરને અભિવાદન માટે આવેલી મહિલાઓએ વાળમાં ગજરા નાખવા નહીં તેમ જ શિવાજી પાર્ક (મેદાનમાં) પરિસરમાં મનોરંજન સાધનોની ખરીદી કરવી નહીં.

● આ દિવસે બુદ્ધ-આંબેડકરના સંબંધિત સાહિત્ય, પુસ્તકો, સીડી, ધર્મધ્વજ, બિલ્લા તેમ જ વિજ્ઞાનવાદી વિચારો પર આધારિત ધર્મ કૅલેન્ડર વેચતાં લેવાં.

● આ દિવસે પિપૂડી-કોઈ પણ પ્રકારના વાદ્યવૃંદ વગાડવાનાં નહીં. ઘોષણા આપવી નહીં તેમ જ શિવાજી પાર્ક (મેદાનમાં) પરિસરમાં અનધિકૃત ફેરિયા પાસેથી જૂનાં કપડાં ખરીદવાં નહીં.

● અજાણી વસ્તુને હાથ લગાડવો નહીં અને એ અંગેની જાણ તાત્કાલિક પોલીસને કરવી.

● અંધશ્રદ્ધા તેમ જ અફવા ફેલાવનારાથી સાવધ રહેવું.

● આ દિવસે ધૂમ્રપાન કરવું નહીં. રાહદારીઓને માર્ગમાં ટોળાવળીને ઊભું રહેવું નહીં. નાગરિકોને અડચણરૂપ થવું નહીં.

● સ્ટૉલમાં કોઈ પણ પ્રકારના ખાદ્ય પદાર્થ પકવવા નહીં. જ્વલનશીલ વસ્તુ-પદાર્થનો વપરાશ પૂરી રીતે ટાળવો. અગ્નિશમન યંત્રણા માટે ૧૦૧ ક્રમાંક પર સંપર્ક સાધવો.

● રાતના સમયે ચૂલા, તાપણાં સળગાવવાં નહીં, જેથી આજુબાજુના પરિસરમાં તણખા ઊડે નહીં, એની કાળજી લેવી.

● હિંસક કૃત્ય-દુર્ઘટના ટાળવા માટે દરેક અનુયાયીઓએ તકેદારી રાખવી. શંકાસ્પદ વ્યક્તિ, વસ્તુ મળી આવે તો એના પર ધ્યાન રાખીને તત્કાળ પોલીસનો ૧૦૦ નંબર પર સંપર્ક સાધવો.

● કોઈ પણ પ્રકારની મદદ માટે પોલીસ નિયંત્રણ કક્ષ તેમ જ મહાપરિનિર્વાણ દિન સમન્વય સમિતિના સ્વયંસેવક સાથે સંપર્ક સાધવો.

● ચૈત્યભૂમિ, શિવાજી પાર્ક અને અનુયાયીઓને ફરવા માટેનો આરક્ષિત સર્વ પરિસર સ્વચ્છ રાખવો, કચરો આમ-તેમ ફેંકવો નહીં.

નાગસેન કાંબળે, મંત્રી,
(ડૉ. બાબાસાહેબ આંબેડકર મહાપરિનિર્વાણ સમન્વય સમિતિ, મુંબઈ)

**ગુરુ નાનકનો ઉલ્લેખ શીખ બાંધવ એકદમ આદરથી શ્રી ગુરુ નાનક દેવજી એમ લે છે. ગુરુ નાનકજીને સમજવાનો પ્રયાસ વિદ્વાન અને ઈતિહાસકારો સતત કરતા આવ્યા છે. ગુરુ નાનકનો માર્ગ સીધો પરમેશ્વરના મિલનનો માર્ગ છે. આધ્યાત્મિક નાંદેડના સંદર્ભમાં કહીએ તો પરમેશ્વર જ કેન્દ્રબિંદુ છે.**

**પરમજોત સિંહ ચાહેલ**

# સતનામ



**પરમેશ્વરનું** અસ્તિત્વ આપણા માટે અતિશય આવશ્યક છે. મજબૂત રાષ્ટ્ર માટે પરમેશ્વર અને એના પર વિશ્વાસ રાખનારા લોકોનું હોવું જરૂરી છે. પરમેશ્વર અનેક હોય તો એને પ્રાપ્ત કરવાના માર્ગ પણ અનેક હોય. પરમેશ્વર એક હોય તો પણ એને પ્રાપ્ત કરવાનો માર્ગ અનેક હોઈ શકે છે. પરમેશ્વરને જાણવાના માર્ગ પણ અનેક છે. મહાપુરુષોએ ભિન્ન ભિન્ન માર્ગ આપણને બતાવ્યા છે. સાધનાના માર્ગથી આત્માની પ્રાપ્તિ કરો અને ઉપાસનાના માર્ગથી પરમેશ્વરને પ્રાપ્ત કરો આત્માને નહીં એમ એમણે કહ્યું છે. આત્મા અને પરમાત્માના સંબંધના શોધવાના અનેક માર્ગ સંસારમાં પ્રચલિત છે. ગુરુ નાનકજીએ મનુષ્યની અંદર પરમેશ્વરની ખોજ કરી. આ સૃષ્ટિમાં જ પરમેશ્વર છે એમ કહ્યું.

## સત્ય અને સત

સતનામનો સંદેશ આપ્યો. સતનામ એ પરમેશ્વરનું નામ છે. આ સંસાર સત્ય છે અને સત પણ છે. શબ્દકોશમાં સત અને સત્યનો અર્થ એક જ આપ્યો છે. બન્નેમાં કોઈ ફરક નથી, પરંતુ સત્ય અને સત શબ્દનું વિશ્લેષણ કરવામાં આવે તો એમાં પાતળું અંતર હોવાનું જણાય છે. પાણી અને જળ એક જ શબ્દના અર્થ છે. બન્નેમાં કોઈ ભેદ નથી, પણ વિજ્ઞાની જ્યારે એનું વિશ્લેષણ કરે તો પાતળા ભેદની ખબર પડે છે. વિજ્ઞાનીઓ ઊંડાણમાં જાય છે, અનેક પ્રયોગ કરે છે અને એ પછી જણાય છે કે પાણી એક નથી, બે ઘટકનું બનેલું છે. હાઈડ્રોજન અને ઑક્સિજન એમ વાયુનું મિશ્રણ છે. આ વાયુના મિશ્રણથી પાણી બને છે. એવી જ રીતે સત્ય અને સતનું વિશ્લેષણ કરી શકાય છે. સત્ય અને સત એક છે. બન્નેનો અર્થ એક છે, પરંતુ ઊંડાણમાં જશો તો એમાં ફરક જણાશે.

અરીસાની સામે ઊભા રહો તો તમારું પ્રતિબિંબ અરીસામાં દેખાશે. પ્રતિબિંબ અને તમે જુદા જુદા છો. પ્રતિબિંબ ખરું છે, પણ એની અનુભૂતિ નથી થઈ શક્તી. તમે સત્ય છો અને તમારી અનુભૂતિ પણ શક્ય છે.

ગણિતના આંકડા સત્ય છે, પણ એની અનુભૂતિ થઈ શકતી નથી. એને આપણે સ્પર્શ નથી કરી શકતા. તમે સત છો. તમારો અનુભવ કરી શકાય છે. એ આંકડા અને આપણે અલગ અલગ છે.

સૂતી વખતે આપણે સપનાં જોઈએ છીએ. એને સ્પર્શ નથી કરી શકતા. અનુભવ કરી શકીએ છીએ. જાગો એટલે સપનું પૂરું એટલે સપનું સત્ય છે એની અનુભૂતિ નથી થઈ શકતી. તમે સત છો. તમારો અનુભવ કરી શકાય છે.

કોઈ ચિત્રકાર ચિત્ર બનાવે છે. ચિત્ર અલગ અને ચિત્રકાર અલગ છે. ચિત્ર બનાવીને ચિત્રકાર અલગ થાય છે તો પણ ચિત્ર રહી જાય છે. ભૂંસી શકાતું નથી. ચિત્રનો અનુભવ કરી શકાય છે અને ચિત્રકારનો પણ અનુભવ કરી શકાય છે.

મૂર્તિકાર મૂર્તિ બનાવે છે. એ મૂર્તિ અલગ અને મૂર્તિકાર અલગ છે. મૂર્તિ બનાવીને મૂર્તિકાર મૂર્તિથી અલગ થાય ત્યારે પણ મૂર્તિ રહી જાય છે. નષ્ટ થતી નથી. મૂર્તિનો અનુભવ થાય છે અને મૂર્તિકારનો પણ અનુભવ કરી શકાય છે.

જો કે નૃત્યકારની સાથે એમ થતું નથી. નૃત્ય પૂરું થતાંની સાથે જ નૃત્ય નષ્ટ થાય છે. ભૂતકાળ બની જાય છે. નૃત્યકાર નૃત્ય કરે ત્યાં સુધી નૃત્ય અને નર્તક બન્ને દેખાય છે. નૃત્ય બંધ થાય કે નર્તક રહી જાય છે અને નૃત્ય નથી દેખાતું. હકીકતમાં નૃત્ય અને નર્તક બન્ને એક જ છે! ચિત્રકાર અને ચિત્ર જુદાં જુદાં છે. મૂર્તિકાર અને મૂર્તિ જુદાં જુદાં છે ગણિતના આંકડા અને મનુષ્ય જુદા જુદા છે.

પરમેશ્વર નર્તક અને સૃષ્ટિ નૃત્ય છે. બન્ને એક જ છે. રચના અને રચનાકાર બન્ને એક જ છે. નિર્માણ અને નિર્માતા એ બન્ને પણ એક છે. નિર્માણ અને નિર્માતા બન્ને એક જ છે.ગુરુ નાનકજી કહે છે કે જો એ બન્ને એક જ હોય તો એની શોધમાં સંસારને ત્યાગવાની જરૂર નથી. રાજત્યાગની પણ જરૂર નથી. પત્ની, બાળકોનો ત્યાગ કરવાની આવશ્યકતા નથી. બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવાની પણ જરૂર નથી. નિયમ, ઉપવાસ, રોજાની પણ આવશ્યકતા નથી.

નદીમાં એક પગ પર ઊભા રહીને તપસ્યાની જરૂર નથી. જંગલમાં જઈને નિવાસ કરવાની આવશ્યકતા નથી. અન્ન ત્યાગ કરીને શરીરને કષ્ટ

આપવાની પણ આવશ્યકતા નથી.

## પરમાત્મા અને માનવ

ગુરુજીએ પરમાત્મા અને મનુષ્ય વચ્ચે સંબંધ પ્રસ્થાપિત કરવા પર ભાર મૂક્યો છે. એમણે દેવ અને મનુષ્ય વચ્ચેના સંબંધ એકદમ સીધા અને સહજ કરી આપ્યા છે. પરમાત્મા અને મનુષ્ય એક જ છે અને એ બન્ને એક હોવાથી સંસારમાં રહીને પણ મનુષ્ય એનાથી નાતો બાંધી શકે છે એમ એ કહે છે. જેનું અસ્તિત્વ છે એ સત છે. આ સૃષ્ટિ સત છે. સતનો અનુભવ કરી શકાય છે. એનાથી ઊલટું સત્ય દેખાય છે, પણ એનો અનુભવ નથી કરી શકાતો.

ગુરુ નાનકજીએ વિશ્વભ્રમણ કર્યું અને નદીનાં પાણીમાં ત્રણ રાત બેસીને એમણે 'એને'ને પ્રાપ્ત કર્યા, જ્યારે એ પાણીમાંથી બહાર આવ્યા ત્યારે એ સંસારને એની નજરે જોવા લાગ્યા. ત્યારે પરમેશ્વરની આજ્ઞાથી ગુરુજીએ મંત્રોચ્ચાર કર્યા ત્યારે એમણે શરૂઆત ગણિતના '૧'થી કરી અને જે પ્રથમ શબ્દ ઉચ્ચાર્યો એ હતો 'સતનામ'.

એક તરફ લોકો સાધનાના માર્ગે ચાલી રહ્યા છે, જંગલમાં જઈને સાધના કરી રહ્યા છે. પરિવારનો ત્યાગ કરી રહ્યા છે. રાજપાટનો ત્યાગ કરી રહ્યા છે. સંસારથી અને પ્રપંચથી દૂર જઈને સાધનાના દ્વારા આત્માની ખોજ કરી રહ્યા છે. શરીરને કષ્ટ આપી રહ્યા છે. અન્ન ત્યાગ કરીને, ઉપવાસ કરીને સાધનામાં લીન થાય છે. સંસાર એક મોહ છે, માયા છે એવી ધારણાથી એનાથી મુક્તિનો માર્ગ શોધે છે તો બીજી તરફ લોકો નદીનાં પાણીમાં એક પગ પર ઊભા રહીને તપસ્યા કરી રહ્યા છે. શરીર પર વિભૂતિ ચોળીને માળા જપે છે. વસ્ત્ર ત્યાગ કરીને પરમેશ્વરની ખોજ કરે છે, પૂજા-અર્ચના કરી રહ્યા છે. સાધના અને ઉપાસના આત્મા અને પરમેશ્વરની પ્રાપ્તિના માર્ગ બની ગયા છે.

## સમાધાન અને શાંતિ

ગોરખનાથનો ભંડારો હોય કે ગુરુ નાનકજીનું લંગર... બન્ને અહંકારથી મુક્તિનો માર્ગ બતાવે છે. લંગરમાં તમને હાથ ઉપર કરીને માગો છો, કારણ એ પ્રસાદ છે ઘરમાં પકવાન બને તો એ ભોજન થઈ જાય છે, પણ એ જ પકવાનને પૂજામાં મૂકો તો એ પ્રસાદ બની જાય છે. પકવાન તો એક જ છે.

બુદ્ધના શિષ્ય કટોરો લઈને ભિક્ષા માગવા ગયા. દ્વાર પર ઊભા રહ્યા, માગવું નહી એવી બુદ્ધની આજ્ઞા હતી. માગશો તો લોકો ભિખારી કહેશે. જે મળે એના પર જ નિર્ભર રહેવાનું છે. જે મળે એમાંથી જ પેટ ભરવાનું છે. જો કે શિષ્ય બુદ્ધની વાત તો ક્યારના ભૂલી ગયા હતા. જ્યારે કોઈ ભિક્ષા ન આપે તો શિષ્ય એની સામે ડોળા કાઢતા. ક્યારેક શ્રાપ પણ આપતા. મંદિરમાં પણ સેવક પ્રસાદ આપે, કપાળ પર વિભૂતિ લગાડે. એના બદલામાં કોઈ કાંઈ ન આપે તો એને કંઈ સારું-ખરાબ કહેવામાં કોઈ સંકોચ રાખતા નથી. ગુરુજીના લંગરમાં મોટાં માટાં ઘણાં દાન કરે છે અને એવી અપેક્ષા રાખે છે કે એનું નામ સુવર્ણ અક્ષરોથી લખવામાં આવે. એમના નામનું ગૌરવ થાય. એમની તસવીરો કિતાબોમાં પ્રકાશિત કરવામાં આવે. ગુરુજીની વાણીની અસર શિથિલ થઈ રહી છે. ભંડારો હોય કે લંગર અહંકારને ખતમ કરવાનો છે. સમાધાન અને શાંતિ હોવી જોઈએ, જ્યારે તમારો અહંકાર સમાપ્ત થશે ત્યારે તમે એની નિકટ અનુભવશો. ગુરુજી કહે છે કે સેવા કરો. દાસ બનો. ગુલામ બનો. સેવક બનો. ગુરુનાં ચરણોમાં જાઓ, એમની આજ્ઞા માનો, મનમાં કોઈ શંકા ન કરો, બધું એની ઈચ્છા, આજ્ઞા પર નિર્ભર છે. તમે કંઈ જ નથી, તમે મટી જાઓ. તમારા અને પરમેશ્વરની વચ્ચે આડે આવતો તમારો અહંકાર મિટાવી દો. ગુરુના સહારે અહંકાર ઓછો કરી શકાય છે. અહંકારને લીધે તમને એમ લાગે છે કે તમે જ સર્વસ્વ છો, પરમેશ્વર કંઈ નહીં. અહંકાર જ્યારે સમાપ્ત થશે ત્યારે તમને સમજાશે કે પરમેશ્વર જ બધું છે, તમે કંઈ જ નથી.

સતનામ એ પરમેશ્વરનું નામ છે. ગુરુજીએ પરમેશ્વરનું નામ બતાવ્યું અને એમની પાસે પહોંચવાનો માર્ગ પણ.

(નિવૃત્ત ન્યાયાધીશ, સદસ્ય-ગુરુદ્વારા બોર્ડ)

**અનુવાદ જયશ્રી દેસાઈ**

## સેવા

**મહાત્મા** બુદ્ધ પ્રમાણે સાધના કરતાં કરતાં આ સંસાર આપોઆપ જ પાછળ પડે છે. બુદ્ધને સમજાયું કે માણસનો અહંકાર માર્ગનો મોટો પથ્થર છેથ. એ નષ્ટ થાય તો જ પરમેશ્વરની નજીક પહોંચી શકાય છે. એટલે એમણે કહ્યું કે હાથમાં કટોરો લઈને ભિક્ષા માગવા ચાલ્યા જાવ. ભિક્ષા માગશો તો અહંકાર સમાપ્ત થશે. ભિક્ષા માગશો તો અહંકાર ઘટશે. તમારી અંદરના હુંનો નાશ કરવાની જરૂર છે. એ હું જ માર્ગમાં આડો આવે છે. જે દિવસે હુંનો નાશ થશે એ દિવસે તમે પરમેશ્વરને પ્રાપ્ત કર્યા હશે. આ ઉદાહરણ જુઓ. સિક્કાની એક બાજુએ તમારી તસવીર છે અને બીજી બાજુ પરમાત્માની તસવીર છે. સિક્કો એક જ છે, પણ આ સિક્કો જ તમારા અને પરમેશ્વરના માર્ગમાં આડખીલી છે. કારણ સિક્કો એક સંપત્તિ છે. અહંકાર છે. એ નષ્ટ થશે તો જ તમે અને પરમેશ્વર એક થશો. અહંકારને સમાપ્ત કર્યા સિવાય તમે અને એ એક થઈ શકશો નહીં.

અહંકાર નષ્ટ કરવાની અપીલ ગુરુજી વારંવાર કરતા. બુદ્ધનો માર્ગ અને ગુરુજીનો માર્ગ એક જ છે. બન્ને અહંકારને નષ્ટ કરવાની વાત કરે છે. ગુરુજી એકદમ સરળ માર્ગથી અહંકારને નષ્ટ કરવાનું માર્ગદર્શન આપે છે. કટોરો લઈને ભિક્ષા માગવા કરતાં તમે જાતે જ અન્નનું દાન કરો, લોકોને ભોજન કરાવો, લંગર ભરો, ભંડારા કરો, પ્રાણીમાત્રની સેવા કરો, ગુરુ સેવા કરો, આ સંસારમાં રહીને આ બધું કરો. સમાજમાં રહો, લંગરની સેવામાં જાતિનો ભેદ કરનારા અહંકારને દૂર કરો. ઊંચ-નીચનો ભેદભાવ દૂર કરો. ભાષાનો ભેદ દૂર કરો. કોઈ અસ્પૃશ્ય નથી, કોઈ નાનું નથી. કોઈ અમીર નથી. કોઈ ગરીબ નથી. બધા એકસરખા છે. કોઈ સમ્રાટ નહીં. કોઈ રાજા નહીં. કોઈ ધનવાન નહીં. આ અહંકાર જેમ જેમ ઘટશે એમ એમ તમે એના નજદીક જવા લાગશો.





ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મભૂમિ મહૂ ખાતે ભવ્ય સ્મારક ઊભું કરવાં આવ્યું છે.



ડૉ. બાબાસાહેબ આંબેડકરનું દિલ્હીમાં ૨૬, અલિપુર રોડ ઉપર નિવાસસ્થાને ઐતિહાસિક સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# દેશનું સર્વાધિક વેચાતું માસિક

सत्यमेव जयते
महाराष्ट्र शासन




# લોકરાજ્ય

અધિકૃત અને અચૂક માહિતી

'એબીસી'ની અધિકૃત મોહર

લોકરાજ્ય (મરાઠી)

**૫,૧૭,૦૬૮**

વનિતા (મલ્યાલમ)
૩,૭૩,૬૨૪

મલ્યાલમ મનોરમા (મલ્યાલમ)
૨,૬૧,૧૬૬

અન્નદાતા (તેલુગુ)
૩,૧૮,૬૨૯

ગૃહલક્ષ્મી (હિંદી)
૩,૦૦,૯૧૬

**માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય, મહારાષ્ટ્ર સરકાર**

Visit: www.mahanews.gov.in | Follow Us: /MahaDGIPR | Like Us: /MahaDGIPR | Subscribe Us: /MaharashtraDGIPR



RNI No. 31910/77
O.I.G.S. ભારત સરકારની સેવામાં

**લોકરાજ્ય**

If undelivered, please return to:



**અનિલ આલૂરકર**
ઉપસંચાલક (પ્રકાશન)
માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય મહારાષ્ટ્ર સરકાર,
ઠાકરસી હાઉસ, બીજે માળે, મુંબઈ પોર્ટ ટ્રસ્ટ હાઉસ,
શુરજી વલ્લભભાઈ માર્ગ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ-૪૦૦૦૦૧


પ્રતિ / To,


Lokrajya monthly magazine is printed and published on behalf of Government of Maharashtra by Anil Aloorkar, Deputy Director (Publication) Director, Directorate General of Information and Public Releations, Mantralaya, Mumbai. Printed at Vrushaali printers, Jyoti Industrial Estate, Nooribaug Dragah Road, Near Makhmali Talav, Thane (West). Published at Directorate General of Information and Public Relations, Mantralaya, Mumbai 400 032. Editor-In-Chief : **BRIJESH SHINGH**

લોકરાજ્ય માસિક પત્રિકા માહિતી અને જનસંપર્ક મહાનિર્દેશનાલય, મહારાષ્ટ્ર સરકાર, મંત્રાલય, મુંબઈ વતીથી મુદ્રક અને પ્રકાશ શ્રી. અનિલ આલૂરકર, ઉપસંચાલક (પ્રકાશન)એ વૃષાલી પ્રિન્ટર્સ, જ્યોતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નુરીબાગ દરગાહ રોડ, થાણે (પ) ૪૦૦ ૬૦૧થી છાપીને માહિતી અને જનસંપર્ક મહાનિર્દેશનાલય, મહારાષ્ટ્ર સરકાર, મંત્રાલય, મુંબઈ ૪૦૦ ૦૩૨થી પ્રકાશિત કર્યું. – મુખ્ય સંપાદક: **બ્રિજેશ બહાદુર સિંહ**